મોતીની માળા અંક-૩ જો.

प्रेमशतसही.



યોજક;

મોતીલાલ છોટાલાલ વ્યાસ.

ઉમરેઠવાળા.

प्रे[illegible]त सही.

(કવિતામાં.)

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર,

મોતીલાલ છોટાલાલ વ્યાસ.

ઉમરેઠ નિવાસી.

અમદાવાદ.

વિજય પ્રવર્ત્તક પ્રિન્ટીંગ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૫૫. સને ૧૮૯૯.

મુલ્ય રૂ. ૦—૧૦—૦ દશઆના.

અર્પણ પત્રિકા.

સ્નેહનિધી શેઠશ્રી લાલભાઇ નીકમલાલ વાડીલાલ

અમદાવાદ.

અનુષ્ટુપ.

જ્ઞાન મુર્તિ દયા મુર્તિ પ્રેમ મુર્તિ નિહાળિને,
સમરપુ ભક્તિ ભાવેથી પ્રેમની જ્ઞાન પોથિને. ૧

છંદ હરિગીત.

પ્રિય મિત્ર પૂર્ણ પવિત્ર ચિત્ર ચરિત્ર સુંદર આપનું,
હિતકારી આપ હમેશ એશ-સુવેશ શોભે છે ઘણું;
છો સત્ય વક્તા શ્રેષ્ટ સ્વચ્છાચરણ પૂર્ણ પ્રવિણ છો,
કુળના દિપક દાનેશ દુષણ લેશ દિસે નહીંજ કો. ૧

ધરી જન્મ ઉત્તમ કૂળમાં વિદ્યા વિશેષે મેળવી,
સુધર્મને સદ્ગુણ ગુણથી બાંધી બહુધા કેળવી;
શશિ શુકલપક્ષ સમાન માન વિશેષ ઉન્નત મેળવ્યું,
પ્રતિદીન પ્રૌઢપ્રતાપવધતો પેખિ અરિનું મન છળ્યું. ૨

સોડષ્ કળા સંપૂર્ણ ખીલી જેમ શરદની પૂર્ણિમા,
ખાંતે વરી મન મોહ પામી નિર્ખીને નેહે રમા;
છે દિવ્ય કાન્તી દિનેશસમ, શાન્તિ શશિસમશોભતિ,
નિર્ખી પ્રતિમા પ્રેમની વૃત્તી સુમિત્રની લોભતી. ૩

અવલોકિ દિનને અંતરે ઉર્મિ દયાનો ઉછળે,

દિલ દુખ યુક્તિ-પ્રયુક્તિથી સામાનું સે'જે સૌકળે;
ટાળો શ્રીતાપ અમાપ આપ અથાક યત્નો આદરી,
ઉત્કૃષ્ટ વૃત્તી ઉદાર સ્પષ્ટ જણાય આપ -હ્રદે ખરી. ૪

દ્રઢતા દિલે વર્શિ છે સુધર્મે ઉંચ કર્મિ અપાર છો,
સુ શાન્ત આપ સ્વભાવને વળી ભાવ ઉત્તમ આપનો;
ધિમંત ધીરજવંત છો ગુણવંત આ ગુજરાતમાં,
વિખ્યાત છો વિશા શ્રીમાળી વણિક કેરી જ્ઞાતિમાં. ૫

સદ્‌ગૃહસ્થ શેઠ કુટુંબ પૂર્વા પર થકી પંકાય છે,
યશ-કિર્તી અવનિ માંહ્ય સૌજન આપઘરની ગાયછે;
આ'જન તણા મહાજન ગણાતા શ્રેષ્ટ જે આ દેશમાં,
ગણના ગણાતી તેહમાં અતી માન દેશ વિદેશમાં. ૬

સરકારમાં શ્રીકારને અતી કાર છે વેપારિમાં,
પુજાતું પૂર્ણ કુટુંબ આપનું પૂર્વથી અધિકારીમાં;
પિતા તણી પ્રખ્યાતિ વિશ્વ વિશે વિશેષ થઇ હતી,
પણ હાય! સ્વર્ગ સિધાવિ ભાવિતણી બની પ્રતિકૂળગતી.૭

પિતા ગયા માતા ગયાં ભ્રાતા ગયો ગત વર્ષમાં,
કારી જખમ કરી હાય જો ભંગાણ પાડયું હર્ષમાં;
પ્રિયા તણું દુખ લેશ જ્યાં વિસર્યુ હતું નહીં દીલથી,
બનીયા બનાવો દુખદતે દુખકર થયાદિલમાં અતી. ૮

ઇચ્છા પ્રભુની પ્રબળ માની સુ-જ્ઞાનિં ધૈર્ય ધરી તમે,
હરિ ભક્તિમાં હરનિશ મનડું આપનું રતિંથી રમે;
વયબાળ પણ વિશાળ અનુભવ જ્ઞાન બળથી મેળવ્યો,
ઉપાડિ લીધો ભારતે સુખકાર સર્વે ને થયો. ૯

વિચાર ઉત્તમ આપના વિકાર વિણ શોભે સદા,

આચાર ન્યાળી અનૂપ ભુપ વખાણુ કરતા સર્વદા;
હમેશ હાસ્ય વિનોદમાં મન મોદ આપનું મ્હાલતુ,
ઉદાસી હોય અપાર પણ નિરધાર નરની ટાળતું. ૧૦

વિભુતી વિશેષ છતાં રતિભર ગર્વ ઘડી ગોઠે નહીં,
ગમતી સદા સાંદાઇ ન્યાયી રીતમાં નિપુણ સહી;
અનુકરણ કરવા યોગ્યછે આચરણ સર્વે આપનાં,
જનને પ્રિતીકર થાય પળમાં આપની શુભ વાંચ્છના.૧૧

ધરી હોંસ હિંમતથી અતી દિપાવી રૂડી દક્ષતા,
ઉગતા છતાં ભાનુપરે સદ્ગુણ સૌ કિધા છતા;
પુરણ પ્રકાશી સ્થાન સૌ કિર્તી યશસ્વિ આપની,
અભિરાઇ અંગ વસેલિછે નિર્માની આપ સુવાસની.૧૨

શુભ શે'ર અમદાવાદનું નરનૂર આપ ગણાઓછો,
ગુણના ગિરી પ્રકૃતિધિરી દિવ સાહ્ય સત્વર થાઓછો;
જન કષ્ટ હરવા હરઘડી ઉત્સુક અંતરમાં રહો.
શુભ સ્નેહીનું કરવા નિરંતર આપ અંતરમાં ચહો. ૧૩

સજજનતણું સન્માન સ્નેહે સર્વદા કરતા તમે,
વિદ્યાવિલાસી આપની શુભચિંત સર્વેને ગમે;
કવિતાતણા શોખીન રસની ખીણ આપ -હૃદેવસી,
ખેંચો ખચિતજનોનુ મન શુભસ્નેહની બાંધીરસી. ૧૪

મીઠી—મનોહર વાણિથી મન મોહ પામે માનવી,
મુખ ચંદ્રથી ઝર્તુ સુધાનું ઝર્ણુ જાણે જાન્હવી;
પીતાં ન તૃપ્તિ થાય મનમાં ન્હાય આપ પ્રસંગ સૌ,
નિર્મળ નિહાળી આપને ઉપજે રતી અંતર બહુ. ૧૫

અતિશે ચમત્કૃતી વાણિમાં રસયુક્ત શબ્દો આપના,

વદિને વિજય દર્શાવતા કરતા સ્વમતની સ્થાપના;
પરમાર્થમાંધરી પ્રિત સરખી રીત સૌસ્થળ રાખતા,
સર્વેગુણે સંપન્ન પણ અભિમાન અંતર નહી જરા. ૧૬

પ્રિતીતણા પોષક અનૂપમ અન્ય આપ સમા નથી,
મમતાળુ મારા મિત્ર સુજ્ઞ-સુ સ્નેહી ઉત્તમ સર્વથી;
નિહાળી પ્રતિમા પ્રેમની જગમાં સ્થળે સ્થળ વિચરી,
જોઇ ન જોડી એક પ્રેમ વિવેકમાં નિશ્ચળ નરી. ૧૭

જોયા ખરેખર એક શેઠશ્રી લાલભાઇ લાયક ઘણા,
ગુણવાન ને વિદ્વાન જ્ઞાન વિશે નથી લગિરે મણા;
ધન્ય ધન્ય સુજ્ઞ સુપુત્ર આપશ્રી શેઠ ત્રીકમલાલના,
અડળક કૃપાથકી મુજપરે સાહ્યક અને સુખકર થતા.૧૮

ઉપકાર આપ અપાર અવિચળ જે કર્યા કરતા તમે,
અતિભાર તેહ ઉતારવા નથિ લેશ શક્તિ અવસમે;
હુંહું કૃતજ્ઞ છતાં કૃતારથ થાઉં કેવી રીતથી,
સ્નેહી સમર્પું શાન્તી મળવા પ્રેમપોથી પ્રિતથી. ૧૯

નહિ પુંષ્પ આપનિ યોગ્ય પણ આ જાણિ પુષ્પની પાંખડી,
કરશો સ્વિકાર સહર્ષતો માનીશ મણી પારસ જડી;
ફળશે મનોર્થો મનતણા સરશે સુકાર્યો સર્વદા,
રાખે ચિરંજીવી શ્રીહરી સપ્રેમ મોતિની પ્રાર્થના. ૨૦

રાજકોટ—કાઠિયાવાડ.
ભીમ અગીયારશ.
સંવત ૧૯૫૫.

હુંછું આપનો પ્રણયપાત્ર.
મોતિલાલ છોટાલાલ વ્યાસ.

પ્રસ્તાવના.

વ્રજ ભાષાની કવિતામાં વૃંદ કવિએ "વૃંદશતસહી" નો ગ્રંથ લખેલો છે, બીહારી કવિએ "બિહારી શતસહી" નો ગ્રંથ રચ્યો છે. આ બને કવિઓ સ્વભાષા-જન્મ ભાષામાં નિપૂણ હોય એમાં આશ્ચર્ય નથી. પણ આપણા ગુર્જર કવિ દયારામભાઇ એક ગુજરાતી છતાં તેમણે વ્રજ ભાષામાં સતસૈયા લખેલા છે, જે તેમના તે ભાષા સબંધી ઉમદા જ્ઞાનને માટે આપણે ખરેખર મગરૂરથવાનું છે.

સાંપ્રત સમયમાં ગુર્જર કવિ રત્ન દલપતરામભાઇએ "દલપત શતસહી" નો ગ્રંથ ગુજરાતી વાચકોને વારસામાં આપ્યો છે; આ પ્રમાણે પ્રથક પ્રથક કવિઓએ "શતસહી" એ નામે ગ્રંથો રચ્યા છે ગ્રંથમાં શ્લોકની સંખ્યાનું પ્રમાણ સાતસોનું રાખ્યાથી શતસહી, યાતો સતસૈયા એ નામ ધારણ કર્યાનું સમજાય છે અને કવિયો તે શબ્દની સાથે પોતાનું નામ સંયુક્ત કરી ગ્રંથને તે વડે ઓળખાવે છે.

ઉપર બતાવેલા ચારે કવિઓએ પોતાના ગ્રંથ દુહામાંજ લખેલા છે અને તેમાં બિહારી કવિના દુહાતો એવા સર્વોત્કૃષ્ટ છે કે "દુહા બિહારીદાસકા" એવી એક ઉકિત જન-મંડળમાં ગવાય છે.

વૃજ ભાષામાં લખનારા વૃંદ કવિના દુહાતો દ્રષ્ટાંતિક-બોધક છે, બિહારી કવિએ શૃંગારનું સ્વરૂપ સમજાવ્યું છે, દયારામભાઇએ તેનું પરિપૂર્ણ દિગ્દર્શન કરાવ્યું

છે, એકંદરે આ ત્રણે કવિઓએ નિતી-ભક્તિ સાથે શૃંગારને ઉમેરી પોતાનું કાવ્ય દિપાવ્યું છે, અને વિશેષે કરી શૃંગારના પ્રથમ પંકતીના નાયક શ્રીકૃષ્ણ પરમાત્માને અવલંબીને શૃંગાર રસ વર્ણવ્યાથી કાવ્ય સુધાને કંચન પાત્રથી શોભાવવાની સાફલ્યતા મેળવી છે. દલપતરામભાઇએ શૃંગારથી કેવળ વિરકત રહી નિતીનો બોધ આપવામાંજ કૃતાર્થતા માની છે, કાવ્યની સરલતા સાચવવામાં અને સ્ફુટ સમજાવવામાં આપણા દલપતરામભાઇ અગ્રણી પદ ધરાવે છે અને એતો ખરૂં છે કે તેમનાં કાવ્યો કાં બાળ, કાં યુવક, કાં વૃદ્ધ, કાં અભણ, કાં ભણેલા, એ સર્વને સરખી રીતે સમજાય તેવાં સરલ છે; અને તેથી ગુજરાતી પ્રજામાં તે પુજાય છે, તોપણ એટલું તો કહેવુંજ જોઇએ કે સૃષ્ટિની ઉત્પત્તીનું આદી કારણ જે રસમાં રહેલું છે, તેને કેવળ પડતો મુકવાથી જેમ શુષ્ક ભોજનથી ક્ષુધા નિવૃત થતી નથી; તેમ સંસારી પુરૂષ સ્રીને શૃંગારરસ વિના સર્વત્ર શુન્યવત્ લાગે છે. આટલું છતાં કેટલાક શૃંગારરસ પ્રત્યે પોતાનો અણગમો બતાવે છે, પણ તે અણગમો માત્ર બતાવવાનોજ હોય છે, તેઓ કંઇ શૃંગારનો ત્યાગ કરનારાં નથી. વિશુદ્ધ ભાવ બતાવવાનો યત્ન કરવા જતાં મિથ્યાભિમાનનું જગતને દિગ્દર્શન થાય એ ખેદ યુક્ત છે. સન્યાસી-વનવાસી અને પશુઓ એ રસથી અજ્ઞાત છે, અથવાતો એ રસથી વિરકત રહેવા માગે, તો તે સ્વીકારી શકાય, પણ નવ-યૌવના સુંદરીના સમાગમમાં રહેનાર શૃંગારને નીંદવા તત્પર થાય, એ શું વાસ્તવીક છે? શૃંગાર સબંધે ઘણું બોલવાનું છે પણ અત્ર તેને

માટે અવકાશ નથી, પ્રસ્તુત પ્રસંગ ભિન્ન છે એટલે તત્ સબંધે બોલવું એજ ઉચિત ગણાશે. પ્રસંગ એ છે કે જેમ કવિ વૃંદ, બિહારી, દયારામને દલપતરામભાઇએ "શતસહી"—સત સૈયાનાં કાવ્યામૃતનું પાન કરવાને જન મંડળને ભાગ્યશાળી બનાવ્યાં છે, તેવું મારે પણ યથાશક્તી કરી ગુજરાતી બંધુઓની સેવા બજાવવી. આ વિચાર સ્ફુરવા સાથે કયો વિષય ગ્રહણ કરવો, તેનો નિશ્ચય કરવામાં કેટલોક કાળ વ્યતિત થયો. છેવટે પ્રથક પ્રથક વિષયો ને અવલંબીને કવિતા લખવા કરતાં અમુક એકજ વિષયનું વર્ણન કરવાના નિર્ણય ઉપર આવ્યાથી આ "પ્રેમ શતસહી" નો ગ્રંથ બહાર પડવા મારૂં મન ઉત્સુક બન્યું, જેને પરિણામે આ લઘુ ગ્રંથ સુજ્ઞ વાચકો સમિપ નિવેદન કીધો છે.

"પ્રેમ" એ શબ્દની વ્યાખ્યા એવી વિસ્તારવાળી છે કે તે સંપૂર્ણ રીતે સમજાવવાને આ એક નાનકડા ગ્રંથની પ્રસ્તાવનાનું સ્થળ ઉચિત નથી. પણ ટુંકામાં એટલુંજ કે જડ અને ચૈતન્ય એ સર્વમાં તેનું બીજ સ્વભાવિકજ આરોપાએલું હોય છે. તે બીજ વગરનું તે કેવળ શુન્યવત્ છે. એ શબ્દમાં એટલી પ્રૌઢતા સમાએલી છે કે તેનું વિસ્તારથી વિવેચન કરવાને કોઇ પણ સંપૂર્ણ રીતે સશકત નથી, તોપણ મહાન કવિ કાલીદાસ અને મિલ્ટન તેને યથેચ્છ ઇનસાફ આપવામાં વિશેષે કરી ફળીભૂત થએલા છે. આધુનિક કાળમાં કવિ નર્મદ ધુનમાં આવી તેનો સારો સત્કાર કીધોછે. આવા કવિઓને મુકાબલે એ શબ્દનું વર્ણન કરવાનું મારે જે સાહસ કરવું, એ વિદ્વાન વર્ગમાં હાંસી કરાવ-

નારૂં છે તોપણ "પ્રેમ" એ શબ્દ પ્રત્યેની ભાવના--તેનું ભાન સઘળા મનુષ્યોમાં સરખી રીતે હોય છે; કોઇ તેનું શુદ્ધ પ્રતિબિંબ બતાવી શકે છે, તો કોઇ હૃદયમાં સમજ્યા છતાં બહાર બતાવવાને અશક્ત હોય છે, કોઇ વ્રિડામાં વિંટાઇ પોતાનો હૃદયોદ્‌ગાર બહાર પાડવાને અચકાય છે, તો કોઇ જન સમાજમાં પ્રિય થશે કે કેમ ? તેવી શંકામાં અટવાય છે, આવાં કારણોથી તેનું યથાસ્થિત વર્ણન કરનાર પ્રત્યે જનમંડળ પોતાનો ગમે તેવો અભિપ્રાય દર્શાવે, તેના ભય વગર સ્વાભાવિક વસ્તુને સ્વાભાવિક રીતે બતાવવા યત્ન કીધો છે.

એટલું તો અનુભવ સિદ્ધ છે કે "પ્રેમ" એ સ્વભાવિક વસ્તુ છે અને સમગ્ર સ્થળે તેનો નિવાસછે, પશુ પક્ષી આદી પણ તેનાથી વિમુખ નથી.

"પ્રેમ" એ વસ્તુનું જ્ઞાન કંઇ વિદ્યાથી પ્રાપ્ત થતું નથી. એતો એક ઇશ્વરી બક્ષિસ છે, અને જગદીશ્વરે તે બક્ષિસ આપવામાં કોઇના પ્રત્યે કંઇ ન્યુનાધિક ભાવ રાખ્યોજ નથી. દાખલા તરિકે જોઇએ તો ખેડુત કે ભરવાડ જેવા અભણ લોકો એ શબ્દની ધુનમાં આવી હળ હાંકતાં કે ઢોર ચરાવતાં પોતાનો -હૃદયોદ્‌ગાર બહાર પાડે છે; જો કે તેમાં છટાવાળા શબ્દો કે ઉમદી ભાષા હોતી નથી, પણ તેટલાથી તેમાં જે વસ્તુની જરૂરછે, તેની ખામીતો નહીંજ કાઢી શકાય. અને તેજ તેના સ્વાભાવિકપણાને માટે પુરતુ પ્રમાણ છે.

આ સ્વાભાવિક વસ્તુનો આળેખ કરવાનો વિચાર મારા મનમાં આવિર્ભુત થયો, અને તે પણ કવિતાદ્વારે,

તેમાં વિજયી થવું ખરેખર કઠિણ છે, તોપણ મારી સાહસિક વૃત્તિ વિજયની વાંચ્છના કરતાં તે શબ્દ પ્રત્યેની મારી ઉંચ ભાવના તરફ મને વધારે દોરી ગઇ છે. કાવ્યમાં શબ્દ ચમત્કૃતિ કે અર્થ ચમત્કૃતિનિ નિર્દોષતા છે, એમતો કહેવાશેજ નહીં. તેમ વિચાર સર્વ માન્ય થવાની અભિલાષા રાખવી એ વ્યર્થ છે. તોપણ ગ્રંથકાર તરિકે પ્રસિદ્ધીમાં આવવાનો મારો આ પહેલો પ્રયત્ન છે. એ વાત લક્ષમાં લઇ વાચક વર્ગ સારગ્રાહી થવાની ઉદારતા દર્શાવશે એવી અભિલાષા છે.

આ ગ્રંથ મેં દોહરામાં લખેલો છે, તેમાં પ્રથમ "પ્રેમ ભક્તિ" અથવા તો શૃંગારના સર્વથી પ્રથમ પંક્તિના નાયક શ્રી કૃષ્ણ પરમાત્માને અવલંબી સ્તુતિ કરેલી છે, અને તે પછી "પ્રેમ" શબ્દ અને તેના અંગોનું વર્ણન કીધું છે.

પ્રેમની ખામીથી વ્યભિચારની વૃદ્ધી થાયછે, પ્રેમ પ્રેમને શોધે છે, પણ જયારે તે નથી જડતો, ત્યારે વ્યભિચાર ભાવ ઉત્પન્ન થાય છે, જયાં પ્રેમ લગ્ન નથી ત્યાં સંસાર સુખરૂપ થતો નથી. ઘણે ભાગે જે લગ્ન થાય છે, તે લાકડે માંકડું વળગાડવા જેવાં થાય છે તો પછી સંસાર સુખરૂપ થાય પણ કેમ? આટલું છતાં હિંદુ સંસારમાં એક જોડું લગ્નથી જોડાયું, તે મને વા કમને સુખે વા દુખે પોતાની જીંદગી પૂર્ણ કરે છે, તેનું જો કંઇ પણ કારણ હોય તો તે હિંદુ ધર્મ શાસ્ત્રોનું અતૂલીત પ્રાબલ્ય છે, જેઓ હિંદુ ધર્મ શાસ્ત્રના અનુયાયી નથી, તેઓમાં પ્રેમ લગ્નથી જોડાં બંધાય છે, તોપણ વખતે એવો પ્રસંગ આવી બને છે કે પોતાની પ્રેમ

પરિક્ષામાં ભૂલ થયાનો તેમને પશ્ચાતાપ કરવો પડે છે, બલકે ભિન્નતા પડી એક વાર સ્વિકારેલાં પતી પત્ની અન્યને સ્વીકારે છે. કેવું દુસહ દુખદ વૃતાંત! પણ તેમાં કોઇનો દોષ નથી. સમાનતા સિવાય પ્રેમ ગ્રંથી ચિરંકાળ દ્રઢ શી રીતે રહી શકે વારૂ? અહાવું હિંદુઓમાં કવચિતજ બને છે, અને બને છે, ત્યારે તેમના પ્રત્યે જનમંડળ ધિક્કારની નજરથી જુએ છે, તેથી હીંદુઓની ઉંચ જ્ઞાતિઓ પુનર્વિવાહની આધુનિક સમયે ખાસ આવશ્યકતા છતાં તેનો સાદર-સ્વીકાર કરતી નથી. હવે જો પ્રેમની સમાનતા સાથે ધર્મશાસ્ત્રનાં કાનુનો ગ્રહણ કરવામાં આવતાં હોય, તો અત્યારે જે જીંદગી કંટાળા ભરેલી લાગે છે, પતી પત્નિ વચ્ચે કટુતા જણાય છે, તેને બદલે જીંદગી સુખરૂપ થાય. પતી-પત્નિનું ઐક્ય મનહર--મધુર અપૂર્વ આનંદ દાતા થઇ પડે.

પુનર્વિવાહના હિમાયતીઓ લાંબેથી પોકારીને પુનર્વિવાહ કરવા કહે છે અને પોતાના કહેવાના ટેકામાં અનાચારનું આબેહુબ ચિત્ર બતાવે છે બેશક એ અનાચાર પ્રત્યે દ્રષ્ટી કરતાં તેની આવશ્યકતા આપણે સ્વીકારવી પડશે પણ આપણે તે પહેલાં વિચારવું જોઇએ કે અનાચારને અવકાશ કેમ મળે છે? આ વિચાર આપણે નિષ્પક્ષપાતે કરીએ તો દંપતિમાં પ્રેમ-ઐકયની ખામી સિવાય અનાચારની વૃદ્ધી--પ્રવૃતીને માટેનું બીજું કશું કારણ જડશે નહીં, સારસ અને લકકી કબૂતર જેવી પક્ષિની જાતીઓ પણ નર વા માદાના મૃત્યુથી અન્યને ગ્રહણ કરતાં નથી બલકે ઝુરી ઝુરીને દેહ ત્યાગ કરે છે. તો પછી પુનર્વિવાહથી મનુષ્યનું

ઉત્કૃષ્ટ મનુષત્વ કેમ ગણાય? અલબત એતો અધમ માર્ગ છે અને તે માર્ગ પ્રેમની હિણતા વાળાનેજ માટેનો છે.

"પ્રેમ" એ શું વસ્તુ છે, તેનું પ્રાબલ્ય કેટલું છે. યોગ્ય માર્ગે તેની ગતી થયાથી તે કેટલો સુખકર થાય છે, અને વિપરિત માર્ગે ગતી થયાથી તે કેટલો દુખકર થઇ પડે છે, અને વિનાશ કરે છે, તેનું યથેચ્છ વર્ણન આપવા સાથે સઘળું રહસ્ય સમજાવવાનો ઉદ્દેશ આ પુસ્તક રચવામાં સમાએલો છે. હમેશ દરેક વસ્તુની અંદર બેગુણ રહેલા છે, એટલે સારો વા નઠારો સાર પ્રાપ્ત કરવો, એ વસ્તુનો ઉપયોગ કરનારની શકિત ઉપર આધાર રાખે છે તેમજ વાચક વર્ગે આ ગ્રંથમાંથી પોતાની શકતી અનુસાર ગ્રહણ કરવાનું છે, શું ગ્રહણ કરવું? અને શું ગ્રહણ ન કરવું? એ કંઇ કોઇએ કહેવાનું નથી, અને કોઇ કહેવા માગે તો તે અસર કરતા પણ ન થાય. જગદીશ્વરે મનુષ્ય પ્રાણીને માટે ભુતલ ઉપર છ રસ પેદા કર્યા છે, તે સઘળા પ્રત્યેકને પ્રિય હોતા નથી, કોઇને ખાટો રસ સ્વાદિષ્ટ લાગે છે, તો કોઇને ગળ્યોજ ભાવે છે; કોઇને તીખું ખાવું ગમે છે, તો કોઇને કડવુંજ હિતકર લાગે છે; એમ સૌ સૌની પ્રકૃતિને અનુકુળ આવે તેમાં આનંદ માને છે. તેવી રીતે આ પુસ્તક સમગ્રનેપ્રિય વા અપ્રિય થશે એમ તો કહેવાયજ નહીં. સમગ્રનેપ્રિય થાઓ કિંવા ન થાઓ એની મારે સ્પૃહા નથી. અને એવી સ્પૃહા રાખવામાં આવે તો કોઇ ગ્રંથકર્ત્તા પોતાનો ગ્રંથ પ્રસિદ્ધીમાં મુકી શકેજ નહીં; બલકે આ જગતનો વ્હેવાર પણ ચાલે નહીં.

"પ્રેમ" ની અલૌકીકતા બતાવવાને મેં આ જે

યત્ન કર્યો છે તે કંઇ નવો નથી, જે છે તે બતાવ્યું છે તો પણ ન્યુનાધિક ભાવને માટે અથવા તો અન્ય દોષને માટે વાચક વર્ગની ક્ષમા માગવાનો પ્રચલિત નિયમ મારે પણ સ્વીકારવો પડે છે.

આ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં જે મિત્રોએ અને સદ્ગૃહસ્થોએ મને સાહ્યતા આપી છે તેમના પ્રત્યેની મારી ઉપકારની લાગણી પ્રદર્શિત કરી પ્રસ્તાવના સમાપ્ત કરૂં છું.

રાજકોટ સીવીલસ્ટેશન
કાઠિયાવાડ.
ભીમ અગીયારશ.
સંવત ૧૯૫૫.

લી. સેવક.
મોતિલાલ છોટાલાલ વ્યાસ.

૭૨૫૦

प्रेम शतसई.

મંગળાચરણ.

દોહરા.

જય જય કૃષ્ણ કૃપાનિધી, જય જય શ્રી ભગવાન;
ભૂભર હર દશવિધરૂપ, લાયક નાયક કા'ન. ૧
જય જય જયકરણું પ્રભૂ, વિભૂ રસેશ વિશેષ;
ગાતાં ગુણગણના કદી, પાર ન પામે શેષ. ૨
કરૂણા રસબસ કૃષ્ણ તું, શ્રીવર હલધરવીર;
ભૂધર નરવર નરહરી, ભૃગુવર શ્રી રઘુવીર. ૩
અધમ ઉધારણ મૂરરિપુ, હૃદય રમણ હરિઆપ;
નામોચ્ચારણથી ટળે, પાપ અને પરિતાપ. ૪
મુનિ મન નલિન મરાળ તું, દુખ મોચન હું દેવ;
અભંગ મંગળ થાય છે, કરતાં તારી સેવ. ૫
ત્રિભુવન સંભવ સ્થાન તું, સુરકુળ સૌખ્યનિધાન;
જનરંજન હું જગપતી, ભવખંડન ભગવાન. ૬
આપદ્દહર હરી આપછો, શૂળ નિર્મુળ કરનાર;
દ્રગ લોભન શોભન પ્રભુ, સુખકર સો સંસાર. ૭
રસજ્ઞ શ્રી રાધાપતી, ગોપીજન પ્રિયપ્રાણ;
ઉત્પાદક પાળક તમે, સૃષ્ટીતણા સુજાણ. ૮
વિશ્વ વાડિના વિઠુલા, છો વનમાળી આપ;
પોષક પ્રાણી માત્રના, સોષક દુઃખ અમાપ. ૯

કમલનયન કરૂણાનિધી, ગિરિવરધર ગોપાલ;
નટવર નંદકિશોર તું, સૌની લે સંભાળ. ૧૦
કાયિક વાચિક ને વળી, માનસીક જે પાપ;
પ્રલય થાય પળએકમાં, તારિ કૃપા અમાપ. ૧૧
પ્રભુ તારી પ્રભુતાતણો, પાર ન પામે કોય;
હરીહરૂ દુખજાલ તું, ભલે કઠિણ કદી હોય. ૧૨
ત્રૂઠો કે રૂઠો તમો, ચિંતા નથી લગાર;
માથે મૂકો હાથ તો, થાય અચળ ઉદ્ધાર. ૧૩
સ્પર્ષ કદી શ્રી અંગનો, બને રીતે થાય;
મુક્તી મળે મનુષ્યને, ભવનું ભય દુખ જાય. ૧૪
દૂષણ ભૂષણ થાય છે, દ્રષ્ટી થતાં દયાળ;
દુર્લભ તારી દ્રષ્ટિનો, છે મોટો મહિમાય. ૧૫
પારધિ પાપી પામિયો, સ્વર્ગ સદન સુખકાર;
થાય અચંબો એ થકી, કૃપાનિધી કિરતાર. ૧૬
પ્રસન થાઓ તો તે ભલુ, ભલુ ક્રોધ કદી થાય;
બંને રિતે શ્રેષ્ટફળ, ભવની ભાવઠ જાય. ૧૭
સદોષ જીવ સરજ્યો પ્રભુ, ટળે દુષ્ટતા કેમ;
હોય કૃપાબળ આપનું, ટળે ધરો પ્રભુ પ્રેમ. ૧૮
દ્રઢ વિશ્વાસ ધરૂ હ્રદે, હરિ હું તો હરનીશ;
દોષ ધરો નહીં દિલમાં, જયજયશ્રી જગદીશ. ૧૯
પ્રેમ લક્ષણા ભક્તિને, વશછો વિઠુલરાય;
કૃપાવિના મળતી નથી, સાધન કર્યે સદાય. ૨૦
પતીતપાવનછો પ્રભૂ, બઈ વિચારો આપ;
સદા કરો સંભાળ તો, ટળે પાપ સંતાપ. ૨૧
કૃપા હ્રદયમાં ન્હોયતો, સાધનતણી જરૂર;
સાધનની ઇચ્છા કરો, ઉચિત નથી તમઉર. ૨૨

અનુચિત કર્મ કર્યાથકી, ઠર્યો તમારો ચોર;
દંડ કશો દેવાતણું, નથી ખરેખર જોર. ૨૩
મુજ પાસે મન આહરૂ, તે ખેંચી લો આપ;
શિક્ષા આપો એટલી, છો પ્રભુ ગુણિ અમાપ. ૨૪
ગુનેગાર ગણી સર્વદા, રાખો નિજઘર નાથ;
એ ઇચ્છા અંતર વિશે, સ્હાશો શ્રીવર હાથ. ૨૫
તુજ ગુણથી બાંધી મને, રાખો દ્રષ્ટી હેઠ;
તજે દુષ્ટતા જીવ મુજ, તજે બુદ્ધિ મુજનેષ્ટ. ૨૬
અનંત મુજ અપરાધ તે, ગણતાં ના'વે પાર;
કોમળ નહિં ગણી શકો, (માટે) ગણશો નહિં લગાર. ૨૭
હૃદય ભુવનમાં સર્વદા, વસો શ્રિ જુગલકિશોર;
ઇચ્છા એ અંતરતણી, રાખો આઠે પ્હોર. ૨૮
આશ્રય અન્ય નથી પ્રભુ, આશ્રય તારો એક;
શ્રીકર શ્રીધર સ્નેહથી, ટકાવિ રાખી ટેક. ૨૯
ચિંતા રૂપિ અર્ણવ વિશે, ડુબ્યો દીનાનાથ;
કૃપા કરી કાઢો તમે, આપી મુજને હાથ. ૩૦
વડવાનલ રૂપિ આપથી, ચિંતા જળ સોષાય;
શરણ ગ્રહ્યાથી આપનું, બ્હાર ખરે નિકળાય. ૩૧
મનોર્થના આવર્ત્તમાં, ધુંમણ કરે મુજમંન;
સ્થીર થઇ ઠરતું નથી, કરતાં કોટી પ્રયત્ન. ૩૨
મનોર્થને વંટોળિએ, પડ્યુ તૂલ મનરૂપ;
ચડ્યુ હાલ ચકડોળ તે, જુએ ન શુદ્ધ સ્વરૂપ. ૩૩
લલિત ત્રિભંગી લાલતું, સુંદરવર સુખકાર;
રાધા સહ-હ્રદયે વસો, દીનબંધુ દાતાર. ૩૪
ધર્મ વિશે બુદ્ધી રહે, કૃષ્ણ વિશે રે' પ્રીત;
ગતિ વૃંદાવન ધામમાં, ઇચ્છા એજ ખચિત. ૩૫

કરો સા’યતા શ્રી હરી, નડે ન માયા લેશ;
માયારે’ તુંજ ચર્ણમાં, એ મારો ઉદ્દેશ. ૩૬
મુખ ગણે તુજગુંણ સદા, નિર્ખે નયન શ્રિનાથ;
શ્રવણેદ્રિ શ્રીહરી તણા, શ્રવણ કરે યશ ખાસ. ૩૭
પ્રસાદિ તુલસી પુષ્પની, કરે નાસિકા ગ્રહણ;
કરે હસ્ત સેવા સદા, દર્શન અર્થે ચર્ણ. ૩૮
શ્રીવરતણા સ્વરૂપનું, ધરે ધ્યાન મુજ મંન;
સર્વેદ્રી શ્રીહરિ વિશે, પ્રવર્તરે’ પ્રતિદીન. ૩૯
અતીરાજી શ્રીહરિતણિ, પ્રલય કરે મુજ પાપ;
પ્રસન્નતા માગું પ્રભુ, આપો તે પ્રભુ આપ. ૪૦
પાખંડે પરિપૂર્ણ હું, જાણે હરિજન સાર;
યથાર્થ ભક્તીનું નથી, લક્ષણ અરે લગાર. ૪૧
અંતરની જાણો તમો, સઘળી સાચીવાત;
ભલે ઢોંગિ પણ બાનું છે, ભકત તણું સાક્ષાત. ૪૨
બાનાની પત રાખશો, નહિતો હાંસી થાય;
શોભા મારી નહિ રહે, શોભા શ્રીહરી જાય. ૪૩
જેને જેનો આશરો, તેને તેની લાજ;
લાજ જાયજો આપની, તો બટ્ટો મા’રાજ. ૪૪
દીન બંધુ છો આપતો, હું દિન નથિ શું દેવ;
મારા બંધ થતા નથી, એ છે જોવા જેવ. ૪૫
નથી અધમ ઉદ્ધાર ક્યમ, કરતા તમે કૃપાળ;
અધમ ઉધારણ છો છતાં, ક્યમના લ્યો સંભાળ. ૪૬
ગરિબ નિવાજ ગણાવછો, હું છું છેક ગરીબ;
નિવાજતા નથિ નાથ ક્યમ, શું છે એહ ધટીત. ૪૭
કૃષ્ણ કૃપાકર આપ છો, રહો કૃપણ પ્રભુ કેમ;
ખોટ નહીં આવે કદી, જો રાખો જરી રે’મ. ૪૮

કૃપાદાન કરશો પ્રભુ, ખરેખરો છું પાત્ર;
દયા રૂપિ દ્રવ્ય આપતાં, ઘટે નહીં રજ માત્ર. ૪૯
દાન પાત્રને આપતાં, પ્રતિપળ વધે વિશેષ;
નિયમ શાસ્ત્રનો નકીએ, આપો દાન હમેશ. ૫૦
જીવ તણાં જે કર્મ તે, છે પ્રભુ અતિશે નિચ;
કે'તાં લજ્જા ઊપજે, કે'વું કેવી રીત. ૫૧
અંતર્યામી આપછો, જાણો સઘળું આપ;
હાથ ઝાલી ઉગારશો, કરી દોષ સૌ માફ. ૫૨
અજીત મનછે માહરૂ, નથિ કહ્યામાં લેશ;
કરે કામ અવળું અને, ચાલે અવળુ હમેશ. ૫૩
મનને વશ કર્તવ્યછે, તે મન બગડયું હાલ;
જીવ બિચારો શું કરે, જીવ બન્યો બે હાલ. ૫૪
દગો કર્યો જીવરાયને, ખુટયો મંન પ્રધાન;
જીતે કેવી રીત તે, મટે કેમ થતી હાણ. ૫૫
સુણો પ્રભુ ફરિઆદકે, મન મારે વશ થાય;
ઇચ્છિત ફળ હું મેળવું, થાઓ શ્રીહરી સા'ય. ૫૬
તારો કે મારો તમો, નથિ તેનો અફસોસ;
કર્ત્તા જ્યારે આપછો, તો શુંછે મુજ દોષ. ૫૭
સારા નરતા કર્મના, કરાવનારા આપ;
બળ નથિ તેમાં માહરૂ, બળ છે પ્રભુ અમાપ. ૫૮
દુ:સંગથી મન બુદ્ધિ તે, થયાં પ્રપંચાસક્ત;
બળ નથિ માયા જીતવા, કયમ કરી થાઉ વિરક્ત. ૫૯
માયા વશ પ્રભુ તાહરે, નડે મને તે નિત્ય;
તે નડતર ટાળો તમે, રાખી મુજપર પ્રીત. ૬૦
સુબુદ્ધિ આપો સર્વદા, આપો પ્રભુ સત્સંગ;
પછી ભજુ નહી તો મને, દેજો માર નિશંક. ૬૧

જડી ખરેખર જગપતી, માયા તમે મલીન;
એ માયામાં સર્વદા, જીવ રહેછે લીન. ૬૨
અધિક નથિ જીવ આપથી, ઉખડે એથી કેમ;
યત્નો કરે ઉખેડવા, રહે એમનું એમ. ૬૩
શિવ સરખા સમરથ નથી, તો જીવછે કુણ માત્ર;
ટળે અવિદ્યા આપથી, સમર્થછો સાક્ષાત. ૬૪
જગત સર્વનું શુભ કરો, એછે આપ સ્વભાવ;
વિના મુલનો દાસછું, આણો કેમ અભાવ. ૬૫
મને ખરે વિશ્વાસછે, પ્રભુ તમારો પૂર્ણ;
રૂડુ કરશો રંકનું, શુભ ચિંતક સંપૂર્ણ. ૬૬
વિધી અવિધી સમજુ નહીં, પડયો તમારે ચર્ણ;
આધીનછું પ્રભુ આપને, જય જય અશરણ શર્ણ. ૬૭
રૂડી લાગે આપને, કૃતી કરાવો એવિ;
જોખમ તેનું આપને, કહું જેવી છે તેવિ. ૬૮
જળધિ આ સંસારનો, નાખ્યો તે મોંઝાર;
માયારૂપિ પાષાણનો, બાંધ્યો ભારે ભાર. ૬૯
હરિનામ રૂપી લાકડુ, હાથ પડયું છે જેહ;
તેથી મસ્તક બ્હાર છે, ક્ષેમ રહ્યો છે દેહ. ૭૦
માયા રૂપિ પથર થકી, કંઠી સુધિનું અંગ;
ડુબ્યુ જો દેખાય છે, બનિ રહ્યોછું પંગ. ૭૧
નહિ બુડયોને નહિ તર્યો, બન્યો છેક બેહાલ;
ઉપાધમાં વિંટાઇ જતાં, થયો છેક નિર્માલ્ય. ૭૨
પ્રભૂ દયાળુ છો તમે, લાવો દયા લગાર;
માયા રૂપિ પથર તણો, છોડાવી દો ભાર. ૭૩
ખરે તમારા નામ રૂપ, મળે મને આધાર;
અબ્ધી આ સંસારનો, તરી ઊતરૂ પાર. ૭૪

હુંતો દુર્બલ જીવછું, ન મળે સા'યક કોય;
સા'યકતું સર્વજ્ઞછું, સા'યક જબરો જોય. ૭૫
અતી લઘુરૂપ જીવનું, વળી છે એકા એક;
કામ ક્રોધ મદ મોહએ, શત્રુ દિસે અનેક. ૭૬
માત્ર એક પ્રભુ આપનો, મારે છે આધાર;
સાક્ષિ સમજો જોઇ રહો, ટકે ટેક કયમ સાર. ૭૭
ઉદર માંહીથી છુટતાં, લીધુ પણ પ્રભુ જેહ;
પણ પાળ્યું નહીં મેં અરે, મિથ્યા ગાળી દેહ. ૭૮
ભજન કરીશ હું ભાવથી, કીધો હતો કરાર;
ભુલી ભુંડા ભોગમાં, જન્મ ગુમાવ્યો સાર. ૭૯
કરાર તુટયો પણ ત્રુઠો, રૂઠો નહિ રણછોડ;
ત્રિભુવનપતી સમરથ ધણી, કાઢો-કાંઇક તોડ. ૮૦
સા'ય થશો પ્રભુતો ખરે, ટકશે મારો ટેક;
નહિતો વચન નહીં નિભે, વૃથા જશે તે છેક. ૮૧
પ્રભુ તમારા દાસ તે, દુખિયા દીસે કેમ;
સુખિયા તમથી વિમુખતે, એતે કેવો નેમ. ૮૨
કેવો દિસે વિવેક આ, સારો શું કે'વાય;
આશ્ચર્ય એમાં ઉપજે, સ્હેજેના સમજાય. ૭૩
કહો પ્રભુ કદી એમકે, નડે કર્મ પ્રતિબંધ;
સંભવતું નથી શ્રીહરી, સ્હાતાં આપ સબંધ. ૮૪
શરણે આવી સ્નેહથી, ભાવે કર્યું ભજન;
નડે કર્મના બંધતો, ગણાય કયમ હરિજંન. ૮૫
ખરે તમારા શરણનો, પ્રઉઢાદિસે પ્રતાપ;
ભસ્મિ ભુત કયમ થાય નહીં, કર્મો સર્વ અમાપ. ૮૬
તમ સરખા સમરથ ધણી, મન થકિ સા'યક થાય;
કર્મતણા પ્રતિબંધ તે, કોટિ હોય પણ જાય. ૮૭

સ્વર્ગ સદનમાં સંતને, મળવાનું છે સુખ;
એ ઇચ્છા અંતર ધરી, શું અહીં આપો દુખ. ૮૮
એવી ઇચ્છા હોય તો, એ પણ નથી ઉચિત;
સુખિ સંતો બે સ્થળ રહે, કરવું એજ ઘટીત. ૮૯
બળી વિર્ભાપણ ધ્રુવજી, અને ભક્ત પ્રહલાદ;
રાજ્યાધીપ બનાવિને, આપ્યા સૌ સુખ સ્વાદ. ૯૦
ભજન કરાવ્યું ભાવથી, ખરે ગણાયા ભક્ત;
અવિચળ પદ સ્થાપ્યા હરી, ભવ ભટકણ કરિ મુક્ત. ૯૧
રહ્યા ભક્તિમાં એ સદા, તનમનથી આસક્ત;
પ્રતાપ બળ પ્રભુ તાહરૂ, જાણે સઘળું જક્ત. ૯૨
અતિ દારિદ્રપણા વીશે, રહિને કર્યું ભજન;
વિદુર સુદામા ભક્તને, ઘટે ખરે ધન્ય ધન્ય. ૯૩
ભગવતિ મોટા ભૂવિશે, અતિ ગણાયા એહ;
ભક્તપરે તુજ ભાવ છે, એમાં નહિ સંદેહ. ૯૪
ભાવ હોય તો ભાવથી, આપુ અમૂલખ લા'વ;
ભુખ્યા ભાવતણા હરી, દિસે સહજ સ્વભાવ. ૯૫
મનમાં ધારી મનુષ્ય કંઇ, અતિ રાખે ઇચ્છાય;
સ્વતંત્ર ઇશ્વર આપછો, તમે કરો ત્યમ થાય. ૯૬
ભક્તી કરતાં ભક્તનું, તમે કરો કલ્યાણ;
એછે રિત વે'વારની, બોલું સાચી વાણ. ૯૭
નથી સપાડું તેહમાં, કરવું ઘટે જરૂર;
કરો ભદ્ર ભક્તિ વિના, ધર્મ એજ ભરપુર. ૯૮
તૃષ્ણા પુર્ણ કરો પ્રભુ, ભાગો મારી ભૂખ;
અથવા તેનું ભાન તે, ભુલાવિ દો પ્રભુ સુખ. ૯૯
કાન ધરોને કા'નજી, તમવિણ કોને કહુ;
કરગરૂં રોજ કૃપાનિધી, કૃપા આપનિ ચાહુ. ૧૦૦

તારણ કરનારા સદા, વસો નિકટ પ્રભુ વાસ;
કેમ બુડું કરૂણા નિધી, નથી સમજતો દાસ. ૧૦૧
નથી વારતા બુદ્ધિને, નથી ઝાલતા હાથ;
સાક્ષી સમ શું જોઇ રહ્યો, ઘટે કેમ એ નાથ. ૧૦૨
સમર્થ તારો હોય તે, બુડતાં કરે બચાવ;
બુડવા ના દેશો પ્રભુ, ધરી વ્હાલપણ ભાવ. ૧૦૩
કાળ રૂપિ સર્પોતણા, વિષથિ જીવ બેભાન;
સેવા સ્તુતિ કયમ કરિ શકે, જાણો તમે નિદાન. ૧૦૪
પરમ દયાળુ વૈદછો, કરો તમે ઉપચાર;
સંજીવન મણિથી તમે, ટાળો વિષ વિકાર. ૧૦૫
ખરે આવશે ભાનને, સમજે સૌ ઉપકાર;
સ્તુતિ સેવા કરશે સદા, પ્રેમે વિવિધ પ્રકાર. ૧૦૬
અચળ પ્રેમ મુજ -હૃદયમાં, થાપો શ્રી હરી આપ;
ખસે નહીં કોઇ રીતથી, ખસે સર્વ સંતાપ. ૧૦૭
ઊંધો ચત્તો કર્યા છતાં, લોટણ દીવા જેમ;
તેલ રહે દિપક રહે, ઇચ્છુ એવો પ્રેમ. ૧૦૮
રટુ નામહરી કયારનો, કયમ રાખો સંતાપ;
હરી નામનું બરદતો, ટાળે દુખને પાપ. ૧૦૯
બરદ વીસરી કયમ ગયા, શું બ્હિના જોઇ પાપ;
બીહો કેમ સમરથ ધણી, કૃપા નિયંતા આપ. ૧૧૦
હરી ભજન વીણુ નવ ટળે, જે છે પાપ પ્રચંડ;
વેદ શાસ્ત્ર સદ પુરૂષનાં, વચનો વદે અખંડ. ૧૧૧
પ્રવૃતી પાપ તણી થતાં, વિકળ થવાય વિશેષ;
નિવૃતી વિણ શ્રીહરી તણું, ભજન થાય નહીં લેશ. ૧૧૨
ભજન વિના શ્રી હરીતણો, થાય શી રિત સબંધ;
શ્રીહરિતણા સબંધ વિણ, કયમ છુટે ભવબંધ. ૧૧૩

નિતિમાં પ્રિતિ થયા વિના, રિતી કયમ શુદ્ધ રખાય;
કુકૃતિથી કથળે બધું, અકુળ જન્મ સૌ થાય. ૧૧૪
પ્રવૃતી થાતાં પાપની, સ્નેહ રહિત થઇ જાય;
સ્નેહ જતાં સર્વે ગયું, પ્રભુ પ્રસન કયમ થાય. ૧૧૫
સ્નેહ નથી મુજ હૃદયમાં, પણ હરી રાખો સ્નેહ;
સ્નેહનિધી શ્રીહરી તમે, વર્ષાવો નિત્ય તેહ. ૧૧૬
જેની જેવી રિતછે, તેવી કરે ખચિત;
શ્રીહરીછો સ્નેહાળ તો, શિખવો સ્નેહનિ રીત. ૧૧૭
અતી તેજસ્વિ સૂર્યતે, ટાળે તિમિર તમામ;
તિમિર હૃદયનું ટાળવા, સમર્થ છો શ્રીરામ. ૧૧૮
નિર્મળ સૌને નિર્ખશે, નિર્મળ જેની દ્રષ્ટ;
શ્રીહરી નિર્મળ આપછો, ભ્રષ્ટ ન જાણો સ્પષ્ટ. ૧૧૯
નિજ મન જેવું નયનથી, ભાસે સૌ બ્રહ્માંડ;
નિર્મળ મન હરી આપનું, ગણો ન મુજને ડાંડ. ૧૨૦
શશિનો સિત સ્વભાવ છે, ટાળે જગનો તાપ;
હરી હરનારા તાપ ત્યાં, મારે શો સંતાપ. ૧૨૧
ટાળો મલિનપણું તમે, ગણો ન જરીએ ભિન્ન;
લીન રહુ તુજ ધ્યાનમાં, રહું ન તેથિ વિહીન. ૧૨૨
કૃપા સુધા શ્રીહરિ સિંચી, કરો વિભુ કલ્યાણ;
ભવનો ભય ટાળી તમે, કરો પ્રભુત્વ પ્રમાણ. ૧૨૩
જીવ તણો તો ધર્મછે, ભુલ ચૂક કદી થાય;
ધર્મ આપનો એજ છે, કરવું સર્વ ક્ષમાય. ૧૨૪
શરણે આવ્યોછું પ્રભુ, ક્ષમા કરો સૌ ભુલ;
હરો હરી સંતાપ સૌ, રહો સદા અનૂકુળ. ૧૨૫
હું છું પ્રભુ પતિત પણ, મન માને નહીં તેમ;
વાણી કબુલ કરે નહીં, કેવાં અવળાં ચેન. ૧૨૬

જ્યારે જુઠો હું ઠર્યો, આપ તણો શું વાંક;
કેમ પવિત્ર કરો તમે, મેં વાળ્યો છે આંક. ૧૨૭
વાંક જુઓતો વિઠુલા, વિકારનો નહીં પાર;
પાર ન પામું હું કદી, દુખાબ્ધિ આ સંસાર. ૧૨૮
સારાં નરતાં કર્મ તે, વિસરો તમે કૃપાળ;
વિસારવાની રીત છે, શ્રીહરી દિનદયાળ. ૧૨૯
લિલા અલૌકિક આપની, સમજે નહીં લૌકિક;
સદા આપ સંભાળતા, મનુષ્ય ધરે મન બીક. ૧૩૦
દયાળ દોષ વિસારશો, વિસારશો નહિં દાસ;
વિસારશો તો વિઠુલા, હુંતો થઇશ નિરાશ. ૧૩૧
હુંછું રાત્રી રૂપને, શ્રી હરી દિવસ રૂપ;
સબંધ શી રિત સંભવે, બંન્ને ભિન્ન સ્વરૂપ. ૧૩૨
તિમીર રૂપ મમ દોષતે, ભુલિ જાઓ ભગવાન;
પ્રભુતા રવિ રશ્મિ રૂપી, પ્રસારિ સ્થાને સ્થાન. ૧૩૩
રવિ ઉદયથી અવનિમાં, થાયે પૂર્ણ પ્રકાશ;
પ્રકાશ થાતાં હૃદયમાં, રજ તમ થાય વિનાશ. ૧૩૪
ખરે સંભવે તે પછી, બંને તણો મિલાપ;
મિલાપ થાતાં નવ રહે, મુજ હૃદય પરિતાપ. ૧૩૫
સાધન સાધ્ય નથી પ્રભુ, પ્રેમથી રીઝો રાય;
પ્રેમ તમારી પાસ છે, સિદ્ધિ શી રિતે થાય. ૧૩૬
વૃજ વનિતા ચિત્ત હરીહરિ, વર્તાવ્યો આનંદ;
રેલછેલા પ્રેમની, કીધી બાળમુકંદ. ૧૩૭
વાઇ વાંસળી પાંસળી, છટકાવી તેં છેલ;
પ્રેમ પાસલે ગોપીને, નાંખી કીધી ઘેલ. ૧૩૮
રાસ રમાડી રતી રસે, રસબસ કીધી નાથ;
તારી આ સંસારથી, આપિ આપનો હાથ. ૧૩૯

હાથ બ્રહ્માનો હરજી છે, એતો પૂર્ણ પ્રતાપ;
શું નહીં આપો મુજને, એવો અનૂપમ લાભ. ૧૪૦
પ્રેમતણે વશ છો પ્રભુ, નથી હૃદયમાં પ્રેમ;
તે વિણ મારે આપને, વશ કરવા હરિ કેમ? ૧૪૧
"ખરો ખજાનો" આપને, હરિ રહ્યો છે હાથ;
કણુંકો મળતાં માહરી, સુધરે સર્વે વાત. ૧૪૨
તાપ ટળે સુખ સૌ મળે, મળતાં પ્રેમ પ્રસાદ;
મળવિણ મમ્ મન થઇ જતાં, અન્યન ઇચ્છે સ્વાદ. ૧૪૩
પ્રેમ રહે પ્રભુ આપ પર, ચળે ન ચિત લગાર;
હિત હરી તેમાં માહરૂં, ખચિત એજ વિચાર. ૧૪૪
પુનિત પ્રેમ પ્રભુપર રહે, વહે ન બીજે સ્થાન;
અનિત્ય બીજાં સ્થાન છે, જુએ ન જન અજ્ઞાન. ૧૪૫
વશ કરવા વિશ્વેશને, નથી સમૃદ્ધિનું કામ;
પ્રેમ સમૃદ્ધિથી વશ થશે, સે'જે સુંદર શ્યામ. ૧૪૬
સાર તણો એ સાર છે, તત્વતણું એ તત્વ;
પરમાત્માની પંક્તીમાં, પ્રેમતણું છે મહત્વ. ૧૪૭
જડને ચૈતનવત્ કરે, ઉગે જો અંકુર;
શુદ્ધ પ્રેમ આ સૃષ્ટિનું, છે સર્વોત્તમ નૂર. ૧૪૮
અદ્ભુત ગુંણ શક્તિ અતી, રતી આરતિનો ભાવ;
વર્ણન કરતાં તેહનું, બતાવું પ્રેમ પ્રભાવ. ૧૪૯
યત્ન કરૂં અતી હોંશથી, સફળ કરો જગદીશ;
પ્રારંભે કરૂં પ્રાર્થના, નમાવિ નેહે શીશ. ૧૫૦
કૃપાળ આપ કૃપા કરો, હરો હરી મમ્ દોષ;
પ્રજ્ઞા આપો પ્રભુ તમે, પામે મન સંતોષ. ૧૫૧

પ્રેમ વર્ણન.

અંત નથી આકાશનો, નથી પમાતો પાર;
અમાપ એવો પ્રેમ છે, કરવો શું વિસ્તાર. ૧
અગણિત જીવ અવની વિશે, ગણતાં કેમ ગણાય;
પ્રેમ તત્વનું મહત્વ તે, સે'જે ના સમજાય. ૨
અમુલ્ય ચિંતામણી ગણે, કીંમ્મત ના અંકાય;
અમુલ્ય તેવો પ્રેમ છે, મુલ્ય ન તેનું થાય. ૩
અજીત આ અવનિ વીશે, પ્રેમ ખરેખર એક;
જીતાતો નથી કોઇથી, કરતાં યત્ન અનેક. ૪
અજીત ઇશ્વર છે છતાં, પ્રેમતણે વશ થાય;
પરાક્રમી અતિ પ્રેમ છે, છે મોટો મહીમાય. ૫
વૃજ બાળાએ વશ કર્યા, જુઓ શ્રી જુગલકિશોર;
ગવાય એ યશ પ્રેમનો, જણાય અદ્દભુત જોર. ૬
મોહન સમ મન અજીત છે, બાંધ્યું ના બંધાય;
પલક એકમાં પ્રેમને, વશ તે વહેલું થાય. ૭
સમિર જયાં નવ સંચરે, ત્યાં મન પહોચી જાય;
પ્રતાપ એ છે પ્રેમનો, કો' કયમ ના કે'વાય. ૮
હોય કઠોર નઠોર પણ, થાયે વિવશ વિશેષ;
પ્રભાવ એવો પ્રેમનો, શું છે શંકા લેશ. ૯
અકળ પ્રેમનું પ્રબળ છે, વિકળ વીર કરનાર;
સકળ સ્થળે પ્રસરિ જતાં, વાર ન થાય લગાર. ૧૦
ઉદય થાય શશિ સૂર્ય તે, રે' નહીં છાનો છેક;
છાનો પ્રેમ રહે નહીં, ટકે ન મનનો ટેક. ૧૧
દાક્ષ સરકરાને વળી, મધુથી અતી મધુર;
પ્રેમ તણો રસ પ્રેમીને, લાગે ઉત્તમ ઉર. ૧૨

પ્રેમામૃત વિણ હોયજો, ભલે પાંચ પકવાન;
પ્રેમીને રૂચે નહીં, ભલે ગણે નાદાન. ૧૩
કુરંગ જંગલમાં છતાં, રહ્યું પ્રેમનું ભાન;
જીવ જાય પણ જરૂરતે, સુણશે આવી ગાન. ૧૪
પતંગ દીપકમાં પડે, પળમાં પ્રાણ તજાય;
તોપણ તેણે પ્રેમની, મમતા ના મુકાય. ૧૫
ફરિફરિ આવે અલિ જુઓ, પંકજ રજને કાજ;
ગણે ન ભય અપમાન કંઇ, જુઓ પ્રેમનું રાજ. ૧૬
પ્રેમ સુખને કારણે, ઘટે લાજકે લાભ;
પ્રેમી તે ગણતાં નથી, ભલે ઉગે શીર દાભ. ૧૭
ભલે વખાણ અને વળી, વાનાં કરે વિશેષ;
પ્રેમવિના મન નવ ઠરે, પ્રેમીનું લવલેશ. ૧૮
ઉષ્ણાંશુ અરવિંદને, લાગેછે પ્રિય પ્રાણ;
ખીલે ખૂબ ખૂબિ થકી, જાણે પ્રેમ સુજાણ. ૧૯
સિતળ સુધાકર છે છતાં, પંકજ રજ નવ ચ્હાય;
ઉલટી એના કિર્ણથી, અતિશ વધેછે લ્હાય. ૨૦
પ્રમાણ એજ પ્રત્યક્ષ છે, પ્રેમ તણું પરિપૂર્ણ;
જેસ્થળ જેને પ્રેમછે, તે સ્થળ સુખ સંપૂર્ણ. ૨૧
વિવિધ પુષ્પનો રસ ગ્રહી, અલિ પામે અતિ સુખ;
કમળ વિના કંઇ નવ ઠરે, ભાગે નહીં રસ ભુખ. ૨૨
ભલે સજે શણગાર પણ, વૃથા પ્રેમ વિણ તેહ;
-હૃદય દીપે નહીં તેહનું, ભલે દિપે જો દેહ. ૨૩
આભુષણ અંગેધરે, દીપે દિવ્ય અનૂપ;
પણ પ્રેમાભુષણ વિના, જળવિણ જેવો કુપ. ૨૪
કસ્તુરી કેસર અને, ચંદન ચર્ચ્યું હોય;
પ્રેમ સુગંધી વિણ અરે, નહિ નહિ તેતો સ્હોય. ૨૫

આભ્રણ બહુ ઉમદાધરે, પે'રેશુભ પટકૂળ;
પ્રેમવિનાનું સર્વ તે, જાણો ધૂળે ધૂળ. ૨૬
રમત રમી રૂડિ બાજીની, રાજી -હૃદયે થાય;
પ્રેમ બાજી નથિ જાણતાં, પાજીતે કે'વાય. ૨૭
ગંજીફા રમતાં શિખ્યાં, સેતરંજ સુખકાર;
પ્રેમ રમત નવ આવડી, આવડિ તે ધિકકાર. ૨૮
પ્રભુ થકી છે પ્રેમનું, આહા'અતિશે મહત્વ,
અંગોળેછે તેલમાં, જુઓ કપિશ એ તત્વ. ૨૯
પ્રેમ શબ્દ શ્રી કૃષ્ણને, પ્રિયકર દિસે અપાર;
માખણ માનિતું કર્યું, સમજી તેનો સાર. ૩૦
યોગીરાજ શીવજીતણે, દિલ વસ્યો છે પ્રેમ;
તિલ ચઢે છે તેથકી, ચઢે નહીં કદી હેમ. ૩૧
સર્વ તત્વનું તત્વ છે, સર્વ સત્વનું સત્વ;
દાનવ દેવ મનુષ્યમાં, ગણાય પ્રેમ મહત્વ. ૩૨
પરમાત્મા રૂપી પ્રેમ છે, જડ ચૈતન સૌ સ્થાન;
ઓળખ નથી અંતર વિશે, એજ ખરૂં અજ્ઞાન. ૩૩
સકળ સૃષ્ટીમાં પ્રેમની, પ્રગટ દિશે છે જ્યોત;
ખલક વિશે ખાલી નથી, તેવિણ જુઓ ત્રિલોક. ૩૪
પ્રેમ તણી સત્તા પ્રબળ, કળી શકે નહીં કોય;
નિરાકાર સાકારનું, મુળ પ્રેમમાં જોય. ૩૫
પ્રકૃતિ રૂપ માયા બની, માયામાંથી મહત્વ;
અહંકાર ઉત્પન્ન થયો, પ્રેમતણું એ તત્વ. ૩૬
પંચ તત્વ પેદા થયાં, વળી જે શક્તિ સમર્થ;
પ્રભાવ એ છે પ્રેમનો, સમજે શાણા અર્થ. ૩૭
સત્વ અને રજ-તમગુણો, પ્રથક પ્રેમનાં રૂપ;
બ્રહ્મા વિશ્નુ રૂદ્રથી, આદી પ્રેમ અનૂપ. ૩૮

પ્રેમવડે પેદા કરે, સૃષ્ટી બ્રહ્મા સર્વ;
પ્રેમ બીજથી તે ધરે, ઉત્પાદકનો ગર્વ. ૩૯
પ્રેમવડે પોષણ કરે, શ્રી વિષ્ણું ભગવાન;
સંભાળે છે સર્વને, ધરી પોષક અભિમાન. ૪૦
રૂદ્ર પ્રેમ સંહારમાં, ઉતારે ભુભાર;
કારણ તે છે પ્રેમનું, સંશય નથી લગાર. ૪૧
વિશ્વ વિશે વ્યાપી રહી, માયા જેહ મહાન;
ચોદ લોક પેદા કર્યા, પ્રેમનું એજ પ્રમાણ. ૪૨
અતિ દુરમાં દુર દીસે, અદભૂત જો આકાશ;
તેથી ઉંચે પડી રહ્યો, પુરણ પ્રેમ પ્રકાશ. ૪૩
ચોદ લોક અધર રહ્યાં, નથી થાંભલો એક;
પ્રભાવ એ છે પ્રેમનો, ટકાવી રાખે ટેક. ૪૪
જુઓ દશે દિગપાળને, રહયો હૃદયમાં પ્રેમ;
અડગ હજી ઉભા રહ્યા, હતા તેમના તેમ. ૪૫
સમુદ્રને મર્યાદનો, લાગેલો છે પ્રેમ;
વધતો નથી આગળ કદી, વાતાં વાયુ લ્હેર. ૪૬
ચંદ્ર સૂર્યને પ્રેમ છે, કરવા નિત્ય પ્રવાસ;
થાકે નહીં કદી પંથથી, ધરી ઉત્તમ અભિલાષ. ૪૭
સુરરાજ મહારાજને, પૃથ્વિપર છે પ્રેમ;
વર્ષાવે વર્ષાદ તે, ઇચ્છી જગનું ક્ષેમ. ૪૮
પરિબ્રહ્મપર દ્રઢ કરે, વૃત્તી વેદ વિશેષ;
બ્રાહ્મણ સૌ તેથી ભણે, રહ્યો પ્રેમ ઉદ્દેશ. ૪૯
યોગ વિશે અતિ પ્રેમથી, મુની તજે છે ભોગ;
મંત્ર જપે દ્રઢ આસને, કરવા પૂર્ણ પ્રયોગ. ૫૦
મંત્ર પરેછે પ્રેમતો, દેવો સન્મુખ થાય;
જપતપ સાધનથી કરે, પુરણ સૌ ઇચ્છાય. ૫૧

કુળાચાર પર પ્રેમછે, ક્ષત્રીને સંપૂર્ણ;
મરતાં કે વળી મારતાં, રહે ન જરીએ ઉંણ. ૫૨
વૈસ્ય શુદ્ર સર્વે મચે, ધરી દ્રવ્યપર પ્રેમ;
ભુંખ તરસ ગણુતા નથી, હીતકર માની હેમ. ૫૩
પતી પત્નિને પ્રેમ છે, રતિ-કેલી રસમાંહ્ય;
ભજે ભાવથી પરસપર, અન્ય ન રૂચે કાંય. ૫૪
જડ ચૈતન્ય સૌ પ્રેમમાં, રહે ભિજાઇ રોજ;
પ્રેમ પ્રેમને પ્રેમમાં, માણે મોટી મોજ. ૫૫
સ્થાવર જંગમ સર્વમાં, રહ્યો પ્રેમનો વાસ;
વળિ પુરણ પરબ્રહ્મમાં, દીસે પ્રેમ પ્રકાશ. ૫૬
ઇચ્છા હરીની ન્હોય તો, આવે નહીં કદી પ્રેમ;
ઇચ્છા હરીની હોય તો, રહે સદા તે ક્ષેમ. ૫૭
પ્રેમ તણા એકીનથી, પથ્થર પણ પુજાય;
સિદ્ધી દાતા સમજીને, ઇશ્વર રૂપ મનાય. ૫૮
દેવ તણું દેવત્વ તે, પ્રેમનું પૂર્ણ પ્રમાણ;
આરાધન પછી પ્રેમનું, કરે ન કેમ સુજાણ. ૫૯
મંદ મતી રતિ ગતિ નથી, મનુષ્ય એવાં જેહ;
શી રીતે સમજે કહો, પ્રેમ મહાત્મ શુભ તેહ. ૬૦
ઘટઘટમાં વ્યાપી રહ્યા, શ્રીહરિ જેવી રીત;
તેમજ વ્યાપક પ્રેમ છે, ગુપ્તપણાથી ખચિત. ૬૧
સર્વ કાષ્ટમાં અગ્નિનો, ગુપ્ત રહ્યો છે વાસ;
દેખાતો નથિ દ્રષ્ટિએ, તેવો પ્રેમ નિવાસ. ૬૨
પથ્થરમાં અગ્ની છતાં, જાણે નહિ જન જેમ;
પ્રેમ -હ્રદયમાં હોય પણ, પ્રત્યક્ષ ન દિસે તેમ. ૬૩
વસે કાચમાં વન્હિ પણ, કળાય નહિં કિંચીત;
તેવી રીતે પ્રેમનું, લક્ષણ દિસે ખચિત. ૬૪

યુક્તિ રૂડી આવડે, તો ફળદાતા થાય;
કાચ કાષ્ટ પાષણથી, પ્રગટ અગ્નિ પેખાય. ૬૫
મણી મોતી માણિક અને, અપરરત્ન અતી હોય,
ઝવેરિ તેજથી તેમની, કિંમત કરતા જોય. ૬૬
પાણી જાણિ ઝવેરની, કિંમત જ્યમ અંકાય;
ઓછો વધતો પ્રેમ ત્યમ, જોતાં જરૂર જણાય. ૬૭
પ્રેમ કદી વધતો નથી, કરતાં યત્ન અપાર;
સદા સ્વયંભુ તે દીસે, સ્વયં પ્રકાશિત સાર. ૬૮
પ્રેમ પ્રકાશથિ સાધનો, સ્ફુરે હૃદયમાં સર્વ;
અનિષ્ટ ગણી તે અન્યને, ધરે ઇષ્ટનો ગર્વ. ૬૯
પ્રેમ પ્રાણ તન મન તણું, અધિક દીસે છે ઐક્ય;
પ્રેમ વિના જડ અભ્ય છે, તે વિણ સઘળું શુન્ય. ૭૦
તેલ વાટને કોડિયું, ભલે ત્રણ એ હોય;
અગ્ની વિણ દિપક થતાં, દ્રષ્ટિએ નથિ જોય. ૭૧
ચેતન છે અગ્ની વિશે, પ્રેમ વિશે પણ તેમ;
અતિ ઉત્તમ એ પ્રેમનો, મહિમા ઓછો કેમ ? ૭૨
દહીં છાશ માખણ અને, ઘૃત પયમાંથી થાય;
સકળ સૃષ્ટિનું ઉદય સ્થળ, પ્રેમ તેમ કહેવાય. ૭૩
પય દધિ માખણ છાશનો શ્વેત દીસે જ્યમ રંગ;
વદે વેદ વાણી જુઓ, પ્રેમ રૂપી પરબ્રહ્મ. ૭૪
પ્રેમ તણા સાગર વિશે, સુરત રૂપેં છે વા'ણ;
ડુબકી મારી મેળવે, અલભ્ય લાભ સુજાણ. ૭૫
અશુદ્ધ-શુદ્ધ વિશેષણો, નથી પ્રેમને યોગ્ય;
અલ્પ બુદ્ધીથી ઓચરે, ઘટે ન એ ઉપયોગ. ૭૬
સમાન દ્રષ્ટી સર્વદા, વૃત્તીરે' મધ્યસ્થ;
થાય પ્રતિતી પ્રેમની, જુએ સાક્ષીને સ્વસ્થ. ૭૭

પ્રકાશ અંતરમાં છતાં, વિલાસની ધરી આશ;
રહે ઉદાસ ન રાત દી, બને ન પ્રેમી નિરાશ. ૭૮
સ્તુતિ નીંદા ગણતા નથી, મનમાં સમજી રેહ,
નથી રમત એ પ્રેમીની, ખરી કરામત તેહ. ૭૯
લોહ અને સુવર્ણને, પ્રેમી ગણે સમાન;
અધિક સર્વથી અવનિમાં, માને જે પ્રિય પ્રાણ. ૮૦
ઉંચ નિચ સરખા ગણે, ભલે રંક કે રાય;
ભેદ ભાવ ગણશે નહીં, પ્રેમ પ્રકાશિત થાય. ૮૧
બ્રહ્મજ્ઞાનથી ભવતણું, ભય જ્યમ સર્વે જાય,
સાચાં પ્રેમી જીવતે, જીવન મુક્ત મનાય. ૮૨
પ્રેમ તણા તરૂવર પરે ચતૂર ચડે છે જેહ;
રહે અવિચળ એ સ્થળે, ઉતરતાં નથી તેહ. ૮૩
પ્રેમ નગરનો કોણ છે કર્ત્તા કરો તપાસ;
ખબર ખરી લાધે નહીં નિશ્ચય થાઓ નિરાશ. ૮૪
વળી વળી શોધો ગલિ ગલિં, જડે ન કંઇ કિરતાર;
સઘ સ્વયંભુ પ્રેમની, ઉત્પત્તિ અવિકાર. ૮૫
પ્રેમ વડે આનંદ કે, ઉપજે જેહ ઉદાસિ;
સાધારણ સમજે નહીં, તેહ તફાવત ખાસ. ૮૬
જુઓ પુરાન કુરાન કે, વેદ કિતાબ વિશેષ;
પ્રેમ પાઠનો ઠાઠ તે, સમજાતો નથી લેશ. ૮૭
જાણે મુનિવર-યોગીયો, પણ રાખે મન માંહ્ય;
મુઢ-મુડ સમજે નહીં, ગુઢ તત્વ તે કાંય. ૮૮
સમજે મનમાં સહજ તે, કિંચીત કહી શકે ન;
અમુઝણ અંતરમાં અતી, તેને સદા રહેજ. ૮૯
વિતે તેને વ્યાધીનો, અનુભવ સઘળો થાય;
વગર વિતેલાં મનુષ્યનો, વૃથા જન્મ વહીજાય. ૯૦

મંત્ર જંત્ર કે તંત્ર વા, કરો અથાક ઉપાય;
ખંડન મંડન પ્રેમનું, ખચિત તેથી ન થાય. ૯૧
મુનિવર આદી મા'નરો, સમજે સઘળો સાર;
પણ પ્રેમાબ્ધી નવતર્યા, નિશ્ચય પામ્યા હાર. ૯૨
પ્રેમ તણો સાગર કઠિણ, હિણબળથી ન તરાય;
તરે ખરે જે ટેકથી, તે નર મા'ન મનાય. ૯૩
પ્રેમ પયોધિ મધ્ય જે, ધસે ખસે નહીં લેશ;
મિત્ર સ્વરૂપી મેળવે, મુક્તાફળ તે બેશ. ૯૪
જુએ રાત્રીમાં જ્યોતિને, ઉદય વિશે અંધાર;
તેજ મનુષ્યો પામીયાં, પૂર્ણ પ્રેમનો પાર. ૯૫
જવાળામુખી સિતળ લહે, બરફ ઉષ્ણ દેખાય;
પ્રત્યક્ષ પ્રેમ તણું ખરે, લક્ષણ એ પેખાય. ૯૬
કલ્પ વૃક્ષથી વિષ ઝરે, સુવર્ણ લો' દર્શાય;
લો' કુંદન સમ જે જુઓ, એ છે પ્રેમ પ્રભાવ. ૯૭
હંસ કાગ હૃદયે ગણે, ગણે કાગને હંસ;
શુદ્ધ પ્રેમનું ચિન્હએ, કથીન કદી અપભ્રંસ. ૯૮
દાનવ માને દેવ ને, અસુર સુર સમાન;
ન્યુનાધિક માને નહીં, પડતાં પ્રેમ પિછાણ. ૯૯
જ્ઞાની અજ્ઞાની લહે, અજ્ઞાની ઉત્કૃષ્ટ;
ભેદ ભાવ ભાસે નહી, પ્રેમ જ્ઞાનથી સ્પષ્ટ. ૧૦૦
મણિ પથ્થરને માનીલે, પથ્થર મણી પ્રત્યક્ષ;
મન મણિ પથ્થરમાં નથી, પ્રેમ વિશે છે લક્ષ. ૧૦૧
પ્રેમી જન પામે સકળ, અકળ વિધીનો પાર;
સાધ્ય અસાધ્ય ગણે નહીં, નીરખે સૌ સાકાર. ૧૦૨
પૃથ્વીકે પાતાળવા, આ અદ્ભુત આકાશ;
નથી અખાડો પ્રેમનો, શોધો ધરિ અભિલાષ. ૧૦૩

અરે અખાડો એ રહ્યો, અધવચ અધર એહ;
ભાળે નહીં મુરખ જનો, ભાળે પ્રેમી જેહ. ૧૦૪
સૂર્ય ચંદ્રને પવનની, જ્યાંગતિ નથી લગાર;
તેસ્થળ પ્રેમીજન કરે, વિવીધ રીત વિહાર. ૧૦૫
વેદ પુરાણથી ભેદનો, પમાયે જ્યાં નહિ પાર;
તે સ્થળ પ્રેમી જન કરે, વિવિધ રીત વિહાર. ૧૦૬
ઉચિત ન્હોય પણ આદરે, ડરે નહીં દિલ લેશ;
પ્રેમ મદ્યના ઘેનમાં, સુઝે નહીં લવલેશ. ૧૦૭
પ્રેમ મદિરાનું કરે, ખરે પાન જે કોય;
ઉચિત ન્હોય પણ દિલ વિશે, વિચાર શોચન હોય. ૧૦૮
બળવા કે મરવા થકી, ડરશે નહીં લગાર;
ચતુર હોય પણ બ્હાવરો-બનિં ભટકે નિરધાર. ૧૦૯
દ્રષ્ટે દેખે કુપ પણ, પડે દિપક લઇ હાથ;
પ્રેમ મદ્યના તોરમાં -હ્રદય પ્રેમિની સાથ. ૧૧૦
ઘટે તેજ કે તન પડે, ગણે તુચ્છ તે સર્વ;
પ્રેમ મદ્યની ધુનમાં, ધરે પ્રેમિ અતી ગર્વ. ૧૧૧
પ્રેમી જનના મન રૂપી, કેસરઉત્તમ જેહ;
સુરતારૂપી નીર વડે, ખચિંત ખીલે એહ. ૧૧૨
સ્નેહ નગરના દ્વારથી, સીધી-વિહું બજાર;
પાર પડે તે પામશે, પરમાત્મા નિરધાર. ૧૧૩
શિયળવૃત સચવાવવું તે, અતિ દોહીલી વાત;
તેમજ પ્રેમ નિભાવવો, એ મુશ્કલ સાક્ષાત. ૧૧૪
ચઢે રણે ત્યાં ઘા પડે, સહન કરે શૂરવીર;
પ્રેમતણો ઘા સખત તે કરે સહન જે ધીર. ૧૧૫
પ્રેમિના મનરૂપિં છે, અમુલ્ય કુંદન મહોર;
સુરત રૂપી કાન્તી અતી, ચિત નવ રાખે ઠોર. ૧૧૬

દિવ્ય દિપાવે દિન દીને, પામે પૂર્ણ પ્રકાશ;
વિર્હાગ્નિથી વધુ વધે, કિમંત તેની ખાસ. ૧૧૭
સુવર્ણ અગ્નિ સંગથી, જયમ નીર્મળ અતી થાય;
વિરહ વડે પ્રેમી દિલે, સુરત રંગ સોહાય. ૧૧૮
અન્ય રંગ ઉતરે ઝરે, જયમ જયમ દિવસ જાય;
પ્રેમ રંગતો પ્રતિ દીને, વિરહથી વૃદ્ધી થાય. ૧૧૯
પ્રેમની પથરી સાથજો, ચિત ચેતન અથડાય;
શોષણતા શિલ મુખ પરે, વિરહ અગ્નિ દર્શાય. ૧૨૦
પ્રતિતી સર્વ પ્રકારની, વહી પ્રેમની માંહ્ય;
રાજનિતી રસની રીતી, વશી પ્રેમ છે ત્યાંય. ૧૨૧
હારજીત એ પ્રેમમાં, વળી સંગ કે જંગ;
પ્રેમ વિશે સર્વે રહ્યું; રંગ ઉમંગ અનંગ. ૧૨૨
હાવ ભાવને લ્હાવ સૌ, વળી રાગ અનુરાગ;
આજ શોખ એ પ્રેમનો, સઘળો દિસે સોહાગ. ૧૨૩
ધ્યાતા જ્ઞાતા ધિર અધિર, ધ્યેય ગ્યેય ધી ધૈર્ય;
રહ્યું સર્વ એ પ્રેમમાં, ગુણ શક્તિ-ઐશ્વર્ય. ૧૨૪
જોગ ભોગ પણ પ્રેમમાં, વળી યોગ વિયોગ;
સુખ દુખ સૌએ પ્રેમમાં વળી હર્ષને શોક. ૧૨૫
જયાં જયાં જુઓ વિચારીને, ત્યાં ત્યાં પ્રેમ પ્રસંગ;
પંચમહાભુતમાં રહ્યો, રહ્યો તે તણાં અંગ; ૧૨૬
ખરી કરામત ઇશની, પ્રૌઢો પ્રેમ પ્રભાવ;
પ્રકાશ ખાસ પ્રસારિદે, એવો પ્રેમ સ્વભાવ. ૧૨૭
પથરને ઇશ્વર કરે, પ્રેમ થકી પ્રત્યક્ષ;
ઇશ્વરને પથર ગણે પ્રેમ તણું એ લક્ષ. ૧૨૮
પહોચે પ્રેમ પ્રતીતિથી, આખર અક્ષય ધામ;
પ્રેમ -હ્રદયમાં હોય તો સિદ્ધ થાય સૌ કામ. ૧૨૯

જેપર લાગે રંગ ત્યાં, ગણે ન ભય કે દુખ;
ગાયન સુણિ મૃગ આવશે, મૃત્યુની સન્મુખ. ૧૩૦
આઠ માસ અવનિ વીશે, રહે દાદુર નિર્જીવ;
ગાજવિજ સુણી પ્રેમથી, સત્વર થાય સજીવ. ૧૩૧
હાથીપર હાથણિ તણો, અતુલ રહો છે પ્રેમ;
કૃત્રિમ હાથણિ હોય પણ, ઇચ્છે નહિ નિજ ક્ષેમ. ૧૩૨
અપાર માર પડે છતાં, બાનર મુઠ છૂટે ન;
કષ્ટ પડે પણ પ્રેમની, ત્યમ ગ્રંથી તૂટે ન. ૧૩૩
હૃદય પ્રેમ જ્યાં શુદ્ધ ત્યાં, ઉપજે કેમ વિકાર;
સ્વાત્માર્પણ કરતાં લગી, ડગે નહીં નિરધાર. ૧૩૪
ચોટી ત્યાં ચોટી રહે, જુઓ "ઘો"તણી રીત;
સજડ ચોટયો પ્રેમતે, ખસે ન લેશ ખચીત. ૧૩૫
કરે કલાપિ પ્રેમથી, વર્ષામાં ટૌકાર;
ઉષ્ણકાળ સિતકાળમાં, કરે ન જરી ઉચ્ચાર. ૧૩૬
પ્રેમી, નિરખી પ્રેમિને, અતિ પ્રગટે આ'લાદ;
તેવિણ ઉત્તમ હોય પણ, સુણવો ન ગમે સાદ. ૧૩૭
ચ્હાય બપૈયો સ્વાતિજળ, તે વિણ અન્ય પિએ ન;
તૃષા સહન કરી સર્વદા, ધરી વિશ્વાસ રહેજ. ૧૩૮
કોયલ રૂતુ વસંતમાં, રહે પ્રેમ ચકચૂર;
અન્ય રૂતુમાં અંગપર, રહે ન લગિરે નૂર. ૧૩૯
રસમય ટૌકા કરી રૂડા, કોયલ કરે કિલોલ;
વસંત વિણ રૂતુ અન્યમાં, રહે ખિન્ન અણબોલ. ૧૪૦
લગનિ લાગી ચકોરને, જુઓ ચંદ્રને ચ્હાય;
અતિ પ્રકાશિત સુર્ય પણ, તૃપ્તિ ન તેથી થાય. ૧૪૧
મંદ જાણિ ગતિ મંદથી, સુર્ય જુએ નહીં દ્રષ્ટ;
ચંદ્રોદય લગી પ્રેમથી, પામે પુરણ કષ્ટ. ૧૪૨

વિછાહુ સહુન કરિ નવ શકે, જુઓનિ પક્ષિ કપોત;
માદા જો પકડાયતો, રહે ન તેના હોશ. ૧૪૩
અચેત થઈ આકાશથી, પડે પ્રિયાની પાસ;
જીવ જતાં લગી તેહને, રહે પ્રેમની પ્યાસ. ૧૪૪
કમળ વિશે જઇ ભ્રમરતો, ભાવે થકી ભરાય;
કમળ બીડાઇ જાય પણ, ખચિત નહિજ ખસાય. ૧૪૫
કમળ પાંખડી ચીત જડી, કહો ડસે તે કેમ;
અણહિત ઉપજે આપનું, તો પણ માને ક્ષેમ. ૧૪૬
પતંગ પ્રેમથકી પડે, દિપક જયોતી માંહ્ય;
રીઝી સુંદર રંગમાં, ખસે ન ત્યાંથી ક્યાંય. ૧૪૭
અંગ બળે પણ પ્રેમનો, રહ્યો હૃદયમાં વાસ;
નાશ થાય પણ મન વિશે, માને પ્રેમી વિલાસ. ૧૪૮
ગોળ સરકરા સ્વાદથી, મંકોડી ધરી મોદ;
ચોટે તે ઉખડે નહીં, કરતાં યત્ન અથોક. ૧૪૯
તૂટે પણ છૂટે નહીં, જુઓ કિટની જાત;
પ્રેમતણું બળ કેટલું, દિસે જુઓ અઘાત. ૧૫૦
મધુર રવ મોરલી તણો, સુણિ વિષધર વશ થાય;
વાસ તજીને પ્રેમથી, મોરલિ સુણવા જાય. ૧૫૧
મણિધર મણિ મુકિ દુર ફરે, પણ રે' તે પર ધ્યાન;
જીવન મણિને જાણિને, સદા રહે ગુલતાન. ૧૫૨
જુઓ સર્પનો પ્રેમ છે, ચંદન તરૂવર માંહ્ય;
ખાનપાન તજી સર્વદા, વળગી રહે છે ત્યાંય. ૧૫૩
જુરાફ પક્ષિનિં જોડિતે, સમજે પ્રિતિની રીત;
નર માદા સાથે મરે, બને કદી વિપરિત. ૧૫૪
રહેન ભિન્ન જરાય તે, નિર્ખે અન્યો અન્ય;
ધન્ય એમના પ્રેમને, વળી એમને ધન્ય. ૧૫૫

શૃંગિ મચ્છની વૃત્તિતે, રહે ચંદ્રમાં રોજ;
કૃત્રિમ ચંદ્ર બતાવીએ, તોપણ માને મોજ. ૧૫૬
તુચ્છ દેહને માનીને, ગણે ન લગિરે બીક;
સત્વર દોડી આવતું, પ્રેમે ચંદ્ર સમિપ. ૧૫૭
સુષ્ક પત્રથી ડરિ મરે, મચ્છ તણી એ રીત;
લો'શર ગ્રહણ કરે જુઓ, લોટપરે છે પ્રીત. ૧૫૮
દમન કરે દે' અમરજો, નમે ન બીજે સ્થાન;
કસ્તુરીપર સ્નેહથી, નમે ત્યાંજ નિદાન. ૧૫૯
હારન પક્ષી કાષ્ઠપર, ધરે સર્વદા પ્રેમ;
ખસે લાકડુ લગિરતો, રહે ન તે તો ક્ષેમ. ૧૬૦
પારાને સ્રીપર પ્રિતી, નિર્ખી તજે નિવાસ;
ઉછળે અતિ ઉમંગથી, દોડી આવે ખાસ. ૧૬૧
ચમક પરે લો' પ્રેમ છે, રહે ન અંતર લેશ;
દોડી વળગે ચમકને, પ્રેમી લોહ વિશેષ. ૧૬૨
ભલે અચેતન હોય પણ, પ્રેમથી થાય સચેત;
રહે પ્રેમની વાંચ્છના, ભમે બર્નિને પ્રેત. ૧૬૩
મરિથી જરી જુદુ પડે, જુઓ કપુર ગળિ જાય;
ધન્ય કપુર સ્નેહી વિના, રહી શકે ન જરાય. ૧૬૪
માન સરોવર હંસને, પ્રિયકર અતિ મનાય;
જુદૂ પડિ જીવે નહીં, જુઓ પ્રેમ મહિમાય. ૧૬૫
પુષ્પ સુગંધી પવનસહ, પૂર્ણ પ્રેમથી જાય;
સ્થાન તજે પણ મિત્રથી, અળગી લેશ ન થાય. ૧૬૬
જુઓ કુમુદની ટેક શું, રહ્યો ચંદ્રપર ભાવ;
જોયા વિણ જીવે નહીં, જાણો પ્રેમ પ્રભાવ. ૧૬૭
નિર્ખિ નિશાચર નેહથી, ખિલે ખુબ ખચિત;
ભલે પ્રભાકર હોય પણ, મન માને વિપરિત. ૧૬૮

નલિની તણો નિશંક છે, જુઓ સૂર્યથી સ્નેહ;
તે વિણ ખિલે નહીં કદી, ચંદ્ર ઉદયથી તેહ. ૧૬૯
સ્વાતી બિંદુ ઝાલવા, સીપ ધરે ઉત્સાહ;
સમુદ્ર જળપર આવતું, વાહ! પ્રેમ એ વાહ! ૧૭૦
નરમાદા મોતી જુઓ; અરસ પરસ આસક્ત;
ભિન્ન સ્થળે વેચાય પણ, રહેન તેહ વિરક્ત. ૧૭૧
માળામાં સાથે મળે, રહે સમિપ તે રોજ;
શિખવે દંપતિને સદા, માણો આવી મોજ. ૧૭૨
ચકવા ચકવિનો દીસે, સૂર્યપરે અતી પ્રેમ;
અસ્ત થતાં ઘેલાં બને, મન માની અક્ષેમ. ૧૭૩
શશી સાથે શું સ્નેહ છે, રત્નાકર રસ રાય;
ચાંદનીમાં અતી ઉછળે, દિવસ સમે સ્થિર થાય. ૧૭૪
મધમાખી મધ ઉપરે, રાખે અતુલિત સ્નેહ;
મધપુડાને કારણે, ગાળે બાળે દેહ. ૧૭૫
જુઓ જમાવે રસ અહી, સુપુષ્પમાંથી સદાય;
મધપોડુ પડી જાય તો; દિન ખિન્ન અતી થાય. ૧૭૬
સ્થાવર જંગમ સર્વમાં, રહ્યો પ્રેમનો વાસ;
સ્વભાવિક આવી મળે, પ્રેમ પ્રેમની પાસ. ૧૭૭
સ્વભાવિક ભાવિક બે, પ્રેમતણા છે ભેદ;
ભાવિક પ્રેમ વડે ભણે, જુઓ બ્રાહ્મણો વેદ. ૧૭૮
પુરણ પ્રેમ પરબ્રહ્મ પર, સદા સાધુને હોય;
તાપ ટાઢ ગણતા નથી. કષ્ટ પડે અતી તોય. ૧૭૯
સ્વામીપર સેવક તણો, હોય સત્ય જો પ્રેમ;
ડરતા નથિં મરતા લગી, ઇચ્છિ સેવ્યનું ક્ષેમ. ૧૮૦
સ્વામી સંગે સતિ સ્ત્રીઓ, જોતાં બળતિ જણાય;
પ્રત્યક્ષ લક્ષ પ્રમાણ એ, ભાવિક પ્રેમ ગણાય ૧૮૧

અગમ અગોચર પ્રેમનો, પંથ ખરે પેખાય;
ગત સમજ્યા વિણ ધુસતાં, આખર તે મુઝાય. ૧૮૨
પ્રભુ નથી વશ કોઇને, પ્રેમતણે વશ થાય;
પ્રેમતણો મહિમા પછી, શું ઓછો કહેવાય? ૧૮૩
નવધા ભકતીમાં અતી, પ્રેમ લક્ષણા શ્રેષ્ઠ;
ગ્રહણ કરે શ્રી કૃષ્ણ તો, મનુષ્ય ગણે કયમ નેષ્ટ. ૧૮૪
રસીક જનોનો મર્મ તે, સમજે શું અજ્ઞાન;
મુર્ખ જનો હાંસી કરે, સમજે પ્રેમિ નિદાન. ૧૮૫
પ્રેમામૃતનો સ્વાદ તે, વર્ણ્યો ના વર્ણાય;
સાકર સ્વાદ મુંગાવડે, શી રીતે કે'વાય. ૧૮૬
અનુભવિ સમજે -હૃદયમાં, અનુભવ વિણ હેવાન;
પ્રેમ પાઠ શીખ્યા વિના, સમજે નહિ વિદ્વાન. ૧૮૭
જ્ઞાન ધર્મ વૃત નિમ કે, યોગ યજ્ઞ તપ તીર્થ;
તે કરતાં તો પ્રેમ છે, સૌથી શ્રેષ્ટ સમર્થ. ૧૮૮
ધર્મ અર્થ વળી કામને, મોક્ષ તણું મુળતત્વ;
સર્વ સમાયુ પ્રેમમાં, પ્રેમ તણું અતિ મહત્વ. ૧૮૯
હોય પ્રેમ ધન પાસ તો, સાધનનું શું કામ;
પ્રેમથી ગોપીજન બધાં, પામ્યાં મુકતી ધામ. ૧૯૦
ઘટશે સાધન ઘડિકમાં, ઘટેન પ્રેમ પ્રભાવ;
ઘટમાંથી ઘટ ખેંચતાં, નિત્ય નિત્ય નવિન ભરાય. ૧૯૧
પ્રેમામૃતના પાનનો, આવે નહીં અભાવ;
ભાવ રહે છે સર્વદા, લેતાં અમુલખ લ્હાવ. ૧૯૨
પ્રેમામૃત પળ નવ મળે, ઘટે ઘડિમાં અંગ;
જવર પિડા ભ્રિડાવડે, ઝટ બદલાયે રંગ. ૧૯૩
પ્રેમી કેરાં નેત્રમાં, પ્રગટે પ્રેમ પ્રભાવ;
જગત તણાં સૌ સ્થળ વિશે, નિર્ખે પ્રેમી ભાવ. ૧૯૪

આશક માશુક પ્રેમમાં, રહે સદા તલ્લિન;
સામરાજ્ય સૌ સ્થાનમાં, ભાસે પ્રેમ પ્રવિણ. ૧૯૫
એકમેકના હ્રદયમાં, સ્વરૂપ તો સ્થિર થાય;
પ્રતીબિંબતો પ્રેમનું, અરસપરસ દેખાય. ૧૯૬
ચોસર બાંધી ચિત્તની, રમે બધાં નરનાર;
પ્રેમરૂપિ પાસા વિના, જીતે નહીં લગાર. ૧૯૭
પ્રેમરૂપિ બિજ હ્રદયમાં, ઉગે છે જે વાર;
લજ્જારૂપી ધુળથી, નથી નિકળતું બ્હાર. ૧૯૮
જોબન રૂપિ વરસાદની, આવે જ્યારે રેલ;
લજ્જારૂપી ધુળ તે, ખસી જાય તતખેવ. ૧૯૯
કાન્તી રૂપી મદ્યનો, પ્યાલો પ્રિયકર થાય;
પીતાં મુર્તિ હ્રદયમાં, સજડ ચોટી જાય. ૨૦૦
તે સારૂ તલખે સદા, તે વિણ ન પડે ચેન;
હ્રદય તપે અશ્રુ ગળે, વિયોગથી દિનરેન. ૨૦૧
સ્નેહ રૂપી ભુરકિ વડે, બને બાવરૂ મંન;
ઠામ ઠરે નહીં તે કદી, ભલે હોય સજ્જન. ૨૦૨
દિનકરથી અતી દિપની, પ્રભા પ્રેમની પૂર્ણ;
ચતુર તેથી ન્હાય છે. પ્રેમ તત્વ સંપૂર્ણ. ૨૦૩
વેદથિં વાણી તેહની, અતિશે દિસે અભેદ;
ધ્યાન વાણીમાં તેહનું, નથી પહોચતું લેશ. ૨૦૪
ઇંદ્રભુવનમાં તે નથી, નથી દેવ ભુમિ માંહ્ય;
શોધ્યો તે જડતો નથી, અથાક યત્ને ક્યાંય. ૨૦૫
પ્રસરી રહ્યો શરીરમાં, પણ નથિં ગતી લગાર;
અંગ રંગ નથી જાણતું, જાણે અનુભવી સાર. ૨૦૬
પ્રેમાબ્ધિમાં રસીક નર, ડુબ્યાં જો દેખાય;
રસ હીણાં નર નારિના, નિત્ય ફજેતા થાય. ૨૦૭

પ્રેમ પારસી અવનવી, સમજે ચતુર સુજાણ;
સમજે તે અનુસારમાં, મુરખને નહીં ભાન. ૨૦૮
પ્રેમ નેત્રના પ્રા'રથી, લાગે જબરી ચોટ;
અઘાત બળ છે તેહનું, મરડી નાખે કોટ. ૨૦૯
મનરૂપી સોના મ્હોરનો, પડતાં પ્રેમ પ્રકાશ;
ભાસે સૌ સ્થળ પ્રેમનો, નિર્મળ નકી નિવાસ. ૨૧૦
મેઘગર્જના સાથ જ્યમ, રહે મોરનું ધ્યાન;
આશક માશુકનું રહે, ત્યમ લાગેલું તાન. ૨૧૧
ધ્યાન રહે છે દોરપર, નટનું જેવી રીત;
પ્રેમીપર પ્રેમીતણું, તેવું રહે ખચિત. ૨૧૨
પતંગનું દીવાપરે, ઘટપર જ્યમ પનિઆર;
ચકોરનું રહે ચંદ્રપર, ધ્યાનતાન નિરધાર. ૨૧૩
મચ્છ ધ્યાન રહે જળ વિશે, વચ્છ ધ્યાન રે' માત;
તેમજ ધ્યાન રહે સદા, પ્રેમીપર સાક્ષાત. ૨૧૪
કદિ પ્રેમીના હૃદયમાં, જરા કઠિણતા હોય;
શેરડી ગાંઠસમી મળે, મિઠાશ પૂરણ તોય. ૨૧૫
અવગુણ શોધો ઉલટથી, તોપણ ગુણ દેખાય;
પ્રેમ રૂપી શશિ ઉદયથી, ઉડુગણ સૌ ઢંકાય ૨૧૬
પ્રેમ પ્રભા પ્રસરી રહે, રહે ન લેશ વિકાર;
દીનકર ઉદય થયા પછી, તિમિર ટળે નિરધાર. ૨૧૭
પ્રેમ હોય ત્યાં દ્રષ્ટિએ, દોષ ન દિસે લગાર;
~~કુબ્જા કુબડી કૃષ્ણને, થઇ રહી પ્રાણાધાર~~ ૨૧૮
ભુત પ્રેત ભુંડાં ઘણાં, તોપણ શીવજી મ્હાય;
ભુંડાં ને રૂડાં ગણે, એજ પ્રેમ કહેવાય. ૨૧૯
સમુદ્ર જળ ખારૂ છતાં, મચ્છનું જીવન તેહ;
ભલે પયોધી હોય પણ, કુશળ રહે નહીં દેહ. ૨૨૦

જેનું જેહ ગણાય તે, ઉચિત અનુચિત હોય;
પણ તે વિણ તેને -હદે, અધિક વસે નહીં કોય. ૨૨૧
જેનો જે પર પ્રેમ છે, પ્યારૂ તેનું સર્વ;
દુનિયાં દુષણ દે ભલે, પણ પ્રેમીને ગર્વ. ૨૨૨
જેપર જેને પ્રેમ છે, તે તેને પ્રિયપ્રાણ;
છોડે નહીં છેવટ સુધી, લાભ હોય કે હાણ. ૨૨૩
જીવને પ્રિય તે જીવન છે, ન ગણે સારાસાર;
ગજમુક્તા તજી ભિલડી, પે'રે ગુંજાહાર. ૨૨૪
જળથી જન જાણે જુઓ, પયને અતિ ઉત્કૃષ્ટ;
મીન ન માને મન વિશે, પ્રેમનું લક્ષણ સ્પષ્ટ. ૨૨૫
જ્ઞાની તપસી બહુ હશે, શુદ્ધ પ્રેમિતો કોક;
કેસરિ સ્થળ સ્થળ નહીં મળે, હયગજના તો થોક. ૨૨૬
જ્ઞાની કે તપસી તણું, ચળે ચિત્ત કોવાર;
પ્રેમી કેરા ચિત્તને, ચળિત ન કરે વિકાર. ૨૨૭
વિર્હ દહે વ્યાધી રહે, કે કદી હાની થાય;
સહન કરે સાચાં સદા, છોડે નહીં કદાય. ૨૨૮
બંધન ધન છે પ્રેમનું, છોડયુ નહીં છુટેજ;
તોડાવા તત્પર થતાં, નહિ નહિ કદી તૂટેજ. ૨૨૯
પ્રેમ પાસલો વિકટ છે, કદી પડે જન કોય;
કરે પ્રયાસ અપાર પણ, પાર ન નિકળે તોય. ૨૩૦
પારધિ નાખે પાસલે, મૃગદ્રગ નિર્ખી જેમ;
પ્રેમી નાખે પાસલે, પ્રેમીજનને તેમ. ૨૩૧
પારાધ મૃગને ફંદમાં, પાડે પણ ન પડેજ,
પ્રેમ ફંદમાં નાખતાં, પ્રેમી નહીં બચેજ. ૨૩૨
પ્રગટ થાય પ્રેમોર્મિ જ્યાં, દાબ્યો નહીં દબાય;
કદી દબાવા ચ્હાયતો, અતિશે દિલ અકળાય. ૨૩૩

પ્રગટે પ્રેમ પ્રભાવતો, બદલે સહજ સ્વભાવ;
થાય ઉછાંછળી ગર્ભિણી, ગતિ ગંભીર જણાય. ૨૩૪
પ્રગટ થાય જ્યાં પ્રેમ ત્યાં, રહે ન જરિએ વ્હેમ;
ક્ષેમ સર્વ ત્યાં સમજશે, ગણે કથિર પણ હેમ. ૨૩૫
પ્રેમ તણું શર વાગતાં, પિડા વધે પ્રચંડ;
સહન થાય નહીં, દહન તે કરે શરીર અખંડ. ૨૩૬
ગણે ન ભય કંઇ ભૂ પરે, ધરે ન ધીરજ લેશ;
તજવિજોમાં તિવ્ર રે' પ્રેમી જન હમેશ. ૨૩૭
મન લોચનની મદદથી, સુ-હૃદ તણો કરી શોધ;
રોધ મટાડે યત્નથી, તજી સઘળો સદ્બોધ. ૨૩૮
નેત્ર રૂપી ચકમક મળ્યે, પ્રેમાગ્નિ પ્રગટાય;
ગુણ સમીધો ન્હોયતો, જલદી તેહ બુઝાય. ૨૩૯
થાય વ્યગ્રતા પ્રેમથી, નવ રે' શુધ કે સાન;
છોડી સૌ સંતાપને, કરે પ્રેમ રસ પાન. ૨૪૦
પ્રેમી જનને પરસપર, ઘટઘટ લાગે ધ્યાન;
છોડે નહીં છેવટ સુધી, ભલે જાય જો પ્રાણ. ૨૪૧
ધ્યાન કર્યાથી થાય છે, એકમેક તદ્રૂપ;
ભેદ ભાવ રે'તો નથી. સમજે એક સ્વરૂપ. ૨૪૨
શ્યામા જાણે શ્યામ હું, રટે "શ્યામ" નું નામ;
પણ "શ્યામા" શ્યામા કહી; પોકારે પ્રિય પ્રાણ. ૨૪૩
શ્યામા કેરૂ શ્યામ તો, રટે નામ ધરી પ્રીત;
"શ્યામ" શ્યામ" મુખ ઓચરે, ન ગણે ભેદ ખચિત. ૨૪૪
પ્રેમ પારદર્શક દીસે, જેનું જેવું ચિત;
તેવું તેને માનિને, સર્જે તેવી રીત. ૨૪૫
પ્રેમ વિશે પિડા છતાં, અતિ લાગેછે મિષ્ટ;
કારેલાં કડવા છતાં, શાક થાય સ્વાદિષ્ટ. ૨૪૬

કટુ કસુંબો પણ ખરે, આપે અતી મિઠાશ;
મહિમા એ છે પ્રેમનો, પ્રેમ તને સાબાશ. ૨૪૭
વિસરાવી દે વેરને, વ્હાલો ગણે વિશેષ;
ભલે કસુંબો પાય પણ, હરખે હૃદય હમેશ. ૨૪૮
પ્રેમે આપે ઝેર તે, લાગે સુધા સમાન;
ઉન્નતિ થાયે અંગની, ન કરે કંઇએ હાણ. ૨૪૯
પ્રેમ દુખની વેદના, વિષથી વધુ જણાય;
પ્રેમીના મેળાપથી, ત્વરિત નિવૃત્તિ થાય. ૨૫૦
શુદ્ધ પ્રેમ રસ નહીં પચે, નથિ પૂર્ણ જે પાત્ર;
સિંહણ પય સુવર્ણ વિણ, ફોડે ધાતુ માત્ર. ૨૫૧
આહા! શું આશ્ચર્ય કે, નથી સમજતું કોય;
પ્રેમતણા બળ આગળે, પંડિત સરખા રોય. ૨૫૨
પડે મુર્ખ એ ફંદમાં, નથી ગણાતો વાંક;
પણ પંડિત ડાહ્યા પડી, વાળે આડો આંક. ૨૫૩
એકવાર પડી પ્રેમમાં, અતિશે જન અકળાય;
નિકળવા યત્નો કરી, પડવાના સમ ખાય. ૨૫૪
ટકે ન ટેક લગાર તે, ચુકે ચતુર વિવેક;
તમરખાઇને વમળમાં, ફરિ ફરિ પડતાં તેહ. ૨૫૫
પસ્તાવો પળ એકનો, રહે ન ઝાઝી વાર;
પ્રેમ વમળથી છૂટવા, નથિ સમરથ નરનાર. ૨૫૬
ભ્રમર બિચારો કમળમાં, નિત્ય નિત્ય બિડાય;
ઘેરાયો રે' ત્યાં લગી, પુરો તે પસ્તાય. ૨૫૭
બ્હાર નિકળતાં તેહને, નવ રે' બંધન બીક;
ભુલીજાય દુખ પાછલું, ઝુઝી દેતે ઝીક. ૨૫૮
સર્વથી વ્હાલો જીવ છે, જીવને લાગ્યું લગ્ન;
જેમાં મન બુડયુ રહે, તેમાં રે'છે મગ્ન. ૨૫૯

આત્માના સુખ કારણે, તે સ્થળ મન દેવાય;
પાડ નથી એમાં કશો, કોને તે કે'વાય. ૨૬૦
પ્રગટ જ્યોત થઈ પ્રેમની, નિર્ખે સઘળે પ્રેમ;
પીળુ સઘળુ દેખશે, કમળા વાળાં જેમ. ૨૬૧
શુદ્ધ પ્રેમનું ચિન્હ એ, સમજો તમે ખચિત;
કામ કાજમાં નવઠરે, ચતુર હોય પણ ચિત્ત. ૨૬૨
સર્વથી વ્હાલો પ્રાણ છે, પ્રાણથિ પત્ય વિશેષ;
પ્રેમી સમ પ્રેમી જુઓ, ન ગણે વ્હાલું લેશ. ૨૬૩
લોક કૂળ કે વેદની, નગણે લજ્જા લેશ;
વિવેકબળ ચાલે નહીં, જો કદી હોય સુરેશ. ૨૬૪
દ્રષ્ટી દુરિજનની પડે, પણ પળ માંહી ટળાય.
પડી સજ્જનની દ્રષ્ટી તે, જીવ જતાં નહીં જાય. ૨૬૫
દુરિજન દ્રષ્ટી દુખના, અદકા મળે ઉપાય;
મેલી દ્રષ્ટી સૌ કહે, પણ છે અલ્પ પિડાય. ૨૬૬
પ્રેમદ્રષ્ટી સજ્જન તણી, મીઠી અતી મનાય;
મટાડતાં મટતી નથી, પીડા રહે સદાય. ૨૬૭
બંધન ધાતુ ગુણ તણાં, દ્રઢ અદ્ભુત દેખાય;
તે થકિ બંધન પ્રેમનું, સુદ્રઢ સુઘટ્ટ સુહાય. ૨૬૮
પ્રેમી પ્રેમી કારણે, સાવધ રહે સદાય;
હરકત હરવા હરઘડી, સત્વર તત્પર થાય. ૨૬૯
માર તણો ભય અંગને, ઉપજે છે જે વાર;
આડા પડી કર અંગનું, રક્ષણ તો કરનાર. ૨૭૦
પણ પોતાનું જાળવે, પાંપણ ધરીને પ્રેમ;
ક્ષણ રક્ષણ ચુકે નહીં, ચખ દખ આવે કેમ. ૨૭૧
નથી કે'વું પડતું કદી, કરો આમ કે તેમ;
સમજે શામાં સુખ છે, વળિ શેમાં છે ક્ષેમ. ૨૭૨

પ્રગટ થાય છે પ્રેમ જ્યાં, ત્યાં નથી રે'તુ ભાન
તન મન ઢળતુ તે ભણી, ન ગણે મોટપ માન. ૨૭૩
ઘોરનિશા ઘન ગરજતો, વ્યોમ ભોમ ભયરૂપ;
પ્રેમ નિશામાં પ્રેમિતો, માને સૂખ અનૂપ. ૨૭૪
સરિતા વૃષા વિશે દિસે, વારીથી ભરપૂર;
પ્રેમવારીધિ પ્રેમિનું, ઉભરાતું અતી ઉર. ૨૭૫
દ્રગ ચળકે ઝળકે જુઓ, વરસે રસમસ રંગ;
પ્રગટ જણાતો પ્રેમિને, અંગે અતી ઉછરંગ. ૨૭૬
અગમ અગોચર પ્રેમનો, પંથ ખરેખર પેખ;
પ્રવિણ હોય પરિપૂર્ણ તે, પાર પડેલાં દેખ. ૨૭૭
અતૂલિત બળ છે પ્રેમનું, ખેંચે ખુબ ખચીત;
શ્રીકૃષ્ણ પ્રભુ સમરથ છતાં, કીધી કુબજા પ્રિત. ૨૭૮
ભૂધર ભટકયા વનવને, વૃજ વનિતાને કાજ;
ટકિ ન પ્રભુતા પ્રભુ તણી, પ્રેમ તણું એ રાજ. ૨૭૯
અવનિ જે અધર રહી, ધરે શેષ શિર ભાર;
ભાર ગણે નહીં પ્રેમિજન, અપાર તોય લગાર. ૨૮૦
હોય પુનિત જો પ્રેમતો, શું છે તેથી શ્રેષ્ટ;
શ્રેષ્ટ મળે ફળ તે વડે, નડે ન પિડા નેષ્ટ. ૨૮૧
પુનિત પ્રેમથી પ્રભુ તણો, થાયે સહજ સબંધ;
સબંધ પ્રેમ વિના થયો, દુખકર તે પ્રતિબંધ. ૨૮૨
પ્રણય સમો રસ કો નથી, ઉત્તમને વળી ઇષ્ટ;
સબરસ વિણ ભોજન ભલું, લાગે નહિ સ્વાદિષ્ટ. ૨૮૩
વિષધર મણિધર છે છતાં, નથી હૃદયમાં સ્નેહ;
ભૂમાં ભયકારી બધે, જનમન જાણે તેહ. ૨૮૪
નથી સ્નેહનું જ્ઞાનતો, હોય ભલે વિદ્વાન;
વિષ સમ વિદ્યા તેહની, દુખકર દીલ પ્રમાણ. ૨૮૫

હોય અલંકૃત સદ્‌ગુણે, વળિ સર્વોત્તમ રૂપ;
સ્નેહ વિના શોભે નહીં, સદ્‌ગુણ અને સ્વરૂપ. ૨૮૬
સ્નેહ વિનાનું જ્ઞાન તે, જાણો જન અજ્ઞાન;
ગણાય નહીં જ્ઞાતાપણું, ભણાય તે બેભાન. ૨૮૭
નથી હૃદયમાં સ્નેહ તો, કો' કયમ કે'વો મિત્ર;
હેત વિનાના પ્રેતનું, નગમે જોવું ચિત્ર. ૨૮૮
નેકી ટેકિ વિવેકિ કે, પૂરણ હોય પવિત્ર;
પણ સ્નેહાળ ન હોય તો, ન ગમે જોવું ચિત્ર. ૨૮૯
સ્નેહ વિનાનો મિત્ર તે, અગ્ની તુલ્ય ગણાય;
ચરિત્ર ચારૂ હોય પણ, ચિત નવ ન્હાય જરાય. ૨૯૦
હૃદય વિશે નથિં સ્નેહ તો, ભલે સજીવન હોય;
મૃતમય ગણવાં તેહને, ગમે ન લેવી છાંય. ૨૯૧
જે છે સાચો સ્નેહ તે, સુખકર સૃષ્ટી માંહિ;
એવિણ સુખકર કંઈ નથી, સીમા સ્નેહે રહી. ૨૯૨
દર્શન માટે દ્રગ સ્રવે, મન અતીશય મુઝાય;
ચિતવન ચિતમાં હરઘડી, શુદ્ધ સ્નેહથી થાય. ૨૯૩
પ્રેમ મુર્તિના દર્શને, પીડે મદન અપાર;
શું તે વૈદ કળીશકે, નાડીમાં નિરધાર. ૨૯૪
સ્નેહી સાચું હોય જે, કળે તરત તે વ્યાધિ;
ઉપાય સત્વર આદરી, ટાળે દુઃખ ઉપાધિ. ૨૯૫
ઇશક પિડા જાણીશકે, કેમ અજાણ્યો વૈદ;
ઓળખનારાં ઓળખી, ટાળે દુઃખ ખચીત. ૨૯૬
લગની લાગે જેહથી, ત્યાં ચિત ચોટીજાય;
ઉખડે નહિ યત્નોવડે, એતે શું કે'વાય. ૨૯૭
જો " લે' " લાગે લાલને, લાડી તણી જરૂર;
લાડીમાં લાગ્યું રહે, મન બનિને ચકચૂર. ૨૯૮

લાગી "લે'" લાડી દિલે, "લાલ" "લાલ" તે ચ્હાય;
લાડી વિણતો લાલનું, મંન ઘણું મુંઝાય. ૨૯૯
ચડે હીંડાળે ચિત તે, સ્થિર શી રીતે થાય;
મળાય નહિ મન ધાર્યું તો, અધવચ ટલ્લાખાય. ૩૦૦
આહા! જો મન નર નથી, નથિ નારીની જાત;
તોપણ તે વળગ્યું રહે, એ તે કેવી વાત. ૩૦૧
મનને રસ બુદ્ધી થકી, બાંધ્યાં નહિ બંધાય;
રસ ગંધક મિશ્રિત થતાં, ચળી શકે ન જરાય. ૩૦૨
મન તેવું ચંચળ છતાં, પ્રેમ તણે વશ થાય;
મારણ તેનું તેહ છે, થાય તેથિ સ્થિરતાય. ૩૦૩
રૂપ ગુણ કે જાતીની, નથિ જણાતી જરૂર;
માત્ર જરૂર જણાય છે, હોય પ્રેમ ભરપૂર. ૩૦૪
અમર કાષ્ટનો ધુમ્રતે, મૃગમદને ચિત ચ્હાય;
ભલે વાયુ અવળો હશે, પણ તે તે ગમ જાય. ૩૦૫
જેનાપર આસકત છે, તેમાં સુખ મનાય;
સારૂ ખોટું તેહનું, અનુકુળ સર્વ જણાય. ૩૦૬
એક કાચ દ્વારે ખરે, જોતાં સર્વે ચીજ;
અતી મનોહર લાગતી, પામે છે મન રીઝ. ૩૦૭
સારી નરસી હોય પણ, ભાસે નહિ કંઇ ભેદ;
આશક ભાળે સર્વદા, માશુકનેજ અભેદ. ૩૦૮
જે વિણ જેના જીવને, ન પડે જરિએ ચેન;
ભલે હોય તેથી વડું, શું થાશે સુખ દેણ. ૩૦૯
જળ વિણ પળ જીવે નહીં, અરે ખરે જો મીન;
પયમાં નહિ જીવે કદી, જો રાખો નિશદીન. ૩૧૦
ખારા જળનું માછલું, મિઠામાં મરી જાય;
જેપર જેને પ્રેમ છે, તે વિણ નહિ જીવાય. ૩૧૧

પયતો અમૃત તુલ્ય છે, પણ જળ પ્રાણાધાર;
અમૃતથી અદકુ ગણે, જળને તે નિર્ધાર. ૩૧૨
સ્નેહ વિશે સુખ કે વળી, દુખ છે દોનિ જવાબ;
દુખ કો'તો સૌ કયમ કરે, સુખ તો કયમ પરિતાપ. ૩૧૩
આહા! તેમાં શું કહે, સુખને દુખ બે છેય;
સંસ્કારો જ્યમ હોય ત્યમ, આપે છે ફળ તેય. ૩૧૪
અફીણનો બંધારણી, પીતાં મરડે મુખ;
પણ તે વિણ તેને સદા, દુ:ખ દુ:ખને દુ:ખ. ૩૧૫
પીતાં લાગે તેહને, અતિશે જો કડવાશ;
પીએ નહિતો તેહનો, સે'જે થાય વિનાશ. ૩૧૬
તેમજ જેને પ્રેમનું, પડયુ વ્યસન જો હોય;
ભલે દુ:ખ આવી પડે, મન સુખ માને તોય. ૩૧૭
પ્રિતીની પેટી વીશે, મનડું જો પુરાય;
બ્હાર કદી નિકળે નહીં, થાવાનું તે થાય. ૩૧૮
પ્રીતીની પીડા તણું, સમજે છે મન સુખ;
અનિર્વચનિં હોવાથિં શું, વદે વાણી કે મુખ. ૩૧૯
મધથી સ્નેહ મધૂર છે, મદ્યથિં કેકિં વિશેષ;
પીતાં સે'લ જણાય છે, છીરવવો મુશ્કેલ. ૩૨૦
ખરે પ્રેમ રસનું જરી, પરમાણું જો હોય;
અન્ય મધુરતા તુલના, કરી શકે નહિ કોય. ૩૨૧
સ્વભાવિક બંધાઇ છે, જેને જે સ્થળ પ્રીત;
પવન રૂપિં વિઘ્નો થકી, અટકે નહીં ખચીત. ૩૨૨
રૂપ ગુણ કે જાતીની, સમાનતા કદિં હોય;
સોનું અને સુગંધ બે, મળતાં અતિશે સ્હોય. ૩૨૩
પયમાં જ્યમ સાકર મળે, આપે મઝા અપાર;
સજોડ જો સરખી મળી, તો સુખ અપરંપાર. ૩૨૪

એકંગી જે પ્રીત તે, ઉત્તમ કયમ કે'વાય;
પણ જેનાં આશક બન્યાં, તે વિણ કયમ રે'વાય.૩૨૫
ચકોરને છે ચંદ્રપર, અદકી જોને પ્રીત;
ચકોર પર નથિં ચંદ્રને, શું એ સારી રીત. ૩૨૬
ભ્રમર તણું મન કમળપર, અતિશે છે આસક્ત;
કમળ નથી વ્હાતું ભ્રમર, ભ્રમર રહે છે ભક્ત. ૩૨૭
પતંગને દિપકપરે, ચોટયો ચિતમાં પ્રેમ;
ઝટપટ તે ઝપલઈ પડે, નથી ઇચ્છતું ક્ષેમ. ૩૨૮
મૃગને પ્રીતી રાગપર, નથી રાગને રાગ;
એકાંગી એ પ્રીતથી, ઉત્તમ છે વૈરાગ. ૩૨૯
આશક માશુકના વિના, રહે બિચારા કેમ;
માશુક વ્હાતાં ન્હોય પણ, છોડી શકે ન પ્રેમ. ૩૩૦
સ્નેહ નિભાવે સર્વદા, વિચરે ધરી વિવેક;
ધન્ય છે એવાં પ્રેમિને, ટકાવિ રાખે ટેક. ૩૩૧
પ્રથમ કાંઇ કારણ થકી, પ્રીત થવાની થાય;
તે પ્રીતી જામ્યા પછી, કારણ રે'કે જાય. ૩૩૨
વેલ ચઢાવા માંડવે, જો'એ કઇ આધાર;
પુરી પથરાયા પછી, નથિં તેની દરકાર. ૩૩૩
જ્યાં લગિં સાચો પ્રેમ નહિ, ત્યાં લગિં સૌ ઉપચાર;
તે પછિંનો ઉપચાર તે, કૂડા કપટ વિચાર. ૩૩૪
"મ્હારૂં" માને મન વિશે, ડગે ન દિલમાં લેશ;
સજડ એવી ગ્રંથી ત્યાં, કરવું કેમ વિશેષ. ૩૩૫
પ્રીતીનું સુખ દુઃખ તે, જાણે અનુભવિ જેહ;
જાણે શું પ્રસુતા પિડા, વંઝા સ્ત્રી છે તેહ. ૩૩૬
જેને આસકતી ઘણી, દિલમાં લાગી હોય;
ચોટયું રે'ચિત તેમને, આશક કે'સો કોય. ૩૩૭

પ્રીતીરસ લાગે પ્રથમ, અતિશે જો સ્વાદિષ્ટ;
પણ પાછળથી થઇ રહે, અપાવનાર અનિષ્ટ. ૩૩૮
જયમ ઘઉં કણુક ગળિ ગણી, મચ્છ અતી ઉભરાય;
પડી જાળમાં તરફડે, જીવ તેહનો જાય. ૩૩૯
પ્રીતી પીડારૂપ છે, સૌ તેમાં સપડાય; .
રાય રંક એ સર્વના, મનમાં સુખ મનાય. ૩૪૦
અતી અટપટી રીત છે, પ્રિતી તણી પ્રત્યક્ષ;
યતી સતી એ સર્વનું, હરણ કરે છે લક્ષ. ૩૪૧
પુરૂષ કે વળિ પ્રેમદા, જે પ્રીતી વશ થાય;
વિવેક દીલ રે'તો નથી, બુદ્ધિ તેની હણાય. ૩૪૨
પ્રેમ ફંદમાં ચતુર નર, ફસી પડે છે જેહ;
ખસી શકે નહિ તે પછી, જ્યાં સુધી રે' દેહ. ૩૪૩
જુએ નરો કૈ જગતમાં, પ્રીતી પીડારૂપ;
તોપણ દ્રષ્ટે દેખીએ, પડતાં પ્રીતી કૂપ. ૩૪૪
પ્રીતીમાં પડનાર તે, કે'તાં શું છે સુખ ?
સુખ નથી પણ મન વીશે, નથી મનાતું દુઃખ. ૩૪૫
પ્રીતી રૂપી હોઝમાં, મન રૂપી માતંગ;
ફસ્યો કદી નિકળે નહીં, કરતાં કોટી યત્ન. ૩૪૬
નીકળવાનો યત્ન તો, જયમ જયમ કરતો જાય;
અધિક તેમ ઉંડો ફસે, નહિં બ્હાર નિકળાય. ૩૪૭
ચતુર હોય પણ તેહનો, ચાલે નહીં ઉપાય;
મુર્ખ બિચારાં મૂળથી, છેટે ભાગી જાય. ૩૪૮
સુખદુખની સમજણ નથી, નથી ખબર-ખર કંઈ;
એવાં જન હેવાનને, ચિંતા શાની રહી. ૩૪૯
ચતુરને ચિંતા અને, ચતુરને છે દુઃખ;
સમજુને સંતાપ છે, પણ માને તે સુખ. ૩૫૦

પ્રેમ બાણુની આ જુઓ, અજબ અનોખી રીત;
દુશ્મનને અડતું નથી, વિંધે સ્નેહી ચીત. ૩૫૧
રૂપ ભૂપના રાજ્યમાં, છે મોટો અન્યાય;
મુઢ દિલે દુખ કંઈ નથી, ચાતુર માર્યા જાય. ૩૫૨
મુરખને સમજણ નથી, નથી લાગતો માર;
ચતુરને સમજણ રહી, તેથી થાય ખુવાર. ૩૫૩
ભલે મુર્ખ સમજે નહીં, ભલે ખાય નહિ માર;
જીવ્યાથી મરવું ભલું, સમજે સમજુ સાર. ૩૫૪
માને મોજ પિડા છતાં, એવો પ્રીતિ પ્રભાવ;
ભાવ ઘટે નહિ ભય થકી, નિશ્ચય કરે નભાવ. ૩૫૫
પ્રીતી ત્યાં નીતી નહિં, નીતી ત્યાં નહિ પ્રીત;
કેફીમાં ડા'પણ દિસે, દીસે એ વિપરીત. ૩૫૬
વ્હાલ તણું વર્ણન કહો, કેવી રીતે થાય;
ઉપમા ભૂમંડળ વિશે, કો'ને કોની અપાય. ૩૫૭
કહે કોઇ જો એમ કે, વ્હાલું પ્રાણ સમાન;
નથી ઉચિત એ લાગતું, નથી પ્હોચતું ધ્યાન. ૩૫૮
ક્ષાત્ર ધર્મપર ક્ષત્રિઓ, રાખે અતિશે પ્રીત;
સ્વાત્માર્પણ કરિ સાચવે, સ્વધર્મ પ્રીત ખચીત. ૩૫૯
પતિવૃતા પ્રિત કારણે, અર્પે પતિને પ્રાણ;
પ્રાણથી પ્રિતી અધિક છે, સમજે સર્વ સુજાણ. ૩૬૦
વ્હાલાં માટે પ્રાણનો, કરે પ્રણયિ જન ત્યાગ;
ત્યાં પછિં તેથી આધક શું? અધિક સૌથિ અનુરાગ. ૩૬૧
પ્રિય પ્રાણ સમ સૌ કહે, પણ એ છે અનુચીત;
પ્રાણપિડાથી આધક છે, પ્રિતિ તણિ પિડા ખચીત. ૩૬૨
પ્રેમ પ્રથમ પરવશ કરે, પીડે પછી અપાર;
પ્રેમ પવનથી મન કદી, સ્થિર નવ થાય લગાર. ૩૬૩

તન ખેંચે છે ઘરભણી, મન માશુકની પાસ;
તન મન બે જૂદાં પડે, કરતાં પ્રેમ પ્રવાસ; ૩૬૪
તન ને મન સાથે રહે, બનવું દુર્લભ એહ;
વિયોગમાં મન નવ રહે, સંયોગે નવ દેહ. ૩૬૫
સ્નેહી રૂપી દંડને, મન રૂપિ ધજા જડાય;
લૌકિકનો ભય ખેંચશે, પણ નહિ ખસી શકાય. ૩૬૬
લાગી જો લગની અને, ગાંઠ દીધી મજબુત;
છૂટે નહિ છેવટ સુધી, સદા રહે સાબૂત. ૩૬૭
લજ્યા કરતાં પ્રેમ છે, અધીક જો બળવાન;
માટે મન ખેંચાય છે, જેનું જેપર તાન. ૩૬૮
બે જણની મરજી વિના, નભી શકે નહીં પ્રિત;
એક લાકડે ક્યમ કરી, રસોઇ થાય ખચિંત. ૩૬૯
પ્રિતી કરવી સહેલ છે, નિભાવવી મુશ્કેલ;
વિકટ પંથ એ વિચરતાં, વિચાર કરવો પે'લ. ૩૭૦
પાયો પ્રથમ પ્રિતી તણો, જો દ્રઢ અતી રચાય;
અનેક આફત આવતાં, સાબુત રહે સદાય. ૩૭૧
પ્રયાણ પ્રીતી પંથનું, નથિં એ બાળક ખેલ;
સમજ્યા વિણ સપડાઈ જતાં, મળે ન આખર મેળ. ૩૭૨
કરી કસોટી પ્રથમથી, પછી જોડવો પ્રેમ;
ઝટપટ જોડ્યા પ્રેમ તો, રહે ન અવિચળ ક્ષેમ. ૩૭૩
પે'લી મારે ફૂલને, પછી ખોતરે ધૂળ;
એવાં જનની પ્રીતનું, વેણુંમાં છે મૂળ. ૩૭૪
મકાન માટીનું પડે, નહીં ખસે જે કેલ;
બાંધો એવો પ્રેમ કે, રહે અવીચળ મેળ. ૩૭૫
કાગળ કેરા નાવથી, સમુદ્ર કેમ તરાય;
હોય એક બળહીણ તો, અધવચ હાંસી થાય. ૩૭૬

સાધન બુદ્ધી બળ તણું, ગ્રહણ કરે ધરિ ધૈર્ય;
ઇશ્વર આપે તેહને, સંપૂરણ ઐશ્વર્ય. ૩૭૭
શકતી શકતી આપશે, નડે ન કંઇએ વિઘ્ન;
વિકટ માર્ગમાં વિચરતાં, રહે કુશળ નિશદિન. ૩૭૮
હિંમત રાખી હૃદયમાં, તરી તરાવે જેહ;
શોભે આ સંસારમાં, તેમાં નહિ સંદેહ. ૩૭૯
સુખી રહે તે સર્વદા, પામે લાભ અપાર;
પ્રેમ-ઐક્ય આ સૃષ્ટિમાં, છે સૌ સુખનો સાર. ૩૮૦
કાયર જન નથિં કામનાં, ડુબી ડુબાવે તેહ;
બની રાંક રખડાવશે, અધવચ દેશે છેહ. ૩૮૧
રાખી હિંમત હોંસથી, પ્રથમ કરે છે પ્રીત;
દગો કરે જન જે પછી, છે ધિક્કાર ખચીત. ૩૮૨
કરો નહીં કદી પ્રિતડી, તજો નહીં કદિં થાય;
કપટ વગરની પ્રીતથી, કરે શ્રી હરી સાહ્ય. ૩૮૩
સત્ય અને નિર્મળ પ્રિતી, નોભાવવી હમેશ;
છોડો નહિ છેવટ લગી, લગી લગાવી બેશ. ૩૮૪
પ્રેમ તત્વને જીવ થકી, અતિં માનો ઉત્કૃષ્ટ;
પ્રેમી પ્રેમ તજે નહીં, કદિં પામે અતિં કષ્ટ. ૩૮૫
ટકે જીવન પર્યંત જે, હોય સ્વભાવિક પ્રીત;
કૃત્રિમ રંગ ટકે નહીં, ધોતાં વસ્ત્ર ખચીત. ૩૮૬
જે પ્રીતી પ્રિતિને વરે, તે પ્રિતિ પૂર્ણ પવિત્ર;
અદભૂત એવી પ્રિતિનું, દીસે ચિત્ર ચરિત્ર. ૩૮૭
હોય સ્વયંભૂ પ્રીતતે, ઉખાડતાં ઉખડે ન;
યત્ન થકી ચોટાડતાં, કદી નહીં ચોટેજ. ૩૮૮
માર પડે જમરાજનો, વાગે તિર તરવાર;
ઇશ્ક માર તેથી અધિક, જાણે જાણનહાર. ૩૮૯

ઇશ્ક રૂપિ ચિત ચોરતે, દેખાતો નથિં દ્રષ્ટ;
ગુપ્ત રિંતે તે હ્રદયમાં, અતિ ઉપજાવે કષ્ટ. ૩૯૦
હાજર થાય હજૂરમાં, ખચીત જે ચિત ચોર;
દેખાતું નથિં દ્રષ્ઠ પણ, ચિત આવે નિજઠોર. ૩૯૧
અતિશય લાંબી પ્રીતિની, દોરી જો દેખાય;
ભલે હોય દુર્દેશમાં, તોપણ આકર્ષાય. ૩૯૨
દોરી દીસે પ્રેમની, અતિશે જો મજબૂત;
પ્રેમી રૂપિ પડાઇને, ખેંચી લાવે તુર્ત. ૩૯૩
પ્રેમી પરથી-પ્રેમિની, ખસેન દ્રષ્ટિ લગાર;
અનળ પક્ષીની નજર જ્યમ, ઇંડાપર નિરધાર. ૩૯૪
લગની ખરી લગાડિને, તજે અરે જન જેહ;
ગુનેગાર તે થાય છે, તેમાં નહિ સંદેહ. ૩૯૫
નાખી પ્રીતી પાસલે, જે નવ લે સંભાળ;
ધરે ન દિલમાં લાગણી, તેને છે ફિટકાર. ૩૯૬
નિષ્કપટી જન પ્રીતથી, હિત સમજી જોડાય;
વિપરિત વર્તેતો પછી, ધિક ધિક તેને થાય. ૩૯૭
મન રૂપી બગિચો રૂડો, અતી પ્રફુલીત જેહ;
પ્રેમ રૂપિં કિટ પ્રેરતાં, ફોલી ખાયે તેહ. ૩૯૮
તરિયો તારે મનુષ્ય જો, ડૂબે અર્ણવ કોય;
પ્રિતિ ઇશ્ક રૂપિ અબ્ધિથી, તારણકાર ન જોય. ૩૯૯
જેને જેપર મોહ છે, તેપર તે ગુલતાન;
સ્વરથી મૃગ મોહિત બની, ભુલે જીવનું ભાન. ૪૦૦
જાય જીવ પણ જરૂર જો, તજે ન પ્રેમી પ્રીત;
પતંગ દીપક પર પડે, બળશે તોય ખચીત. ૪૦૧
હોય સ્વભાવિક સ્નેહ જ્યાં, ત્યાં તેનું દિલ જાય;
ભલે વેગળાં હોય પણ, તે તેને મન મ્હાય. ૪૦૨

જડ વસ્તુ પણ પ્રેમમાં, રહે જુઓ આસક્ત;
લોઢું લોહચુંબક થકી, રહેશે નહિ વિરક્ત. ૪૦૩
તેલ વાટથી દિપક જયમ, ટાળે તિમિર તમામ;
સ્નેહ અને ગુણ બેવડે, સુખ રે' આઠે જામ. ૪૦૪
હિત અણુહિત કદી ઉપજે, તોપણ રે' સમતોલ;
શુદ્ધ પ્રેમિ જે હોય તે, પાળે પુરો બોલ. ૪૦૫
પ્રેમી પ્રેમ તજે નહીં, કદિ મન ધાર્યું ન થાય;
પ્રેમ તજે તો તેમને, પ્રેમી કયમ કે'વાય. ૪૦૬
પ્રેમી પ્રેમ તજે નહીં, કદી થાયે અણહિત;
મરિને જતાં ઉદર વિશે, ચાહે છે જળ મીન. ૪૦૭
સારસ જોડી પ્રેમની, સમજે રૂડી રીત;
અળગાં પળ પડતાં નથી, સમજે સ્નેહ ઉચીત. ૪૦૮
પ્રગટે પ્રેમ તણી પ્રભા, તે કયમ હણી શકાય;
શિખા સ્વભાવિક મણિ તણી, મારૂતથી ઓલાય ? ૪૦૯
જેના જે પર પ્રેમ છે, તે તેનું છે ઈષ્ટ;
તે વિણ સમજે સર્વને, અતિશે તેહ અનિષ્ટ. ૪૧૦
જેના મનમાં જે વસ્યુ,તે તેને નિત્ય ન્હાય;
ચક્રવાકિને રવિ તણી, ચકોર શશિ ઈચ્છાય. ૪૧૧
સાચો પ્રેમ સદૈવનો, ખૂટે નહીં ખચીત;
સર સરવરમાં હોય તો, ઘટે ન જળ જે રીત. ૪૧૨
શુદ્ધ અને સાચો રહે, સદા અખંડીત પ્રેમ;
કુંદન કંચન જેહ તે, ઝાંખું પડશે કેમ. ૪૧૩
પ્રેમ વિના રૂપ રંગકે, આભૂષણ સો વ્યર્થ;
દૂધ વિનાની ગાયથી, સરે શું આપણ અર્થ. ૪૧૪
રાચ્યું મન જયાં જેમનું, ત્યાં તેને આનંદ;
અર્કકીટતો અર્કમાં, માને છે સુખકંદ. ૪૧૫

નહિ નહિ સમજે અર્કકિટ, સુખકર આંબ સવાદ;
સ્વાદ પ્રેમના ઊર્મિમાં, તે વિણ છે વિષવાદ. ૪૧૬
કરવી નહિ કદી પ્રિતડી, કરી તજવિ ન કદાય;
તુટી દોરડી સાંધતાં, ગાંઠ ખરે પડિ જાય. ૪૧૭
કાચ અને મન બેયનો, છેછે પુરણ પ્રકાશ;
કાચ ફુટેને મન તુટે, ઉપજે અતી વિનાશ. ૪૧૮
જયાંહાં પ્રેમ વ્હેવાર છે, ત્યાં અંતર નહિ લેશ;
હ્રદય હાર સ્તન મધ્યમાં, આપે શોભા બેશ. ૪૧૯
અનિમિષ નયને નિર્ખશે, જેનો જે પર ભાવ;
કરે નિરીક્ષા ચંદ્રની, ચકોરિ સહજ સ્વભાવ. ૪૨૦
જ્યાં સજજન ત્યાં પ્રીતિ છે, જયાં પ્રીતી ત્યાં સુખ;
સુ-પુષ્પમાં સુગંધીને, સુ-ગંધે અલી અચુક. ૪૨૧
પોષણ વિણ પણ પ્રેમરસ, રસિક હ્રદે પોષાય;
વૃષ્ટી વિના વસંતમાં, તરૂવર લલિત સુહાય. ૪૨૨
પ્રેમ તણું બળ કારમું, સર્વે જનને શીર;
જુઓ રાણિરૂક્માણિનું, હરણ કર્યું બળવીર ૪૨૩
વસમો અને વિકટ અતી, પ્રેમ તણો છે પંથ;
વન વન ભટકયા કૃષ્ણજી, વૃજ વનિતા તજી કંથ. ૪૨૪
લંકાની લાડી અને, ઘોઘાનો વરરાય;
પ્રેમ થકી એ પરણિયાં, પ્રેમ તણો મહિમાય. ૪૨૫
પ્રગટ થયો જ્યાં પ્રેમ ત્યાં, નથિ નથિ કશું અસાધ્ય;
કયાં ઓખા-અનિરૂદ્ધ કયાં? નડયો ન કંઇએ બાધ. ૩૨૬
પ્રિય વીરહથી મન ખરે, ઠરે ન એકે સ્થાન;
પત્ર પડયું જે તરૂ તણું, કરે ન કંઇ વિશ્રામ. ૪૨૭
પ્રેમ હશે ત્યાં મન ખરે, ભમતું ભમતું જાય;
વૃક્ષ વિશેષ છતાં જુઓ, ભ્રમર કેતકી ન્હાય. ૪૨૮

પ્રાણાત્રિક પ્રિય નિર્ખતાં, સુ-હૃદ -હદે હરખ ય;
સુગંધિ શરદ રૂતુ વિશે, પદ્મનિ અતિ પ્રસરાય. ૪૨૯
જેનું પ્રિય તે જ્યાં વસે, તે ગમ તેનું ધ્યાન;
ખસે નહીં ત્યાંથી કદી, ખસેડનારૂ કોણ? ૪૩૦
ચકોર ચાહે ચંદ્રને, ભાળે પૂર્વ ભણીજ;
ચંદ્રોદયની મન વિશે, ઈચ્છા રહે ઘણીજ. ૪૩૧
શુદ્ધ સ્નેહની રીત તો, સમજે છે પય પૂર્ણ;
જળ સાથે જોડયા થકી, શોભાવે સંપૂર્ણ. ૪૩૨
જૂદુ તે પડતું નથી, જુઓ અનૂપમ પ્રીત;
કરે કસોટી કોઇ પણ, ચળે ન તેનું ચિત. ૪૩૩
અગ્નિપરે ઉકાળતાં, જળ ને થાય વિચાર;
મારે માટે એ બળે, એ મુજને ધિક્કાર. ૪૩૪
પ્હેલું બળવું માહરે, જળ ઇચ્છે મન માંહ્ય;
પણ પય પ્રેમ તજે નહીં, પકડી તેની બાંહ્ય. ૪૩૫
જળને બળતું જોઇને, પયનુ દીલ દુખાય;
બચાવવા બા'દુર બની, સત્વર તત્પર થાય. ૪૩૬
અરે બળે જળ મુજ તણી, પય કે' બાંધી પ્રીત;
ભલે બળું તો હું બળું, નહિ આ સારી રીત. ૪૩૭
ઉભરાઈ અગ્નીપરે, કીધો ઝંપાપાત;
ધન્ય ધન્ય પય જળ પ્રીતને, ધન્ય એમની વાત. ૪૩૮
અનુરાગી ચ્હાવાં હશે, તેનાં છે ધન્ય ભાગ્ય;
એવી પ્રીતી ન્હોય તો, ઉત્તમ અતી વિરાગ. ૪૩૯
દેહ બળ્યા વિણ સ્નેહનો, રસ કો' કયમ પીવાય;
દીપકના દ્રષ્ટાંતથી. ખરી ખાતરી થાય. ૪૪૦
સ્નેહ રૂપી સુવર્ણને, મનરૂપિ મણિ જણાય;
કામ ભાવ રૂપી લાખ છે, સાચું ગણો સદાય. ૪૪૧

નંગ ચ્હોડવા ઘાટમાં, પડે લાખનું કામ;
કામ તેટલું તેહનું, નહિતો ગણો નકામ. ૪૪૨
શોભા નથિં નથિં લાખમાં, શોભે મણી સુવર્ણ;
રહે અખંડિત એ સદા, આવે અતિ આવર્ણ. ૪૪૩
કામ વિશે નથિં સ્વાદ પણ, છે પ્રીતીમાં પ્રૌઢ;
સમજુ પ્રીતી ચ્હાય છે, કામ ચ્હાય છે મુઢ. ૪૪૪
ચ્હાય કામ તેને તમે, માનો પશુ સમાન;
પશુ વૃત્તી પુરી થવા, ભમે ભુલી સૌ ભાન. ૪૪૫
પ્રીતીની રીતી તણી, જાણ ન હોય જરાય;
રખડે શ્વાન સમાન જે, ફદ્દફદ્દ તેને થાય. ૪૪૬
પાત્ર અપાત્ર ગણે નહીં, કીંમત નમળે કંઇ;
કામ વાંચ્છના જેહના, દિલમાં મિશદીન રહિં. ૪૪૭
માગે રતિ સુખકર ગણી, આરતિકર તે થાય;
એવી એની રીત છે, સમજુને સમજાય. ૪૪૮
આહા! શું આશ્ચર્ય કે, દુખ પણ માને સુખ;
પ્રિયજનને પાડે અને, અપ્રીય રહે વિમુખ. ૪૪૯
ગતી રતીની અકળ છે, જો રતિં ના સમજાય;
કૃતિ તે વિણ સર્વે કુડી, માનવિં તણી મનાય. ૪૫૦
રસ્તો રતીનો અનુભવે, જડશે જુઓ જરૂર;
જડયા વિના જડિ તો પછી, પસ્તાશો ભરપૂર. ૪૫૧
નેત્ર લગ્નથી ઉપજે, અરે ખરે જે સ્નેહ.
એ મારગમાં ચાલતાં, નહીં કુશળ રે' દેહ. ૪૫૨
એ રસ્તામાં ભય ઘણો, દુખ દાવાનળ દેખ;
વિરહાગ્નિ અતી બાળશે, નહિ તેમાં મિન મેખ. ૪૫૩
લુંટાશે કિર્તી અને, વળી વાધશે રોગ;
સંસય પ્રભુ માસી તણો, જાશે મોટાઇ જોગ. ૪૫૪

હાની પણ જન જાણિને, પડતાં પ્રેમ પ્રવાહ;
ખેંચાતાં પણ રાચતાં, માણે માનવિ વાહ! ૪૫૫
લહેર પ્રેમ રૂપિ ઝેરની, લાગે છે જે વાર;
દશા થાય છે દુઃખદા, પીડા વધે અપાર. ૪૫૬
પ્રણય રૂપ ધ્વનવંતરી, ટાળે રોગ અસાધ્ય;
ભાર નથી બીજા તણો, કરી શકે નહિ સાધ્ય. ૪૫૭
દુખદા પ્રેમી દેખતે, અતિ ઉપજાવે કષ્ટ;
ઘટે ઘડિકમાં પ્રેમિ તે, નીખો દ્રષ્ટો દ્રષ્ટ. ૪૫૮
જેને જેની ઉપરે, લાગ્યો મોહ અપાર;
ઉતારનારૂ કોણ છે, નથી કોઇના ભાર. ૪૫૯
અરસપરસ ઉતારવા, જો કદિ ચિતમાં ચ્હાય;
સે'વાશે નહિ તે કદી, જીવનું જોખમ થાય. ૪૬૦
સુખે સુખી દુઃખે દુખી, સ્નેહી સાચાં જેહ;
જીવ બેયનો એક પણ, માત્ર જૂજવી દેહ. ૪૬૧
કુરંડ પક્ષી સમ દીસે, જેનું સર્વ સ્વરૂપ;
ધન્ય એમની પ્રીતિને, દીપે દિવ્ય અનૂપ. ૪૬૨
સ્નેહ વૃદ્ધિ ચ્હાનારને, નવ કરવાં ત્રણ કામ;
વિવાદ અર્થ સબંધને, ગુપ્ત જવું જે ધામ. ૪૬૩
સ્નેહ વિશે સંયોગને, વિયોગમાં છે દુઃખ;
સમજાતું નથિ સે'જમાં, શું છે સુખ અસુખ. ૪૬૪
પ્રત્યક્ષ દુખ વિયોગનું, સમજે છે સૌ કોય,
વિરનરો પણ ધીર તજી, નિર ચખ ભરતા જોય. ૪૬૫
રઘુકૂળ દિપક રામજી, બન્યા વિયોગે વ્યગ્ર;
"સીતા" "સીતા" ઓચરી, ભમિયા ભૂમિ સમગ્ર. ૪૬૬
નૈષધપતિ નળપતિ જે, વૈદરભી વિખ્યાત;
વિયોગ દુખથી વનવને, જુઓ રખડિ દિનરાત. ૪૬૭

સંયોગે પણ સુખ નથી, નથી થતું મન શાન્ત;
દુખ ઉપજાવે દિલ વિશે, વિયોગનોજ વૃત્તાંત. ૪૬૮
વિયોગના ભણકારથી, રે'છે મન ભયભીત;
સુખકર છે સંયોગ પણ, બાળે ચિંતા ચીત. ૪૬૯
ધડક ધડક દિલ થાય છે, હમણાં થશે વિયોગ;
નિર્ભયતા નથિ તો પછી, ભોગ છતાં પણ ભોગ. ૪૭૦
રહે અચળ મેળાપતો, સુખ તે શ્રેષ્ઠ ગણાય;
ખંડન મંડન મળવુ તે, ખચિત નહિંજ ખમાય. ૪૭૧
પ્રેમવારિ મેળાપમાં, સિતળ સુખકર થાય;
વિયોગમાં વન્હિ વીશે, વારી તૂલ્ય મનાય. ૪૭૨
પ્રેમીનું તનમન રહે, અતી તપેલું નિત્ય,
સિતળતા નથી હય -હદે, વાહન જે આદીત્ય. ૪૭૩
આશક છે દીપકતણો, જોજો અરે પતંગ;
સદા સહન કરવો પડે, તાપ તાપ તે અંગ. ૪૭૪
દિપકથી દુર જાયતો, વિહોગ્નીનો તાપ;
દિપકના મેળાપથી, થાય બળીને ખાખ. ૪૭૫
મળે પ્રેમિ જો પરસપર, રે'તો નથિ વિશ્વાસ;
વિયોગના ભણકારથી, અતિશે થાય ઉદાશ. ૪૭૬
અવળી રીતી પ્રીતની, અટપટિ અતી જણાય;
સમજયામાં આવે નહીં, અનુભવિથી સમજાય. ૪૭૭
જેને મન જે પ્રીય છે, તેને જો પ્રિય હોય;
તે સ્થળ પ્રિતી દૃઢ થતાં, રસમય રીતી સ્હોય. ૪૭૮
જેને મન જે પ્રીય નથી, પ્રિય નવ ગણવું તેહ;
પ્રિય ગણો તો પ્રિતમાં, પડશે ઉંડો છેહ. ૪૭૯
રૂપ ગુણને દ્રવ્ય તે, રતી ઉદયનાં સ્થાન;
પોષક સેવા સત્ય છે, હૃદય વિશે તું માન. ૪૮૦

હોય ભાવ વ્યભિચારને, કપટ ધરો કદિ કાંય;
વચન વદો કટુ-કઠિણુતો, પડે ફાટ પ્રિતિ માંહ્ય. ૪૮૧
વ્હાલાંના દિલ વ્હાલનું, પુરૂ થાય પિછાન;
જ્યારે કો વ્હાલાં તણું, લાગે -હ્રદયે ધ્યાન. ૪૮૨
આશક ઉત્તમ સ્નેહથી, માશુકને નિત્ય ચ્હાય;
નામ સાંભળી નિજ -હ્રદે, હર્ષ અતી ઉભરાય. ૪૮૩
જીવે માશુક દર્શને, સ્પર્શેના છૂટાય;
આલિંગન ઉત્સાહથી, દેવા દિલ લલચાય. ૪૮૪
છબી છબીલી જોઇને, રે'દિલ રાજી રોજ;
તનમન ધન અર્પણ કરી, માણે રૂડી મોજ. ૪૮૫
ધન્ય છે એવાં માનવી, ધન્ય તેમનો પ્રેમ;
આહા ! એવાં પ્રેમિને,. ઈશ્વર રાખો ક્ષેમ. ૪૮૬
લોહું જડ જાતે છતાં, ચમકપ્હાણપર પ્રેમ;
ભાળી ભેટે ભાવથી, ચેતનનાં કરિં ચેન. ૪૮૭
વળગે દોડી વેગથી, અળગાં તે નવ થાય;
ઉત્તમ એવી પ્રીતિને, વાહવાહ કે'વાય. ૪૮૮
સ્નેહીના સુખ દુખ વિશે, રહે સદા સમતોલ;
ઉત્તમ સ્નેહિં ગણાય તે, મૂકે નહીં અઝોળ. ૪૮૯
વૃક્ષ વિટાણી વેલ તે, પડે વિછુટી કેમ;
જેવી સ્થીતી વૃક્ષની, તેવું તેનું ક્ષેમ. ૪૯૦
છાંયો તડકો વૃષ્ટિકે, વળી લાગશે લાહ્ય;
વૃક્ષ સાથ તે વિહરશે, સુખ દુખ ખમે સદાય. ૪૯૧
સુધ-બુધ-બળ-લજ્જા ઘટે, હઠે ન પ્રેમી જેહ;
મળે કદી માશુકતો, અર્પે આપની દેહ. ૪૯૨
ભૂલે ભાન ભવિષ્યનું, ભ્રમર જુઓ ભલી રીત;
ફરિ ફરિ કમળ કને જશે, થશે કદી વિપરીત. ૪૯૩

કઠિણ વાંસડો કોરિને, ભ્રમર નિકળે બ્હાર;
કોમળ કમળ કળી થકી, ચળી શકે ન લગાર. ૪૯૪
યુક્તી બળકે શરિર બળ, નથી આવતું કામ;
લુબ્ધ પ્રેમમાં થઇ જતાં, રહે નહિ કંઇ રામ. ૪૯૫
સ્નેહ થયો તે તો થયો, કદી ઘટે નહિ લેશ;
ખરો સ્નેહ તો જાણવો, વૃદ્ધી થાય હમેશ. ૪૯૬
કદિ ચાવે નહિ કોયલા, પે'લાં ચાવી પાન;
ટેક રહે તો ટકિ રહી, પામે પુરૂ માન. ૪૯૭
શૂરાની સમશેર જે, નિકળિ મ્યાનની બ્હાર;
પાછી તે પેસે નહીં, થાય જીત કે હાર. ૪૯૮
વ્હાલું કેવું વ્હાલુ છે, કો' કયમ કહી શકાય;
વાણી અંતઃકરણને, દૈવે દીધિ ન હાય! ૪૯૯
સ્વરૂપામૃતનું પાનતો, નેત્ર કરે છે નિત્ય;
પણ વાણી તેને નથી, કહી શકે કઇ રીત. ૫૦૦
મુખને શક્તી છે ખરી, પણ નથી તેને નેત્ર;
શી રીતે વર્ણન કરે, સુખમય દેખી ક્ષેત્ર. ૫૦૧
સ્વરૂપ રૂપિ સમુદ્રમાં, ચિત રૂપિ મળિયુ લુંણ;
પડે ન જાદુ પ્રયત્નથી, પડાવનારૂં કૂણ. ૫૦૨
સુર્ય પ્રભાતે સૂર્યથી, કો' કયમ અળગી થાય;
વળગી જેની સાથતે, અળગી કેમ કરાય. ૫૦૩
સગાં સબંધી સૌ પિડે, કે આપે ઉપદેશ;
સજ્જડ ગ્રંથી છોડવા, સમર્થ ન બને લેશ. ૫૦૪
સુજાણ સમજે સ્નેહનો, હોય સરસ જે સાર;
પીડા પણ ક્રીડા ગણે, રાખી ગૂઢ વિચાર. ૫૦૫
અંગારા અગ્ની તણા, ભક્ષણ કરે ચકોર;
સમજણ ઊંડી તેહની; સમજે નહીં નઠોર. ૫૦૬

ચકોરને પ્રિય ચંદ્ર છે, નથિં મળવાનું જોર;
જોર કરે જીવ આપવા, કરતું અતી બકોર. ૫૦૭
શી શી તજવીજો કરે, શશિનો થવા મિલાપ;
જીવ જવાનો તે કદી, ગણે નહીં સંતાપ. ૫૦૮
અંગારા ભક્ષણ કરી, ભસ્મ બળીને થાય;
તોપણ તેના હૃદયમાં, મળવા શશિ ઇચ્છાય. ૫૦૯
જાણે ભસ્મ થતાં મને, ભાલે ધરે ભવેશ;
શશિ ભેટે એ સ્થળ વિશે, છે એવો ઉદ્દેશ. ૫૧૦
મિત્ર વિરહથી મર્ણનો, ભય નથિં ભારે લેશ;
સેં'વાતો નથિ ભારતો, વિરહ દરદ હૃદયેસ. ૫૧૧
જેપર પ્રિતિ વિશ્વાસની, દ્રઢતા થઈ અપાર;
અન્ય કોઇ તે આગળે, ગણે ન વ્હાલુ લગાર. ૫૧૨
જ્યાં મન વેલી થાય ત્યાં, કરવું જે જે કામ;
લગાર શ્રમ લાગે નહીં, લજ્યા તજે તમામ. ૫૧૩
ક્ષુધા તૃષા લાગે નહીં, ન ગણે કઇએ પાપ;
આળસ-રજ આવે નહીં, પિડે નહીં પરિતાપ. ૫૧૪
જીવ જીવારો નવ ગણે, આપે ધરિને હેત;
ખટકે નહિ આપ્યા પછી, રિદ્ધી સિદ્ધિ સમેત. ૫૧૫
મળ્યું હોય મન જેહથી, તનમન ધન છે તેહ;
તો પછિ વ્હાલો કયમ કરે, અધિક આપતાં દેહ. ૫૧૬
સ્નેહ તણાં બે અંગતો, ઇર્ષા વિરહ જણાય;
પકવ સ્નેહ થાતાં ઘટે, ઇર્ષાનો મહિમાય. ૫૧૭
સ્નેહ રૂપિ છે અગ્નિને, ઇર્ષા ધુમ્ર સ્વરૂપ;
વિરહ જવાળ છે તેહની, અતી જણાવે ધુપ. ૫૧૮
સ્નેહ અગ્નિ જ્યાં સુધિ ટકે, ત્યાં સુધી વિરહ તાપ;
પિડે છે જો પ્રાણીને, આપે અતિ સંતાપ. ૫૧૯

જે છે વ્હાલું તેહનો, અવગુણ નવ આવેજ;
આવે તો તે હ્રદયમાં, અતિશે વાર ટકેન. ૫૨૦
સમુદ્ર શબ નવ સંઘરે, કાઢી નાખે બ્હાર;
સ્નેહીનો અવગુણ ત્યમ, ટકે નહિં તલભાર. ૫૨૧
સારૂતો સૌને ગમે, સરલ દિસે તે રીત;
પણ કદી ખોટું મન વસ્યુ, ગણાય તોય ઉચીત. ૫૨૨
પ્રીત તણી એ રીત છે, મન માને ત્યાં હીત;
અણહિતકર કદિ હોય પણ, સમજે ખૂબી ખચિત.૫૨૩
જેને જે મનમાં વસ્યુ, તેથી મળે વિશેષ;
તોપણ સુખમય નહિ થશે, વસે નહીં દિલ લેશ. ૫૨૪
અફીણ કિટને કાઢિને, નાખો સાકર માંહ્ય;
જરૂર તે જીવે નહીં, અફિણ વિના તે કયાંય. ૫૨૫
ખરાબમાં ખુબિ તો પછી, સરસ નરસ ક્યમ થાય;
જયાં સારાં સંગી મળે, શું રે' અતિ ઇચ્છાય. ૫૨૬
સમાનતા બંને તણી, પ્રભુ કૃપાથી હોય;
અચળ થાય મેળાપતો, સ્નેહ અતિશે સ્હોય. ૫૨૭
રૂપ ગુણ સ્વભાવ જ્ઞાતિની, સમાનતા શુભ હોય;
સમાન વય વર્ણ હોયતો, સ્નેહ અતિશે સ્હોય. ૫૨૮
સમાન વિદ્યા બુદ્ધિને, ચતુરાઇ વૈભવ રીત;
જોડી એવિ રચાયતો, સુખમય નિવડે પ્રીત. ૫૨૯
જ્ઞાન અને ઐશ્વર્યના, મળતા મળે વશેક;
લક્ષણને સામર્થ્યથી, અર્થન બગડે એક. ૫૩૦
મન નિર્મળ નિર્મળ રિતી, દ્રઢ પ્રીતી પ્રતિદીન;
દિનપણ દિનમણિ સમ દિપે, ભાસે નહિ જરી ભિન્ન.૫૩૧
સુધા પિયે જન સર્વદા, તો પણ તૃપ્તિ ન થાય;
સ્નેહ વિશે તૃપ્તી નથી, સાથે રહો સદાય. ૫૩૨

સ્નેહીના મેળાપમાં, વાતો થાય વિશેષ;
વાતો તેની તે છતાં, કંટાળે નહિ લેશ. ૫૩૩
ખરે ખજાનો વાતનો, ખૂટે નહીં ખચીત;
વાતો એની એ છતાં, ઉપજાવે અતિ પ્રીત. ૫૩૪
શૈલ વિશેથી સર વહે, ઉપજાવે આહલાદ;
વાણી પ્રણયી મુખની, આપે સરસ સવાદ. ૫૩૫
રસમય ખીણ ખુબી ભરી, પ્રણયિ -હ્રદયમાં હોય;
લાગે નિત્ય નવિન ત્યમ, વાત પુરાણી તોય. ૫૩૬
મીઠી લાગે મન વિષે, આવે નહીં અભાવ;
ભાવ ધરીને સાંભળે, માની અમુલખ લ્હાવ. ૫૩૭
વદે પ્રેમથી સુંદરી, કે કદી પ્રિતમ બોલ;
એ રસની કિંમત નથી, એ રસ છે અણમોલ. ૫૩૮
સરિતા સ્નેહ તણી વહે, રસ સાગર ઉભરાય;
રતિકેલી રમિ રસિક જન, સ્નેહ સુધા પી-પાય. ૫૩૯
પ્રભુતણી કરી પ્રાર્થના, પ્રેમી માગે એમ;
વિરહ દુ:ખ નવ આપશો, રાખી શ્રીહરી રે'મ. ૫૪૦
ભલે અન્ય દુખ એ વિના, આપો આપ કદાચ;
સહન કરૂ પણ વિરહ દુખ, શ્રીહરી નહિ ખમાય.૫૪૧
ભ્રમર બિચારા ભય ધરે, થાતાં ચંદ્ર પ્રકાશ;
વિરહતણી દુખ-વ્યાધિનો, અનુભવ તેને ખાસ. ૫૪૨
ચકવાને ચકવી તણા, ચિતમાં ઉપજે ત્રાસ;
વિરહ થાય શશિ ઉદયથી, સમજે તેથિ વિનાશ. ૫૪૩
વિરહ થવાના ચિન્હથી, ઉપજે એવો ભાવ;
નહિતર શું છે એમને, અન્ય ચંદ્રપર દાવ. ૫૪૪
ચકોર કેરા ચિત્તમાં, ચંદ્ર ચંદ્રને ચંદ્ર;
અણુ થાય ઘડિ તેટલી, રહે અતીશય મંદ. ૫૪૫

નેત્ર રૂપી બરછી અને, ભૃગુટી અસી સમાન;
કીકી રૂપી ઢાલ ધરિ, બનાવિદે બેહાલ. ૫૪૬
ખુબી અજબ છે નેત્રની, નથી તેહને હાથ;
વેગે તે વળગી પડી, ભીડી દે છે બાથ. ૫૪૭
નથિ વાણી કંઇ નેત્રને, પણ કહિ આપે વાત;
નથી પાસ હથિયાર પણ, જરૂર કરે તે ઘાત. ૫૪૮
લોચન કાળાં ઉજળાં, વચ્ચે દોરા લાલ;
ત્રિવેણિ જેવો તેહનો, ખરો દિસેછે ખ્યાલ. ૫૪૯
ન્હાય ત્રિવેણી સંગમે, પામે મુક્તી ધામ;
લોચનની ત્રિવેણિમાં, ન્હાતાં ન રહે રામ. ૫૫૦
અમિ વરસેછે આંખથી, વળી વરસેછે ઝેર;
જૂદા જૂદા ભાવમાં; જણાય છે તે ફેર. ૫૫૧
જેપર ભાવ નહીં જરા, જોતાં તેને ઝેર;
જેપર પુરો ભાવ છે, અમી તણી ત્યાં લ્હેર. ૫૫૨
ચક્રવાકિને ચંદ્રમા, લાગે છે અંગાર;
ચકોરને ચંદન તણા, રસ સમ સીતળ સાર. ૫૫૩
એક નેત્રથી શત્રુના, થરથર ધ્રૂજે પાય;
તેજ નેત્રથી સ્નેહિને, શાન્તી શાન્તી થાય. ૫૫૪
એક નિર્ખશે આંખમાં, જાણે પ્રગટી જવાળ;
એક નિર્ખશે પ્રણયનું, જાણે પાત્ર વિશાળ. ૫૫૫
કૃષ્ણ કૃપાનિધિ ગોપિને, લાગ્યાતા પ્રિય પ્રાણ;
અસુર હ્રદયમાં કાળનું, કરતા એ એંધાણ. ૫૫૬
ઝરો અમીનો નેત્રપણ, અન્ય સબંધે ઝેર;
પ્રણયી અન્ય સબંધથી, ધરે હ્રદયમાં વેર. ૫૫૭
પ્રણયી કેરા નેત્રનું, બળ અતુલિત કે'વાય;
પ્રા'ર થતાં બળવાનના, હોશ ન રહે જરાય. ૫૫૮

રતીરસ ક્રિડા રૂપ અને, કૃપા ત્રપા રૂચિ રીત;
અતી ચપળતા એ બધુ, અમિ દ્રષ્ટિનું ખચીત. ૫૫૯
અમી દ્રષ્ટિથી અંગના, શોક રોગ સૌ જાય;
રહે પ્રફુલીત હૃદય ને, મનનું ધાર્યું થાય. ૫૬૦
વિરહ થતાં વ્યાધી વધે, આધી વધે અપાર;
પડે ઉર્મિઓ સિથિળ સૌ, કામ ન સુઝે લગાર. ૫૬૧
અમિ વરસંતી આંખનો, આવે કંઈ અણુસાર;
પડે હૃદયમાં ધ્રાસકો, સાંભરતાં નિરધાર. ૫૬૨
સ્નેહી જેવો સ્વર સુણી, વ્યાકુળ અતી થવાય;
પણ તે સ્નેહી ન્હોય તો, પ્રગટે અંગે લ્હાય. ૫૬૩
સંયોગે સુખ ભોગવ્યું, કીધી ક્રીડા જેહ;
વિયોગ વેળા સાંભરી, બાળે છે તે દેહ. ૫૬૪
અધર તણો રસ હૃદયને, રાખે અધર હમેશ;
રાત દિવસ તે સાંભરે, ચેન પડે નહિ લેશ. ૫૬૫
હે ! અલતા ધન્ય ધન્ય છે, સદા રહું પ્રિયપાદ;
સબંધ એવો રે' સદા, આશકની એ દાદ. ૫૬૬
જળને સીતળતા કદી, ભિન્ન જુઓ નવ થાય;
હૃદય ઐક્ય પ્રેમી તણું, તેવું રહે સદાય. ૫૬૭
ભલે ઉકાળો અગ્નિપર, જળને આપ અપાર;
પણ અગ્ની અળગો થતાં, ઘડિમાં ઠંડુગાર. ૫૬૮
વિરહ તાપથી પ્રેમિનું, અતી ઉકળે ચીત;
શાન્ત થાય દર્શન થતાં, સ્વભાવીક એ રીત. ૫૬૯
પ્રતિમા પ્રેમીજન તણી, રહે અચળ મનમાંહ્ય;
ધ્યાન કરી જન ધૃતિ ધરે,નહિતર સુખ નથિ કયાંય.૫૭૦
વૃક્ષ પ્રેમ રૂપિ તેહનાં, પત્ર તણો કરિ સ્પર્શ;
કરે વિહાર કરોળિયો, આણી અદકો હર્ષ. ૫૭૧

ગુપ્ત ઝરો વે'તો રહે, સ્નેહ સુધાનો જેહ;
વિરહ વિશે તેથી રહે, અમર પ્રેમિનો દેહ. ૫૭૨
આગથિ વેલ વધે અતી, જળ સીંચ્યે સુકાય;
માથા સાટે ફળ મળે, મુખ વિણ તેહ ખવાય. ૫૭૩
પ્રેમ રૂપિ જે વેલ તે, વિરહે વૃદ્ધી થાય;
જળ મળતાં સંજોગનું, જલદી તે કરમાય. ૫૭૪
પ્રેમ વેલનું ફળરૂડું, ઉલટે જે આનંદ;
મુખ વિણ તેહ ખવાય છે, સરસ મળે સુખકંદ. ૫૭૫
લોક કૂળ કે વેદની, લજ્યા લોપે જેહ;
માથા સાટે મેળવે, ફળ ઉત્તમ જન તેહ. ૫૭૬
સંજોગે કરમાય છે, એ છે સાચી વાત;
સુજ્ઞ સબંધે નથિં કદી, કરમાતું સાક્ષાત. ૫૭૭
વિતે વર્ષ કદાચ્તો, લાગે પળ સમ પ્રાણ;
અપુર્ણ રહે ઇચ્છા સદા, સમજે સ્નેહ સુજાણ. ૫૭૮
દુર્વાંકુરો જ્યમ જળવિના, સે'જે જો સુકાય;
રહે સજીવન મૂળ તે, જળ મળતાં સજ થાય. ૫૭૯
પ્રેમાંકુર તવાય છે, વિરહે તેમ વિશેષ;
ખીલે તે સંજોગથી, આપે શોભા બેશ. ૫૮૦
પ્રિય પ્રતિમાના મનનથી, તનમાં પ્રગટે તાપ;
સંભારી સુખ પાછલું, દિલ દુખિ થાય અમાંપ. ૫૮૧
અતિ ઊંડા અફસોસના, અર્ણવમાં હરનીશ;
ભારે ભારે સૌ થશે, ભારે લાગે શીશ. ૫૮૨
પ્રકૃતિ ઘડિ ઘડિમાં ફરે, ધરે ન ધૈર્ય જરાય;
નાખે બહુ નિશ્વાસને, કંપે અતિશે કાય. ૫૮૩
સિથિળ થાય સર્વાંગને, ભાસે મન બેભાન;
જણાય જાણે ચિત્રવત્, ન મળે શુધ કે સાન. ૫૮૪

પ્રેમાંકુરને પ્રેમ જળ, સિંચ્યે થાય પ્રફૂલ;
પોષણ પામી પ્રતિદિને, આવે ઉત્તમ ફૂલ. ૫૮૫
પ્રેમ વૃદ્ધિ તેમાં કદી, અધવચ અટકી જાય;
ગાભામાં રે' કણસલું, નહીં માંહિ નહિ બાર. ૫૮૬
દુખના દા'ડા દોહિલા, ખૂટે નહીં ખચીત;
સુખના ઝટ વહિ જાય છે, એ દુખદાયક રીત. ૫૮૭
દિવાળીના દિન રૂડા, વહી જાય છે જેમ;
પ્રિયજનના મેળાપમાં, ઘટી ઘટે છે તેમ. ૫૮૮
દુરિજન ગુર્ૐજનનો નડે, સ્નેહ વિશે પ્રતિબંધ;
લાગે છે દુખ રૂપ પણ, આપે છે આનંદ. ૫૮૯
દુર્બળ-દિન સમ હોયતો, દિનદિન દુખ રૂપ થાય;
સ્વતંત્ર જનને સુખ તણી, મઝા સૌ સમજાય. ૫૯૦
લબકો ઝબકો સ્નેહિને, કોઈક દીન મળાય;
શું આપે સંતોષ તે, ચિત રે' ત્યાંને ત્યાંય. ૫૯૧
કદિં મદિં સ્નેહી મળ્યા થકી, ઉપજે ઘણી મિઠાશ;
ક્ષુધા ઉઘડે વીરહથી, થાતાં રતિ અપવાસ. ૫૯૨
ચંપો દુરથી બાસ દે, નિર્મળ નિકટ સુવાસ;
જેવું છેટેથી રહે, રે' નહીં તેવું પાસ. ૫૯૩
ચંપા જેવાં મનુષ્યની, છે જો એવી રીત;
ગુલાબને લાગુ નથી, માનો તમે ખચીત. ૫૯૪
સુકાયકે ચોળાય પણ, પરિમળ ઘટે ન લેશ;
ખુબી ખરી ગુલાબની, સરખી રહે હમેશ. ૫૯૫
જેમાં શ્રમ અદકો પડે, તેમાં ઉપજે સ્વાદ;
આ દુનિયાંની રીત છે, ઘટતો નથી વિવાદ. ૫૯૬
મોંઘામાં મીઠાશ છે, સાંઘું નહિ સ્વાદિષ્ટ;
એક જાતનું ઇષ્ટને, લાગે એક અનિષ્ટ. ૫૯૭

હોય રસિક નર તોયપણ, હોય ન નારી રસિક;
કો' કયમ ખીલે રંગ ત્યાં, ઠાઠ દિસે શું ઠીક. ૫૯૮
કાથો ચૂનો જો મળે, પૂર્ણ પાનને સંગ;
તો તેમાંથી ઉપજે, ખુબી ભરેલો રંગ. ૫૯૯
સ્નેહી કેરા સ્નેહિને, મેળવવો એ રીત;
શુદ્ધ હૃદયથી જોડવી, પ્રસન થાય ત્યમ પ્રીત. ૬૦૦
હૃદય શુદ્ધતાથી થશે, સે'જે સજ્જન મિત્ર;
ચિતરાશે તેનું રૂડું, અતી અલૌકિક ચિત્ર. ૬૦૧
પ્રેમ વિશે પીડા રહી, સુખ નહિ પણ સંતાપ;
પણ પ્રેમી હઠતાં નથી, ઘટાડતાં નથિં માપ. ૬૦૨
પીડા પામ્યાથી ઘટે, એ નહિ ઉત્તમ રીત;
પીડા પામ્યાથી વધે, ઉત્તમ એજ ખચીત. ૬૦૩
ટીપ્યાને તાવ્યા થકી, સુવર્ણ શોભે જેમ;
પીડા કે પરિતાપથી, ઘટે ન પ્રીતી તેમ. ૬૦૪
રતી આરતી થાય છે, જો નવ લાયક હોય;
ના લાયકના પાસમાં, ફસી ન પડશો કોય. ૬૦૫
વલ્લભ વસ્તુ આપતાં, હૈયે જે હરખાય;
ખટકે નહિ ચિતમાં કદી, સુમિત્ર તે કે'વાય. ૬૦૬
ઉચ્છિષ્ટ ખાતાં મિત્રનું, સુગ ન ચડે જરાય;
મિત્ર ખરો તે જાણવો, નહીં ભિન્નતા કાંય. ૬૦૭
એ હેતુથી દંપતી, ચોરીમાં કંસાર;
આરોગે છે એકઠાં, થવા ઐક્યને પ્યાર. ૬૦૮
ગુપ્ત બોધ તેમાં ઘણો, પણ સમજે નહિ સાર;
સમજ્યા વિણ શી રીતથી, સુધરે આ સંસાર. ૬૦૯
આરસપરસના હૃદયમાં, પ્રેમતણું નહિ બીજ;
સુખમય ફળ તે આપવા, શું કરશે તજવીજ. ૬૧૦

વિલાસ કે પરિહાસનો, જાણે નહિ કંઇ ભેદ;
એવાં જનના સંગથી, ઉપજે છે અતિ ખેદ. ૬૧૧
કરી કસોટી સ્નેહની, દ્રઢ ગ્રંથી બંધાય;
છોડવનારૂં કોણ છે, હોય રંક કે રાય. ૬૧૨
છૂટે નહિ છેવટ સુધી, સદા રહે સાબૂત;
શુકલપક્ષના ચંદ્ર સમ, શોભે અતિ અદભૂત. ૬૧૩
કરે કર્મ અઘટીત કે, બોલે કડવા બોલ;
તોપણ સાચાં સ્નેહિ તે, રહે સદા સમતોલ. ૬૧૪
કરે હજારનિં હાણ કે, ઉપજાવે અતિ દુઃખ;
ગણે ન ગણુતી તેહની, આવે પ્રિય સન્મુખ. ૬૧૫
સરખે સરખી પ્રીત તો, સ્વર્ગ સદન આ સ્થાન;
સદા-સર્વદા મેળવે, ખાન પાન ને માન. ૬૧૬
એક તરફિ જ્યાં પ્રીત છે, ન ગણો તેને પ્રીત;
એ પ્રીતીમાં સુખ શું, એ પ્રીતી વિપરીત. ૬૧૭
ગીષ્મ તાપ સમ એકને, લાગે છે અનુચીત;
શિશિર તાપ ગણનારથી, સુખ શું થાય ખચીત. ૬૧૮
ક્યાં સુધી એ પ્રીતનો, રે રે થાય ટકાવ;
સાગર પાર ઉતારશે, શું કાગળનું નાવ. ૬૧૯
ગણે સ્નેહ એકંગિ જન, જળ મિન તણો જરૂર;
પણ તેનું મુળતત્વ તે, વિચારતાં નથિં ઉર. ૬૨૦
જળપર પ્રીતી મીનની, જાણે જનો બધાય;
જળ પણ તેવી પ્રીતિથી, ન્હાતું મીન સદાય. ૬૨૧
જળથી મિંન જૂદુ પડયે, જીવે નહીં જરાય;
જળ બગડે છે મિન વિના, પરખો પ્રીતિ પ્રભાવ. ૬૨૨
જાર પ્રીતથી જન કદી, જુગતે જો જોડાય;
થાય બેવફા કોઈ તો, સહન કદી નવ થાય. ૬૨૩

પડયું વ્યસન જે રસ તણું, સરસ નરસ કદિ હોય;
પણ ચાલે નહિ તે વિના, ભય દુખ ભાળે તોય. ૬૨૪
કષ્ટ કરોડ પડે કદી, તોપણ ન ચળે ચિત્ત;
મન વારે પણ ખ્યાલ તે, છોડે નહીં ખચીત. ૬૨૫
મુખમાં વાગ્યું હોય કે, કદી ભરાયું કાંય;
મટતા નીકળતા લગી, રે' જીભ ત્યાંને ત્યાંય. ૬૨૬
જૂદાં ભલે જણાય છે, ગતી હોય પણ એક;
રતી ખરી તે જાણવી, ટકે તેમનો ટેક. ૬૨૭
પ્રત્યક્ષ બે બે દિસતાં, લોચન ને વળિ કાન;
શ્રવણ-દર્શ ગતિ એક છે, ભિન્ન નથી શુધ સાન. ૬૨૮
દંપતિ દેખો દ્રષ્ટિએ, જૂદે જૂદી દેહ;
પણ તે જરી જુદાં નથી, શુદ્ધ હોય જો સ્નેહ. ૬૨૯
જૂદા જૂદા દેહ પણ, હૃદય ઐક્ય જો હોય;
અનૂપ આ અવની વિશે, દંપતિ તે તો સ્હોય. ૬૩૦
કાયા છાયા જૂજવી, ભાસે જનને જેમ;
શુદ્ધ સ્નેહિ બે ભાળિએ, પણ એકજ છે એમ. ૬૩૧
આત્મા બેના એકને, દિસે જૂજવો દેહ;
સઘળી વાતે ઐક્યતા, દુર્લભ એવો સ્નેહ. ૬૩૨
સ્નેહીને મળવા તણું, સ્થળ જો પલટી જાય;
અન્ય સ્થળો સૌ શુન્યવત્, ભાસે ભૂમી માંહ્ય. ૬૩૩
જે સ્થળમાં આનંદની, અતી ઉલટતી રેલ;
તે સ્થળ દુખદા થઇ રહે, તુટતાં સ્નેહી વેલ. ૬૩૪
સંગ કરે ગુણવાનનો, પામે તે સન્માન;
સ્નેહી છે ગુણવાનતો, ખાન પાન ને માન. ૬૩૫
સ્નેહી સાચું હોય તે, કરે અન્યથી સ્નેહ;
એ દુખથી મરવું ભલું, તેમાં નહિ સંદેહ. ૬૩૬

અન્ય સાથનો સ્નેહ તે, છળે છુપાવા જાય;
છેવટ છાનું નવ રહે, છતુ છ દીમાં થાય. ૬૩૭
પ્રેહાગ્નીના તાપથી, હૃદય બળે દિન રાત;
સમર્થ નથી બુઝાવવા, સ્નેહી વિણ સાક્ષાત. ૬૩૮
શરીરને છાયા તણો, સાથે રહ્યો સબંધ;
સ્નેહી સાચાં સર્વદા, ઇચ્છે એવો બંધ. ૬૩૯
વિયોગ થાતાં પત્રિકા, લખી બતાવે પ્રિત;
પણ લખવા જીવતાં રહે, એ દીસે વિપરીત. ૬૪૦
જીવે નહીં વિયોગથી, જે જન સાચાં હોય;
આશા અવલંબન કરી, જરૂર જીવે કોય. ૬૪૧
સ્નેહ વિશે શું ખામિ કે, કરે અન્યથી સ્નેહ;
કરે અન્યથી સ્નેહતો, સ્નેહ વિશે કંઇ છેહ. ૬૪૨
સ્વભાવિક સૌંદર્યતા, ખરી ખિલેલી હોય;
અંગે આભૂષણ તણી, જરૂર શાને જોય. ૬૪૩
સ્વભાવીક છે સ્નેહ તો, સુંદર શોભે દેહ;
જરૂર આભૂષણ તણી, કહો પછી કયમ રેહ. ૬૪૪
હૃદય પ્રેમ જ્યાં શુદ્ધ ત્યાં, ઉપજે કેમ વિકાર;
સ્વાત્માર્પણ કરતાં લગી, ડગે નહીં નિરધાર. ૬૪૫
અતિ દિવસ આહ્‌લાદના, સ્નેહી સાથે હોય;
લીલા નોતમ નિત્ય કરી, અરસ પરસ મુખ જોય. ૬૪૬
રસીક લાડી લાલ તે, ધરે અતી ઉછરંગ;
અરસ પરસના અંગને, પ્રેમ તણો એક રંગ. ૬૪૭
એક રંગ નવ હોય તો, ધીક ગણો એ પ્રેમ.
ઘડી ઘડી બદલાય તો, શુંછે એમાં ક્ષેમ. ૬૪૮
શુદ્ધ સ્નેહિને વિરહથી, ગમે નહીં શણગાર;
સંજોગે નવ સાંભરે, કરતાં પ્રેમ વિચાર. ૬૪૯

એવો કેવો પ્રેમ કે, પત્રનિં પડે જરૂર;
પળે વાયદે કાયદે, સ્નેહ હોય ભરપૂર. ૬૫૦
સ્વાધિનતા છે પ્રેમમાં, છે વચને વે'વાર;
વચન ભંગ નવ થાય જો, સ્નેહ હોય શ્રીકાર. ૬૫૧
કીધો હોય હુકાર તો, ડરે ન દીલ લગાર;
મરે ત્યાં લગી મન વિશે, કરે ન ભિન્ન વિચાર. ૬૫૨
સ્નેહી સાથે શરમ તો, ન રહે ઝાઝી વાર;
ભરમ ખુલે કે શરમનો, આવે તરતજ પાર. ૬૫૩
પ્રથમ સમાગમ હોય તો, ક્રીડા નડે વિશેષ;
સિથિળ પડે સર્વાંગને, વદે ન વાણી લેશ. ૬૫૪
નિરખી ઢાળે નયન તે, જયમ લાજાળુ છાડ;
ધડકે છાતી ભેટતાં, કશાય ન દિસે કોડ. ૬૫૫
મુખાકૃતીપર મોતિ સમ, જળકણ પ્રગટ જણાય;
અંગ રંગની ગતિ અતી, સુષ્ક પુષ્પ સમ થાય. ૬૫૬
સ્વરૂપ પ્રેમ તણું ખરૂ, શાણા સમજે સે'જ,
મુર્ખા પ્રેમિ ગણાવવા, બિભત્સ વાણિં બકેજ. ૬૫૭
મેહ તાપથી હ્રદયનું, કમળ ખરે કરમાય;
થાય સ્નેહિં મેળાપ તો, તુરત પ્રફુલીત થાય. ૬૫૮
આયુર્દા રૂપી સ્નેહિ છે, આશા રૂપિ આધાર;
ટકી રહે છે વિરહમાં, તેથી આ સંસાર. ૬૫૯
વિર્હ તાપથી શરિરની, લાલી સઘળી જાય;
ખાલી-ખોખા સમ દિસે, વિર્હી જનની કાય. ૬૬૦
અંગ રંગ પેખાય છે, પ્રત્યક્ષ પિત ખચીત;
વિત વિનાનું વિર્હી તે, ભાસે ભુંડી રીત. ૬૬૧
સ્નેહ બતાવા સ્નેહિને, પડતી નથી જરૂર;
હ્રદય ભાવ સમજાય છે, ભલે હોય તે દુર. ૬૬૨

સુર્યોદયના સમયમાં, નથી વાગતો ઢોલ;
પ્રકાશ થાતાં પ્રાણિયો, કરતાં દિસે કલોલ. ૬૬૩
છુપો રહે નહિ હૃદયમાં, કદી છુપાવા જાય;
કસ્તુરીની વાસ સમ, ત્વરિત પ્રેમ પ્રસરાય. ૬૬૪
કરો તારકે કદિ લખો, સ્નેહીને જો પત્ર;
હૃદય ભાવ સમજાય નહિ, તેથી તો સર્વત્ર. ૬૬૫
હૃદય તારથી-દુર છતાં, સમજી સર્વ શકાય;
ખબર પડે છે ખુદને, ફેરફાર જે થાય. ૬૬૬
સ્વભાવીક જે ચીજના, ગુણનો થાય પ્રકાશ;
તસ્દી કયમ લેવી પડે, વર્ણન કરવા ખાસ. ૬૬૭
સુરજ ઉગ્યો છાબડે, ઢાંકયો ના ઢંકાય;
પ્રભા બધી પૃથ્વી વિશે, સે'જે પ્રસરી જાય. ૬૬૮
કાચ રૂપે મનમાં પડે, અન્ય તણું પ્રતિબીંબ;
અન્યતણા મન ભાવનું, જણાય સર્વ સ્વરૂપ. ૬૬૯
પ્રત્યક્ષ અગ્નિ હોય તે, જાણે સઘળા લોક;
ગુપ્ત તાપ તો જાણશે, હશે અનૂભવી કોક. ૬૭૦
આગ થાય તે અવનિમાં, દુરથી જો દેખાય;
પડે હિમ તેની પીડા, પ્રત્યક્ષ ના પેખાય. ૬૭૧
અગ્નીથી ઉતાવળે, ભસ્મી ભૂત થવાય;
મરે નહીં જીવે નહીં, હિમ પડયાથી હાય. ૬૭૨
સ્નેહ વીશે વિરહ થતાં, તેવો લાગે તાપ;
ઢાંકયો ધીકે તાવ તે, જાણે જગનો બાપ. ૬૭૩
પ્રેમ વસ્તુ પશુ પક્ષિમાં, સકળ જગતમાં જોઇ;
હશે વિમુખ તેનાથકી, આ દુનિયામાં કોઈ. ૬૭૪
પ્રેમાભૂષણ કોઈનું, કદી કટાઈ જાય;
પ્રેમ શરાણે નાંખતાં, સતેજ સત્વર થાય. ૬૭૫

મુરખને મન પ્રેમની, કીંમત કોડી તુલ્ય;
પણ જે સમજે તેહને, અતિશે દિસે અમુલ્ય. ૬૭૬
સોળ કળાથી શોભતો, પુર્ણ પુર્ણિમા ચંદ;
શીતળતા સૌને કરે, વિરહીને દુખ દ્રંદ. ૬૭૭
પલકા ગોઠે નહિ પલક, ખલક જણાય ખરાબ;
વિર્હ વિશે રૂચે નહીં, પીડે બહુ પરિતાપ. ૬૭૮
વિકળ બને છે વિર્હથી, અકળ દુઃખ દિનરાત;
કળ ન પડે કંઇ યત્નથી, ગમે ન અન્યનિર્વાત. ૬૭૯
સ્નેહીના સંજોગને, તલખે જે તન માંહ્ય;
શુકન આવવાના ગણે, કાગ વદે જો કયાંય. ૬૮૦
વિર્હ તાપનું માપ તે, અમાપ બળ અતુલીત;
હોય ભલે બળવાન પણ, ચળાવિ દે તે ચીત. ૬૮૧
વિર્હ તાપની જ્વાળ તે, પડે શાન્ત જે વાર;
તે વેળા તનનું વધે, આહા ! તેજ અપાર. ૬૮૨
હ્રદય હર્ષ ઉભરાય છે, નેત્રે તે નિર્ખાય;
ચંદ્રવદન ખીલે અતી, પ્રગટે સોળ કળાય. ૬૮૩
દ્રગ મદ ઝળકે શત તણો, હોય પરસપર પ્રેમ;
અતિ વાધે ઉત્સાહ તે, વર્ણી શકાય કેમ. ૬૮૪
પ્રણય પાન કરતાં ભણે, સ્નેહી મુખ નકાર;
અતી રસોદ્ધારક ગણે, સમજૂ તેનો સાર. ૬૮૫
સ્નેહીની છબિ હ્રદયથી, ખસે નહીં તલભાર;
રટણ થાય એ નામનું, દિલમાં વારંવાર. ૬૮૬
સ્રીનો સહજ સ્વભાવ છે, ચ્હાય આગમો સ્નેહ;
થાય ભાગિયણ કોઇ તો, ગાળે બાળે દેહ. ૬૮૭
વિરહ વિશે ચિંતાત્રિયા, આશક હ્રદે ભરાય;
ઈર્ષા જરિ આવે નહીં, એ કેવું કે'વાય. ૬૮૮

ઇર્ષા -હૃદયે હોય છે, જેને શુદ્ધ સબંધ;
શંકા રાખી સર્વદા, કરશે તે પ્રતિબંધ. ૬૮૯
રખે પ્રેમ કો લઇ જશે, છોડવશે દ્રઢ પ્રિત;
એ ચિંતામાં રાતદી, સ્નેહીનું રે' ચીત. ૬૯૦
પાન તણો રસ પાકતાં, વૃદ્ધી થાય વિશેષ;
સ્નેહ પકવ થાતાં ખરે, સુખમય થાય હમેશ. ૬૯૧
સ્નેહ થયો પરિપકવ ત્યાં, ન રહે જરિએ ભેદ;
ભેદ રાખતાં -હૃદયમાં, ઉપજાવે અતી ખેદ. ૬૯૨
મનને વશ છે ઇંદ્રિઓ, સ્નેહીને વશ મંન;
ધરે માન ત્યાં શું પછી, મંન વિનાનું તંન. ૬૯૩
ખરે નપૂશક મન છતાં, ચોટે સ્નેહી સાથ;
પુરૂષ વિશે પુર્ષત્વ છે, રહે પછી કયમ હાથ. ૬૯૪
સમજે તેને સ્વાદ છે, સમજે સ્નેહી સુજ્ઞ;
સમજે નહિ શાસ્ત્રજ્ઞ તે, ગણાય છે અલ્પજ્ઞ. ૬૯૫
મણિમાં સર્વ શિરોમણી, ચિંતામણી ગણાય;
દુઃસહ દુઃખ સૌ દુઃખમાં, વિરહીતણું જણાય. ૬૯૬
ભલે હોય સુખ સર્વ પણ, વિરહીને દુખ રૂપ;
દુઃખ ટળે છે તેહનું, નિર્ખિ સ્નેહિ સ્વરૂપ. ૬૯૭
તાપ ટાળવા દેડકો, ફણિધર છાયા ચ્હાય;
અન્ય સુખ વિહીં દીલે, સુખકર નહીં મનાય. ૬૯૮
મરણ આવતાં વિરહિ જન, માને આશિર્વાદ;
જગદિશ્વર આપે રખે, વિરહ તાપ સંતાપ. ૬૯૯
વિરહ તાપ સ્નેહી દિલે, સુણિં સ્નેહી હરખાય;
એ અચરજ દેખાય છે, સમજે કોવિદરાય. ૭૦૦
વિર્હાગ્નિ ઓલાવવા, દર્શન જળ છે એક;
તેવિણ અન્ય ઉપાયનો, ચાલે નહીં વિવેક. ૭૦૧

સ્નેહીનું દુખ સાંભળી, ઘટે દુઃખ ઘડિ વાર;
મુજ માટે રીબાય છે, આવે એજ વિચાર. ૭૦૨
પત્ર સ્નેહિનો વાંચતાં, હોય વિરહની છાપ;
ઉપજે જરી આનંદને, મટે -હ્રદયનો તાપ. ૭૦૩
પત્ર વાંચતાં શબ્દની, વાગે ગુહ્ય ગલોલ;
ભેદી નાંખે -હ્રદય તે, વદી શકે નહિ બોલ. ૭૦૪
ઘડિમાં જરિ આનંદને, ઘડિમાં અતી પરિતાપ;
ઘડિમાં ઠંડું ગારને, ઘડિમાં તાપ અમાપ. ૭૦૫
અરે વિધાતા ધિક્ક છે, ઘટે નહીં આ રીત;
પ્રથમ કરાવી પ્રીતને, પછી કરૂ વિપરિત. ૭૦૬
પ્રીત કરાવી પ્રિયને, ખેંચી કરૂ ખુવાર;
કાં લે પાછી પ્રીતને, કાં દે તું દિલદાર. ૭૦૭
પ્રથમ ન્હોય ઓળખ કશી, તે વિણ તલખે પ્રાણ;
પ્રેમ વિરહની ગતિ અતી, અદ્ભુત અકળ પ્રમાણ. ૭૦૮
આશાથી આત્મા ટકે, તે વિણ ન ટકે લેશ;
સફળ થાય તો સુખદા, નહિ તો દુઃખ હમેશ. ૭૦૯
રીબાવાની રીત તે, નથિ નથિ લેશ ઉચીત,
તુટયાથી તુટે ભલે, આયુર્દા કે હીત. ૭૧૦
વિસરતું નથિ રૂપને, વિસરતો નથી પ્રેમ;
સ્મૃતિ વચનામૃતની થતાં, થાય પિડા શુળ જેમ. ૭૧૧
વિહ્ર તાપ તે તાવ છે, કફ જે -હ્રદય રૂંધાય;
શૂળ થતાં ત્રીદોશનો, રોગ અસાધ્ય ગણાય. ૭૧૨
કરે વૈદ ઉપાય શું, ચાલે નહીં કંઇ જોર;
દુખનું કારણ વૈદ છે, વૈદ બને છે ચોર. ૭૧૩
લીલા જે સંજોગની, દુખમય વિરહે થાય;
હોળી હૈયામાં બળે, કહો ક્યમ કરિ ખમાય. ૭૧૪

કપુર-અગ્ની સંગથી, પ્રગટ થાય જયમ જ્વાળ;
પાછળનું સુખ સાંભરી, બને તેમ તત્કાળ. ૭૧૫
સીતકાળની અસરથી, સઘળાં ચાહે તાપ;
તાપ વિહિના -હૃદયમાં, હરનિશ તપે અમાપ. ૭૧૬
અંગીઠી -હૃદયે બળે, અંગીઠી કયમ જોય;
વિર્‌હાગ્નિથી અગ્નીનું, શું બળ ઝાઝું હોય. ૭૧૭
વિર્‌હી જન તો અગ્નિથી, બ્હીતાં નથી લગાર;
વિર્‌હ થતાં સ્રી-સાધવી, પડે અગ્નિ મોંઝાર. ૭૧૮
ખટકે કટકો બાણનો, વિરહી -હૃદય વિશેષ;
સ્નેહિ રૂપિ ચુંબક તણો, ઉપાય એકજ બેશ. ૭૧૯
જે છે પ્રિય પોતા તણું, થાય વિરહ જે વાર;
તે દુખના અનુભવ વિના, વધે ન પુરણ પ્યાર. ૭૨૦
ચૈત્ર તાપમાં આપનું, અતી તપે જો તંન;
વૃક્ષ છાય લાગે અતી, મિષ્ટ પછીથી મંન. ૭૨૧
વિરહ પિડા વેઠયા વિના, દ્રઢ નથિ થાતો પ્રેમ;
પિડા વિનાનો પ્રેમ તે, રહે ચિરાયુ કેમ. ૭૨૨
તાપ થકી તૃષા વધે, તૃષાથિ જળને ચ્હાય;
મળે ઉદકતે મોદથી, મનમાન્યું પીવાય. ૭૨૩
વિર્‌હ પિડા જયમ વધુ વધે, ત્યમ પ્રિતિ વધે વિશેષ;
પિડા પછીની પ્રીત તે, સુખમય થાય હમેશ. ૭૨૪
જખમ લાગતાં જખમિને, લાગે તૃષા અપાર;
જળ પીતાં જીવે નહીં, સંસય નથી લગાર. ૭૨૫
જીવે નહીં પણ જરૂર તે, જળ પીવા લલચાય;
સ્નેહીને પણ સ્નેહની, તેવી છે મમતાય. ૭૨૬
સ્નેહીના મેળાપમાં, આડું આવે જેહ;
કાળ સરીખું લાગશે, એમાં નહિ સંદેહ. ૭૨૭

લગ્ની લાગી જેહથી, તે બીજાને ન્હાય;
એ દુખથી મરવું ભલું, પ્રત્યક્ષ પ્રગટે લ્હાય. ૭૨૮
થાય જેટલો વિર્હનો, હ્રદય વિશે સંતાપ;
પ્રેમ તેટલો જાણવો, એજ સ્નેહનું માપ. ૭૨૯
વિરહ પિડા જે હ્રદયની, કહો કદી કો પાસ;
હશે અનુભવી તે જનો, પામે દિલમાં ત્રાસ. ૭૩૦
અનુભવ વિણ હેવાન તે, હાંસી કરે અપાર;
એવાને કે'વા થકી, સમજી રે'વું સાર. ૭૩૧
કમાન કરતાં તિર ભલું, માને પ્રેમ પ્રવિણ;
ક-માન પ્રેમીને કરે, અરે ખરે બળહીણ. ૭૩૨
વિપરિત રીતી કેર્વિ આ, વધે ઘટે ઘટિ માંહ્ય;
સંજોગે ભરપૂર નુર, વિયોગમાં નુર ન્હોય. ૭૩૩
અંગ એકનું એક પણ, ભારે હળવું થાય;
સંયોગી શણગાર તે, વિર્હે ના ઉચકાય. ૭૩૪
દારૂણ દુખ વિર્હિ દિલે, સહન શી રીતે થાય;
કરો કલ્પના તે તણી, જનથી કયમ જીવાય? ૭૩૫
આશાની દોરી ગ્રહી, જીવે જનો જરૂર;
ટકી રહે છે ટેકથી, ધરિં આશા અંકુર. ૭૩૬
પ્રગટે અગ્ની વિર્હનો, દ્રગ વરસે દિનરાત;
વિર્હ વારિં સિંચન થતાં, પડે કંઈક તે શાન્ત. ૭૩૭
પ્રણયી જનના પ્રેમની, કરે કોઈ જન વાત;
વિર્હાગ્ની ઓલાવવા, સાધન એ સાક્ષાત. ૭૩૮
વિર્હ વ્યાધિંની વેદના, કળે કોણ કઈ રીત;
કળે ખચીત મળે કદી, જે પર જેને પ્રીત. ૭૩૯
મૃત્યુ કરતાં વિર્હનું, અતી જણાએ દુ:ખ;
વિરહી દાડે વિકળ થઈ, મૃત્યુની સન્મૂખ. ૭૪૦

શશી વિશે સરસીજનો, રહે પ્રતિક્ષણ પ્રેમ;
સુરભી રૂપે સંચરે, કો' તે અટકે કેમ. ૭૪૧
દિપે દીપ શિખા રૂડી, પ્રેમ થકી પ્રગટેલ;
વિષય વાંચ્છના રૂપિ તિમિર, ટળે મળે જો મેળ. ૭૪૨
વિર્હ-જવાળથી -હૃદયમાં, લાગે ભય ભણકાર;
ખગ ઉડે ખદ્યોત પણ, જાણે મન અંગાર. ૭૪૩
વિર્હ દગ્ધને જો કદી, સિંચો વારિ ગુલાબ;
વારી મળતાં અંગમાં, પ્રગટે અતિશય તાપ. ૭૪૪
વિર્હાગ્ની આ વિશ્વમાં, દુખદા દિસે અપાર;
વૃષ્ટી થાય વિશેષ પણ, બુઝે નહીં લગાર. ૭૪૫
દ્રષ્ટી થાતાં પ્રણયિની, ઉગ્ર અગ્નિ ઓલાય;
તિવ્ર તાપની શાન્તિ જયમ, ચંદ્ર ઉદયથી થાય. ૭૪૬
ચર્ચે ચંદન અંગને, સીતળ મળે સમીર;
તો પણ ટાઢું નવ પડે, બળતું વિર્હિ શરીર. ૭૪૭
ભલે વિછાંહુ પડતાં વસે, પ્રેમી જન દુર દેશ;
પાસે રે' છે પ્રેમીની, મન મૂરતી હમેશ. ૭૪૮
ખેંચે ત્યમ ખેંચાય છે, ખારે ખશી નવ જાય;
ચિતવન કરતાં ચિત વિશે, તરત ખડી તે થાય. ૭૪૯
સત્વર સુ-દર્શન થકી, ટળે વિષમ જવર હોય;
તે વિણ તેને ટાળવા, સત્ય સમર્થ ન કોય. ૭૫૦
વિર્હ થકી તો મૃત્યુનું, નથિં વધુ દુઃખ લગાર;
મરણ તણું દુખ નવ ગણે, વિર્હી મન મોંઝાર. ૭૫૧
જે સ્થળ જેનું મન વસ્યું, તે સ્થળ તેને સુખ;
અન્ય અધિક તેથી મળે, તોય દુઃખ ને દુઃખ. ૭૫૨
રોગ કંઇક ઓષધ કંઇક, તો શું તેથી થાય;
ચંદન રસમાં ભિજવ્યે, વિરહ પિડા નવ જાય. ૭૫૩

વેહ્રૈ પિડિત જન વિહ્રૈની, કથા સુણે કો વાર;
મ તેલમાં જળ પડે, સ્થિતિ તેવી નિરધાર. ૭૫૪
બ્દ સાંભળી સ્નેહિનો, ઉપજે અતિ આ'લાદ;
ઘ ગર્જના સાંભળી, મોર કરે નૃત્ય નાદ. ૭૫૫
વેરહી જનના મન વિશે, રહે ન શુભ મતિ લેશ;
મઅર સિતાની પુંછતા, જડને શ્રી વિશ્વેશ. ૭૫૬
પ્રત્યક્ષ ને વળિ પત્રનું, દર્શન વિહ્રી ચ્હાય;
સ્થિર મન કરિ તાકી રહે, કથવા પ્રેમ કથાય. ૭૫૭
પુનરાવર્તન પત્રનું, જ્યમ જ્યમ અતિશે થાય;
ચખ સરિતાથી અશ્રુનો, પ્રવાહ અતિ ઉભરાય. ૭૫૮
હ્રદય હોઝમાં વિહ્રૈનો, જામે જથો વિશેષ;
સ્નેહ સુરંજ ચડયા થકી, સ્થિર જીવ નવરે' લેશ. ૭૫૯
વિહ્રાગ્નીના તાપથી, તપે પૃથ્વિ આકાશ;
રોમ રોમ સળગી ઉઠે, પ્રગટે પ્રલય હુતાશ. ૭૬૦
શાન્તી નિશદિન થાય નહિ, લાહ્ય ન જઈ રૅઓલાય;
વિહ્રૈ તાપની આપદા, ઓછી ના કે'વાય. ૭૬૧
પ્રણયી જનનું ચિત્ર તે, હ્રદય વિશે ચિતરાય;
એ પ્રતિબિંબ વિહ્રૈમાં, જીવનીરે' સ્થિરતાય. ૭૬૨
સમય સંધિ મળવા તણી, શોધે જીવ દિનરાત;
આશા અવલંબન કરી, સજીવનરે' સાક્ષાત. ૭૬૩
પ્રતિ પળ પત્રો પ્રણયિના, વાંચી કરે વિલાસ;
એવા ઉદ્યોગો થકી, થાય ન વિહ્રિ વિનાશ. ૭૬૪
ભાનું ઉદય થતાં ખરે, પક્ષી કરે કલોલ;
સ્નેહીના દર્શન થકી, ઉપજે હર્ષ અતોલ. ૭૬૫
દિનકર કેરા ઉદયની, જુએ કમલિની વાટ;
માશુક પ્રેમી હોય તો, તેનો તેવો ઘાટ. ૭૬૬

ચકવા ચકવી સૂર્યને, ભેટે ધરી આનંદ;
તેમજ પ્રણયી ભેટતાં, મન માને સુખકંદ. ૭૬૭
ચકોરને તો ચંદ્રનું, રહે ધ્યાન દિન રેન;
સૂર્યોદયથી તેહને, પડે ન લગિરે ચેન. ૭૬૮
ચંદન ચર્ચો અંગને, સીંચો વારિ ગુલાબ;
પુષ્પ પથારિ કરો કદી, ટળે ન વિર્હી તાપ; ૭૬૯
ઉલટી વાધે આપદા, રૂચે નહીં લગાર;
પ્રણયી વૈદ મળ્યા વિના, ટળે ન દુખ નિરધાર. ૭૭૦
વિર્હ પિડાથી શરિરની, થાએ સ્થીતિ વિચિત્ર:
અન્ય વૈદ સમજે નહીં, સમજે સ્નેહી મિત્ર. ૭૭૧
સમજ્યા વિણ ઉપચાર તે, કો' કયમ હિતકર થાય;
દુખે પેટમાં તે પિડા, શિર શેકે શું જાય. ૭૭૨
પ્રણયી જન કે' "ચાલશું" ભયનો એ ભણકાર;
વજ્ર ઘાત સમ હૃદયને, લાગે છે તે માર. ૭૭૩
વિરહ દુઃખની વાતનો, અનુભવિ સમજે સાર;
ભેદ ન સમજે જેહને, અનુભવ નહીં લગાર. ૭૭૪
જળના જંતુને નથી, ગ્રિષ્મ તાપનું માપ;
શી રીતે સમજી શકે, તાપ તણો પરિતાપ. ૭૭૫
નથી પરિક્ષા હળદિની, પરખે કેસર કેમ;
વિરહ પીડા સમજે નહીં, અનુભવવિણનાં તેમ. ૭૭૬
મોંઘા મણિને મુર્ખ જન, માને જયમ પાષાણ;
વિરહ પિડા જાણે નહીં, જે નથિ તેનો જાણ. ૭૭૭
રણમાં શૂરા દાખવે, વિરત્વ થઇ બ્હાદુર;
કાયરને કળ કયમ પડે, વિરપણું નથિ મૂળ. ૭૭૮
નથી થયું કદિ દરદ તો, શું દુખ જાણે તેહ;
દરદી જાણે દરદની, પિડા અતુલીત તેહ. ૭૭૯

અભિલાષા રૂપિ રાયેને, ચિંતા રૂપી કુમાર;
સ્મૃતિ ઉદ્વેગ પ્રધાન છે, શરિર નગર મોંઝાર. ૭૮૦
જડતાને ગુણ કથન બે, અમીર એ બળવાન;
પ્રલાપને ઉનમાદ છે, સુબા સર્વથી મા'ન. ૭૮૧
મરણ અને વ્યાધીખરે, બંને ન્યાયાધીસ;
સ્નેહ રૂપી હાકેમની, આણ ફરી દસ દીશં. ૭૮૨
સ્નેહી રૂપી સૂર્યની, કાન્તી થતાં પ્રકાશ;
સતેજ કિર્ણો સ્નેહનાં, ઉદ્‌ભવશે અવિનાશ. ૭૮૩
ચક્ષુ દ્વારે કિર્ણ તે, પડે હ્રદય ઘટમાંહ્ય;
અનુપમ જયોત પ્રગટ થશે, અતિ તેજસ્વી ત્યાંય. ૭૮૪
હ્રદય રૂપી નગરી વિશે, હાકેમ વિરહ રૂપ;
આપ તાપથી બાળિને, ગાળી દે તન તૂપ. ૭૮૫
આંસુ તણા પ્રવાહથી, બોળી દે છે કાય;
સુખ રૂપ સામગ્રી બધી, આપે તે વિખરાય. ૭૮૬
મન રૂપિ મજમુદારને, કરિં દે તેહ પરેજ;
દુઃખ રૂપી દિવાન તે, હરે પ્રાણનું તેજ. ૭૮૭
વિર્હરૂપી દુશ્મન તણી, સઘળે વર્ત્તે આણ:
વિયોગિ જનના દેહને, પિડે મદન પ્રમાણ. ૭૮૮
નેત્રે નેત્ર મળયા પછી, ચાહે અન્યો અન્ય;
નેત્ર દ્વારથી વિરહમાં, થાએ અશ્રુ પત્તન. ૭૮૯
નિમિષ નિરાંત થતી નથી, નથી વિસરતાં નેન;
આહા ! એવાં સ્નેહનાં, અદ્‌ભુત દીસે ચેન. ૭૯૦
પ્રેમી જનને મારવા, નહિં જરૂર હથિયાર;
શસ્ત્ર વિરહ રૂપિ ભેદશે, પ્રેમીને નિરધાર. ૭૯૧
હ્રદય રૂપી આ કુંડમાં, ધર્યાં હાડ રૂપિ કાષ્ટ;
વિરહ રૂપી અગ્નિ વડે, પ્રગટ થાય છે તાપ. ૭૯૨

અશ્રુ રૂપી ધૃત તણી, પડે ધાર અવિછિન્ન;
સર્વે સુખની આહુતી, અપાય છે નિશદીન. ૭૯૩
પ્રણયી જનના નામનો, જપાય મંત્ર સ:પ્રેમ;
ધિરજ રૂપી ફળ પામતાં, રહીએ કુશળ ક્ષેમ. ૭૯૪
હ્રદય ક્ષેત્રમાં પ્રેમનું, પડ્યું સ્વભાવિક બીજ;
રહે સજીવન સર્વદા, કરશો શુભ તજવીજ. ૭૯૫

દેહ જૂજવા પ્રણયિના, નથિ મન જૂદુ લેશ;
જોવા માત્ર જણાય છે, જેમ જૂજવા વેશ. ૭૯૬
નિર્ખેલી છબિ નેત્રથી, ખસે નહીં પળવાર;
જડી જડાણી નવ ખસે, કરતાં યત્ન અપાર. ૭૯૭
રસ સાથે બાંધ્યો રહે, વિર્હી જનનો પ્રાણ;
રસ પીવા તક ના મળે, કયમ ઉપજે નહિ હાણ. ૭૯૮
આશા રૂપી દોરિ તે, પકડી રાખે પ્રાણ;
રહે સજીવન પ્રેમીજન, થાય ન તેથી હાણ. ૭૯૯
સૂર્ય પ્રભાના તેજની, ગતી ઉલૂકને નહિ;
જાણે અંધારૂ સદા, સમજે નહીં મન મહિ. ૮૦૦

વિરહ પિડાની ગતિ નથી, રતીભર જેને હાય !
માપ કરે શું તેહનું, શું સમજે તે લ્હાય. ૮૦૧
દા' લાગે છે ડુંગરે, ગ્રીષ્મ તાપમાં જેમ;
વિર્હી જનના હ્રદયને, અગ્ની બાળે તેમ. ૮૦૨
વિર્હ પિડા હરિ હ્રદયમાં, આપે છે સંતાપ;
મનુષ્ય બિચારા કયમ કરી, સહન કરે તે તાપ. ૮૦૩
રાવણ સિતા હરીગયો, થયું રામને જાણ;
પીડા પ્રગટ થઇ હ્રદે, ભાન ભુલ્યા ભગવાન. ૮૦૪
ચકોરિસમ તાકી રહે, ચાતકસમ દે ચીસ;
પતંગ સમ બળવા પડે, તેમજ વિર્હિ મનીશ. ૮૦૫

ફૂટે શીર કબૂતરો, વિહું થતાની વાર;
દ્રષ્ટે એ દ્રષ્ટાંત છે, વિર્હીનું નિરધાર. ૮૦૬
પડયું જાળમાં મચ્છ જે, અતી તરફડે તેહ;
મિત્ર વિના પ્રેમી તણો, તેમ તરફડે દેહ. ૮૦૭
પ્રેમ રૂપી મદિરા વડે, છેક છકેલો જેહ;
પ્રેમી દર્શન કારણે, ફરે બ્હાવરો તેહ. ૮૦૮
જળ સુકયા પછી માછલું, જીવે જેવી રીત;
તેવી રીતે વિરહિની, જાણો ગતી ખચીત. ૮૦૯
અંગ ઉમંગ રહે નહીં, ન રહે કઇએ હોશ;
વિરહ થતાં પ્રેમી મુખે, અતી પડે છે સોષ. ૮૧૦
પ્રેમીના ગુણની ગ્રહે, માળા નિજ કરમાંહ્ય;
અર્પે છે તે અંજળી, ચિત ચોડીને ત્યાંય. ૮૧૧
સૂર્ય વિના ચકવો અને, બાગ વિના કોયેલ;
સરવર વિણનો હંસ જયમ, પ્રણયિ વિનાનું તેમ. ૮૧૨
પાંખ વિનાનું પક્ષિને, વૃક્ષ પત્ર વિણ જેમ;
મેઘ વિનાનો મયુર જયમ, પ્રણયિ વિનાનું તેમ. ૮૧૩
ચંદ્ર વિનાનો પક્ષ ને, ભ્રમર લતા વિણ જેમ;
પ્રણયી પ્રણયી વિણ રહે, માનો તેનું તેમ. ૮૧૪
ખરે બપૈયો સ્વાતિના, જળ વિણ તલખે જેમ;
પ્રણયી વિણ પ્રણયી તણી, દશા થાય છે તેમ. ૮૧૫
સતી સાધવી સ્ત્રી જુઓ, પતિ વિણ અતી પિડાય;
સત્ય પ્રતીતી વીહુંની, તેને પુરી થાય. ૮૧૬
પ્રયાણ થાતાં પ્રિય તણું, તનમાં પ્રગટે તાપ;
એ અવસરના દુઃખનું, નથી થતું કહિ માપ. ૮૧૭
ભક્ત પ્રહલાદ નૃસિંહને, વ્યાસ મુની જયમ વેદ;
ચંદ્ર જયોતને હ્રદયમાં, ધરે કુમુદ તજી ખેદ. ૮૧૮

પ્રેમીનું પ્રેમી ખરે, ધરે હૃદયમાં ધ્યાન;
પ્રસાદ મેળવિ પ્રેમિ જન, કરે સુધારસ પાન. ૮૧૯
ગજેંદ્ર ઘડિ ભુલે નહીં, શ્રીપતિ કેરૂ સ્મર્ણ;
પ્રેમી પ્રેમીનું કરે, તેમજ સદા વિવર્ણ. ૮૨૦
જેમ બપૈયો મેઘને, વિસરે નહીં લગાર;
હૃદયવાસિ વિસરે નહીં, પ્રેમીને નિરધાર. ૮૨૧
સ્વકિય પ્રેમ નવ હોય તો, સુખમય થાય ન લેશ;
દુખદાયક તે થઇ રહે, જન મન માંહિ હમેશ. ૮૨૨
વિચારિં યારી જોડવી, ખ્વારી કરે ખચીત;
સ્વપતિનકે સ્વપતી વિના, યારી નહીં ઉચીત. ૮૨૩
કંટક સમ જાણો તમે, પરનારી–નર પ્રીત;
બગડે બે સાચું ગણો, હણો નહીં નિજહીત. ૮૨૪
પ્રેમ સ્વતંત્ર સદાય છે, સ્વચ્છંદ તેની રીત;
નિર્મળ પ્રેમ ન હોય તો, આપે ફળ વિપરીત. ૮૨૫
સ્વકિય પ્રેમ સ્ત્રી પુરૂષનો, સુખકર શ્રેષ્ટ મનાય;
સ્વર્ગ સદનમાં પતિ પ્રિયા, આખર પો'ચી જાય. ૮૨૬
પ્રેમ તણા પ્રાબલ્યથી, કરે જનો વ્યભિચાર;
ખુવે સ્વર્ગ સુખ નફ્ટતે, પડે નર્ક મોંઝાર. ૮૨૭
સ્વારથથી પ્રીતી કરે, ગણાય નહિ એ પ્રીત;
સ્વારથિ જનની પ્રીતને, છે ધિક્કાર ખચીત. ૮૨૮
વિષય વાસના જે તણા, અંતરમાં વશિ હોય;
પ્રથક પ્રથક સ્થળ મન ભમે, સ્થીર ન રે'તાં જોય. ૮૨૯
વિષયી જનને પ્રેમની, કિંમત ન મળે લેશ;
તજે સજે જ્યાં મન ગમે, સમજે નહિ સુદેશ. ૮૩૦
પ્રેમ વૃષ્ટિ કરતાં જનો, કરતા નથી વિચાર;
સમુદ્રમાં વૃષ્ટી થતાં, શું છે હિતકર સાર. ૮૩૧

જે જેનું સંસ્કારથી, થયું અને વળિ થાય;
સીંચો તે સ્થળ પ્રેમ તો, અલભ્ય લાભ પમાય. ૮૩૨
ન્હોય પ્રેમનું બીજતો, અર્પી પ્રેમ પ્રસાદ;
બની બનાવો તેહને, લેવા અમુલખ સ્વાદ. ૮૩૩
કુસ્થળ-કુમારગ વીશે, જાતાં પ્રેમ પ્રવાહ;
લૌકિક પરલૌકિક સુખો, સહજ થાય છે નાશ. ૮૩૪
પ્રેમ પ્રથક સ્થળ નવ ઘટે, ઘટે એક સ્થળ માંહ્ય;
સિતા વિણુ શ્રી રામનું, મન નવ માન્યું ક્યાંય. ૮૩૫
પતિવ્રત પત્નિ વ્રત તણો, દેવા સદ્ઉપદેશ;
ચરિત્ર રામ સિતા તણું, માનો માનવિ એશ. ૮૩૬
ગણાય ગ્રાહક પ્રેમનું, આ અવનીમાં એક;
ટેક રહે નહિતો પછી, આખર બગડે છેક. ૮૩૭
કુદ્રષ્ટી દુર્યોધને, કરી કુપદી માંહ્ય;
કૌરવ કુળનો ક્ષય થયો, કારણ બિજું ન કાંય. ૮૩૮
સતિ સીતાપર રાવણે, કીધો કૂડ વિચાર;
ફળ પામ્યો વિપરિત ઘણું, નિર્ખો તે નિરધાર. ૮૩૯
કીચક શત બંધુ સહીત, પામેલો જે નાશ;
કારણ પરપત્ની તણું, કરે ખુવારી ખાસ. ૮૪૦
ઇંદ્રે ગૌતમ પત્નિનું, કીધુંતું વ્રત ભંગ;
પીડા પામ્યો પૂર્ણ તે, પડયાં શહસ્ત્રો ભંગ. ૮૪૧
ચંદ્ર કલંકિત જે થયો, કર્યું કૃત્ય વિપરીત;
વિપરિત વર્તો નહિ કદી, જો ચાહો જન હીત. ૮૪૨
મન રૂપી મકરંદ તે, ઉડે ચારે પાસ;
સ્વસ્થળ તજતાં તેહનો, થાયે સદ્યવિનાશ. ૮૪૩
બુદ્ધીની દોરી વડે, મન ખેંચી બંધાય;
પવનરૂપી છે મોહ જે, ચળે ન તેથિ જરાય. ૮૪૪
પ્રેમ વસ્તુને પાત્ર તો, એકથિ ન્હોય અધીક;

નિયમ નહીં સચવાય તો, કે'વાશે ધિક ધીક. ૮૪૫
પતી પત્ની વચે હશે, શુદ્ધ પ્રેમ પરિપૂર્ણ;
સ્વર્ગ તણું સુખ અનુભવે, રહે ન લગિરે ન્યુન. ૮૪૬
ઇંદ્રજીત પતિ સતિ જુઓ, સુલોચના સૌ શ્રેષ્ટ;
દંપતિ એવાં હોય તો, નડે ન દુખ કે નેષ્ટ. ૮૪૭
પતિનું પત્નીવૃત અને, સતિનું જેહ સતિત્વ;
અન્ય ધર્મ એ આગળે, પામે છે અસ્તિત્વ. ૮૪૮
અનેક આફત આવતાં, તજે ન સતિ નિજ ધર્મ.
ચરિત્ર સતિઓનાં જુઓ, જેનાં છે સત્કર્મ. ૮૪૯
રંભાથી રૂડી હશે, વસે ન નિજ મન માંહ્ય;
સ્વધર્મ કદિ ચૂકે નહીં, સ્વપતિ ન તજીને કયાંય. ૮૫૦
જીવ જીવારાથી અધિક, સ્વધર્મ શ્રેષ્ટ ગણાય;
રઘુવર ચુકયા નહિ જુઓ, મહિકાવતિની માંહ્ય. ૮૫૧
ભવ ભટકણ તરવા તણો, એકજ નકી ઉપાય;
પત્નીવૃત પતિવૃતતણો, ટેક ન કદી તજાય. ૮૫૨
સુર્ય કિરણ જયમ સૃષ્ટિનું, જળ સોષણ કરિ જાય;
અન્ય સ્થળેથી પ્રેમ ત્યમ, જોતાં આકર્ષાય. ૮૫૩
જેમ સુર્ય જળ સોષીને, સીંચે સૃષ્ટી માંહ્ય;
જગત સર્વ જીવતું રહે, રહે ન પીડા કાંય. ૮૫૪
જથો જમાવી પ્રેમનો, પ્રભુ પ્રત્યે અર્પાય;
સુધરે આ સંસારને, આખર મુક્તી થાય. ૮૫૫
જેવી જેની ભાવના, આપે ફળ તેવું જ;
ધરો ભાવના દુષ્ટતો, ફળ તેવું લેવું જ. ૮૫૬
ક્ષણભંગુર સૌ સૃષ્ટિ છે, નથી અવીચળ કાંય;
ચળિત વસ્તુપર પ્રેમથી, રહે શું નિશ્ચળ છાંય. ૮૫૭
સ્રી પુત્રાદીક સર્વ આ, ક્ષણભંગુર સંસાર;
પ્રેમ ધર્યાથી તેહમાં, નિકળે નહિ કંઇ સાર. ૮૫૮

સાર વસ્તુ શ્રી કૃષ્ણ છે, ધરો તેહમાં પ્રેમ;
રહે અવીચળ તે સદા, થશે નહીં અક્ષેમ. ૮૫૯
સ્નેહ દુઃખનું મૂળ છે, ઉકતી એ કે'વાય;
શ્રીવર સાથે સ્નેહ ત્યાં, મિથ્યા તેહ મનાય. ૮૬૦
ખૂટે કે તૂટે નહીં, રહે સદોદિત તેહ;
પ્રેમ ધરો તે ઉપરે, વરસે મીઠા મેહ. ૮૬૧
ધન્ય મિરાંના પ્રેમને, સાહ્યા શ્રી જગદીશ;
એથી અધિક ગણ્યું નહીં, અધિક સર્વથી ઈશ. ૮૬૨
સુવર્ણ બાદલુ તેહનો, રહે ન અવિચળ રંગ;
શ્રી હરી વિણ સૌ ચિજતે, જરૂર કરે મન ભંગ. ૮૬૩
પુરૂપત્ની કે પરપતી,-ઉપર જેવો પ્રેમ;
નિજપર તેવો હોય તો, સદા કરે તે ક્ષેમ. ૮૬૪
સુધરે આ સંસારને, લાયક કિર્તિ લખાય;
જય પામે જગમાં બધે, સાહ્યક શ્રીહરિ થાય. ૮૬૫
દીપે દંપતિ દીવ્ય તે, દેખે નહિ દુખ દ્રષ્ટ;
રહે ભલે સંસારમાં, પણ સ્વર્ગે તે સ્પષ્ટ. ૮૬૬
જેવો પ્રેમ પ્રિયા પરે, કે પતી ઉપર હોય;
તેવો પ્રભુપર હોય તો, અન્ય કશું નવ જોય. ૮૬૭
સાચી ભક્તી હરિ તણી, સાચો તેહ સબંધ;
વૃથા તે વિના માનવું, પીડે જે પ્રતિબંધ. ૮૬૮
ભવ ભટકણમાં ભટકતાં, આ જીવ બહુ અથડાય;
શ્રી હરિ તણા સબંધથી, શાન્તિ પ્રશાન્તી થાય. ૮૬૯
પળ પળ પલટે રંગ ત્યાં, ધરવો શું ઉછરંગ;
પલટે નહિ પ્રભુજી કદી, કરવો તેનો સંગ. ૮૭૦
શક્તિવાન નથિ સૃષ્ટિમાં, તેના જેવું કોય;
અશક્ત શું ઉકાળશે, અશક્તમાં શું મોહ્ય. ૮૭૧
ઇચ્છા અંતરમાં થતાં, આવી ભેટે તેહ;

જગદિશ્વર સમરથ જુઓ, દેતો નથિ કદિ છેહ. ૮૭૨
પ્રીતી પ્રભુ પ્રવિણથી, કરતાં સૌ પોષાય;
અંતરની અરજી જુઓ, એનાથી ઓલાય. ૮૭૩
મન મધુકર હરિ કમળમાં, પ્રીતે જો પુરાય;
વસે વાસ તે સ્થળ વિશે, ખસે ન ત્યાંથિ જરાય. ૮૭૪
એક એકથી અધિકની, ઇચ્છા મનને થાય;
શ્રી હરિ સૌથિ અધિક છે, અતૃપ્તિ તેથિ જાય. ૮૭૫
અન્ય તણા જે સ્નેહ તે, ગાળે બાળે દેહ;
સ્નેહ શ્રી હરી સાથનો, સુખમય નહિ સંદેહ. ૮૭૬
હોય પ્રભૂપર પ્રેમ તો, પીડા સઘળી જાય;
શ્રીવર વીસારે નહીં, સાથે રહે સદાય. ૮૭૭
બદલાયે મન માનવી, બદલાયે નહિ નાથ;
છોડે નહિ છેવટ લગી, પકડે જો પ્રભુ હાથ. ૮૭૮
વસે વિઠ્ઠલો ઘટ વિશે, તજે નહીં ઘડિવાર;
મૂકી એને અન્યથી, કરવો ન ઘટે પ્યાર. ૮૭૯
આવ્યો સાથે એ અને, આવે સાથે એહ;
સાચો સાથી એ દિસે, ભુલિ જાઓ કયમ તેહ. ૮૮૦
અન્ય આંગણા લગી સગાં, કે કદિ સરિતા તીર;
તજી જાય છે તે પછી, તજે નહીં બળવીર. ૮૮૧
પ્રથક પ્રથક સાથે થશે, જન્મે જન્મ સબંધ;
ભાળો નહિ તે તે ફરી, લુબ્ધ બનો શું અંધ. ૮૮૨
ભાળો ભૂધર સર્વદા, અને સર્વથા એક;
સાચો તેહ સબંધ છે, જેનો એકજ ટેક. ૮૮૩
તજો ઉપાધી વીશ્વની, ભજો એક અવિનાશ;
આખરનો એ બેલિ છે, ધરો હૃદય વિશ્વાસ. ૮૮૪
દ્વૈત ભાવ તજી હરિ વિશે, ચોટાડો જો ચીત;
તન્મય થાતાં તેહમાં, ટળે ઉપાધિ ખચીત. ૮૮૫

જન્મ મરણુ ફેરો ટળે, મળે અતુલીત લ્હાવ;
મળયો મનુષ્યનો જન્મ તો, ખોવો નહિ આ દાવ.૮૮૬
જન્મ મરણને ટાળવા, મળે મનુષ્ય અવતાર;
એક તાર રો' વિષયમાં, તો નવ આવે પાર. ૮૮૭
વૃત્તી ખેંચી વિષયથી, વિભૂમાં વૃત્તિ જાય;
રહે શું ખામી તે પછી, પ્રગટ જ્યોત પ્રકટાય. ૮૮૮
પ્રગટ થાય જ્યાં જ્યોત ત્યાં, રહે તિમિર નવ લેશ;
પરમ તત્વ પદ પામિને, સ્થીર સ્થળરે' હમેશ. ૮૮૯
પરમતત્વ પ્રભુ એક છે, તે વિણુ મિથ્યા સર્વ;
મિથ્થામાં મો' શું ધરો, રાખી અદકો ગર્વ. ૮૯૦
ચિંતામણિ-મણિ ખોઇને, ધરો કાચમાં પ્રીત;
સ્વરૂપ શુભ સમજો નહીં, એજ ખરૂં વિપરીત. ૮૯૧
સો ટચનું સોનું તજી, પીતળથી લલચાય;
કીંમત કોડીની થતાં, આખર તે પસ્તાય. ૮૯૨
ભરો ધુવાનો બાચકો, આવે નહિ કંઇ હાથ;
માયા તેવી જાણવી, સાચા એક શ્રી નાથ. ૮૯૩
જોઇ ઝાંઝવાં દૂરથી, જળની રાખો આશ;
પીવા દોડો પ્રેમથી (પણ) થાઓ નકી નિરાશ. ૮૯૪
અસાર આ સંસાર છે, અતિશે તેનો ભાર;
સાર-સત્ય છે શ્રી હરી, તે વિણ ખોટું ધાર. ૮૯૫
જન મન તેમાં જોડતાં, પડાય તેથી પાર;
હરી નામથી -હ્રદયમાં, લાગે નહિ કંઈ ભાર. ૮૯૬
શ્રી હરિનું શરણું મળે, ટળે સર્વ પરિતાપ;
અમર-અજર અવિનાશિછે, શ્રીહરી ગુણ અમાપ. ૮૯૭
-હ્રદય પ્રેમ તેના વિના, સીંચો તે સો વ્યર્થ;
સીંચો શ્રીહરિ ચરણમાં, સિદ્ધ થાય સો અર્થ. ૮૯૮
હરિહર હરદમ -હ્રદયમાં, હેત સમેત રખાય;

વિધ વિટંમણા નવ નડે, સફળ જન્મ આ થાય. ૯૯૯
હરિ રૂપિ સ્વાતી બીંદુ જો, -હૃદય સીપ ઝીલેજ;
મોતી સાચું નીવડે, અમુલ્ય તેહ થશેજ. ૯૦૦

રહસ્ય.

આ આર્ય દેશ તણિ ઉત્તમતા અતી છે,
પ્રાચીનથી જનનિ ધર્મ વિશે ગતી છે;
વિદ્યા સ્મૃત્રી બધિય આર્ય ગૃહે રહી છે,
સદ્ધર્મ કર્મ વળી જ્ઞાન વિભૂતિમાં છે. ૧
નિવૃત્તિ સૂખ તણિ આર્ય દિલે અપેક્ષા,
પ્રવૃત્તિ દુઃખ અતિ આપતિ એજ શીક્ષા;
ઉત્કર્ષ મોક્ષ પદમાં મન આર્ય માને,
ઉત્કૃષ્ટ એજ અભિલાષ સદૈવ ધ્યાને. ૨
એશ્વર્ય ઈશ્વરતણું સહુ કાર્ય માંહી,
તેના વિના ત્રિભુવને નથિ ખાલિ કયાંઈ;
સીદ્ધાંત એ સરલ આર્ય તણો સદાનો,
ત્યાં પાપનો પછિથિ થાય પ્રસાર શાનો. ૩
થાયે પ્રસાર તદિ જન્મ પ્રભૂ ધરે છે,
સંતાપ સાધુજનના તનના હરે છે;
રૂડાં ચરિત્ર અતિ બોધક તે બતાવી,
રાખે સુરીત સુખકારિ વિચારિ અહાવી. ૪
ઉદ્દેશ એ ધરિ પ્રભૂ ફરિ જન્મ લેતા,
માયાવિ રૂપથિ અનૂપ સુલાભ દેતા;
દર્શાવતો પ્રભુ લિલા કરિને વિહારો,
શક્તી સમર્થ હરિ હીત તણા વિચારો. ૫
ભૂલે જનો ખચિત હીત તણી સુશિક્ષા,
ચાલે નહીં નિયમ માંહિ કરી નિરીક્ષા;

આધુનિકે અધમ સ્થીતિ થઇજ તેથી,
જાણે નહીં જન મને સુખિ થાય શાથી. ૬
સીતા સતી પતિ જુઓ વળિ રાઘવેંદ્ર
નિર્ખો પ્રિયા પ્રિતમ પ્રેમ તણો સુકેંદ્ર;
થાશે નહીં નથિ થયાં પતિ પત્નિ એવાં,
એવાં થયા વિણ કહો સુખિ થાય કેવાં? ૭
કષ્ટો પડે ચળિત થાય ન સત્યવાદી,
જોડી જડાયલિ રહે સુખમાં અનાદી;
ચૂકે નહીંજ નિજ ધર્મ પતી પ્રિયાનો,
આનંદમાં વિહરતાં પતિ પત્નિ માનો. ૮
જેનું પ્રભાત મહિ સ્મર્ણથિ સુખ થાયે,
એવો પ્રતાપ સતિ સાધ્વિનો સદાયે;
પૂર્વે થએલી ભૂ ભૂપણ ભામિનીઓ,
જેના સતિત્વનિ પ્રકાશિ હતી પ્રભાઓ. ૯
દાંપત્ય ઐક્ય સુખકારિ હતું સહુમાં;
વૃદ્ધી થતી સુમતિને વળી સુકૃતીમાં;
સંસાર અબ્ધિ તરિ તારિ સજોડ સ્નેહે,
સ્વર્ગે સિધાવિ નરનારિ વસે સ્વદેહે. ૧૦
લગ્નો થતાં વળિ જુઓ સ્વેચ્છાનુસારે,
જોડાતિ જોડ મહિ ખામિ નહીં લગારે,
સીંચી સુધા પ્રણય પાત્ર બની બનાવે;
તેમાં વિરોધ કયમ દ્રષ્ટ જરાય આવે. ૧૧
માતા પિતા સુઘડ પ્રેમિ રસીક હોયે;
તેની પ્રજા પુરણ તેવિ બનેલ જોયે;
સુધારી સારિ રિત ખાંત થકી ખિલાવે,
વિદ્યાસુધા પુરણ પ્રેમ વડેજ પાવે. ૧૨
લગ્નો કરે ઘટિત ઉંમર થાય જ્યારે,

તેમાં લગાર દુખ કેમ જનો નિહાળે;
વિદ્યા વિભૂષીત થતાં વિઘ્નો નડેના,
કુમાર્ગમાં નિજજનિ વૃત્તિ જરા ખસેના. ૧૩
માને સ્ત્રિઓ સ્વપતિ પૂર્ણ પ્રભૂ સમાન,
સ્ત્રીને ગણે પુરૂષ આપ તણોજ પ્રાણ;
ચાલે સુ સંપથિ સદા કુળને દિપાવે;
દ્રષ્ટાંત રૂપ જનના મન માંહિ ભાવે. ૧૪
ચુકે નહીં નિતિ તથા નિયમો લગારે,
મુકે નહીં કુળનિ ટેક-વિવેક ક્યારે;
રૂડી થતી નિજનિ સંતતિ તેહ ટાણે,
માતા પિતા સરસ શિક્ષણ આપિ જાણે. ૧૫
બાળાપણે લગન તે ન કરે કદાપી,
લગ્નો કરે જરૂર જોડ સમાન માપી;
રે'તો હતો અચળ પ્રેમ પતી પ્રિયાનો,
કંકાસ વાસ લગિરે પછિ થાય શાનો. ૧૬
લગ્નો સમે સતત્ જેહ થતી પ્રતિજ્ઞા,
પાળે વિચારિ જન સર્વ તજે ન પજ્ઞા;
હા ! હા ! ગયું નથિ રહ્યું એ કાંઇ આજે,
તેથી જુઓ દુખદ સ્થિતિ ઘણી થઈ છે. ૧૭
દીસે નહીં લગિર પ્રેમ પતી પ્રિયામાં,
જોની અનર્થ કરતાં ભુલિ ધર્મ ભ્રુમાં;
સિંચે ખચીત જન પ્રેમ અરે કુસ્થાને,
સાંચે નહીં ધરમ લક્ષ્મિ વિચારિ જ્ઞાને. ૧૮
વર્તે વિલક્ષણ રિતે વ્યભિચાર ભાવે,
ધિક્કાર પાત્ર જન મંડળમાં ગણાયે;
સાફલ્ય થાય નહિ જન્મ મનુષ્ય ધારી,
સત્કીર્તિને વિભુતિ થાય બધીય ન્યારી. ૧૯

છે તત્વનું સરસ તત્વ સ્વધર્મ સાચો,
વીચારિને વિચરવાનિ કૃતી-સુ વાંચો;
નિશ્ચે ધરો ધરમ મારગ માંહિ વૃત્તી,
તેના વિનાં અપર સ્થાન નથી નિવૃત્તી. ૨૦
ધર્મેધરા અડગ ઉભિ રહી અહીંઆ,
ધર્મે સમુદ્ર મરિયાદ કદી તજે ના;
ધર્મ વૃષાદ થઇ તાપ બધો નિવારે;
એ ધર્મના લયથિ કોણ પછી ઉગારે. ૨૧
જો ધર્મનું જરૂર રક્ષણ થાય રૂડું,
તોતો નડે નહિજ કારણ કાંઈ કૂડું;
ઉત્કર્ષ થાય અતિ આર્ય તનુંજ કેરો,
છે જો પ્રતાપ અતિ ધર્મ તણો ઘણેરો. ૨૨
રક્ષા રૂડી ધરમ કેરિ કરી શ્રી રામે,
એ રામ નામ થકી પાપ સૌ વિરામે;
ચુકયો નહીં ધરમરાય બળી લગારે,
પામ્યો અભેપદ નિહાળિ જુઓનિ ત્યારે. ૨૩
પાળ્યો સુધર્મ હરિચંદ્ર ભુનાક ભૂપે,
વેઠી વિપત્તિ અતિ તોય રહ્યો અનૂપે;
કે'વાય છે જરૂર માનવિ સત્યવાદી,
એથી નથી અધિક કાંઇ વિશેષ બાકી. ૨૪
પાળો સ્વધર્મ વળિ સત્ય થકીજ ચાલો,
નીતી વિશે પ્રિતિથિ માનવિ સર્વ મ્હાલો;
સુખે અનૂભવિ ભવાબ્ધિથિ પાર પામો,
મોતી તમે જીવન મુકત થઇ વિરામો. ૨૫

સમાપ્ત.

જાહેર ખબર.

નિચે લખેલાં પુસ્તકો ખરિદ કરવા જેઓની ઇચ્છા હોય તેમણે નીચે સહી કરનારને લખવું.

મરકીની વિટંબણા ને હીંદની હાલત—આ પુસ્તક મરકીની વીટંબણાનો આબેહુબ ચિતાર બનાવનારૂં છે. મૂલ્ય ફક્ત એક આનો પોસ્ટેજ જૂદૂ.

ટોળક બંધુઓને વિજ્ઞાપના—આ પુસ્તક ફક્ત અર્ધોઆનો પોસ્ટેજ મોકલનારને વિના મૂલ્યે આપવામાં આવશે.

પ્રેમશતસહી.—આ પુસ્તક પોસ્ટેજ સહિત દશઆના મોકલી આપ્યાથી અથવા વી. પી. મંગાવ્યાથી મોકલવામાં આવશે.

ગૃહિણી જ્ઞાનતત્વ—સ્ત્રી વર્ગને અત્યુપયોગી અણુમોલ પુસ્તક તૈયાર થાયછે જેના અગાઉથી ગ્રાહક થશે તો મૂલ્ય રૂપીઓ એક, અને પાછળથી રૂપીયો દોઢ લેવામાં આવશે. પોસ્ટેજ જૂદૂ. ગ્રાહક થવાની ઇચ્છા રાખનારાઓએ તારીખ. ૧ લી જાનેવારી સને ૧૯૦૦ સુધીમાં પોતાનાં નામ નોંધાવવાં.

સુભાષીત રત્નમાલા—ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચારેની પ્રાપ્તી કરાવે તેવું પુસ્તક તારીખ. ૩૧ મી અકટોમ્બર સને ૧૮૯૯ સુધીમાં મંગાવનારને મૂલ્ય છ આના લઇ આપવામાં આવશે. પોષ્ટેજ એક આનો જૂદૂ.

કુસુમગુચ્છ—આ પુસ્તક શૃંગાર રસથી ભરપૂર છે, રસિક વાચકોને તેનું અનેકવાર આવર્તન કર્યા છતાં અભિરૂચીમાં ન્યુનતા થાય તેમ નથી. મૂલ્ય ચાર આના પોસ્ટેજ એક આનો જૂદૂ. **મોતીલાલ છોટાલાલ વ્યાસ.ઉમરેઠવાળા.**

અમારાં પુસ્તકો નિચે લખેલે ઠેકાણેથી મળી શકશે.

રાજકોટ સીવીલ સ્ટેશન—રા. રા. ગીરજાશંકર રામકૃષ્ણ ઠાકર પાસેથી.

રાજકોટસીટી—રા.રા. હરખચંદ રઘુનાથજી "ધી યુનિયન" પ્રેસના મેનેજર અને માલીક પાસેથી તેમ કર્ત્તા પાસેથી.

ભાવનગર બંદર—રા. રા. વૃજલાલ ઉમેદરામ પંડ્યા. ઠે. માણેકજીની વાડી તથા જોશી ગવરીશંકર કાશીરામ ભગાના તળાવમાં.

અમદાવાદ—વિજય પ્રવર્તક પ્રેસની ઓફીસમાંથી.

જામનગર—રા. રા. ઠાકોરલાલ મીઠનલાલ દેશાઇ. હાઇસ્કુલ

મુંબઇ—પંડિત જેઠારામ મુકુંદજી કાલબાદેવી રોડ.

ઉમરેઠ—રા. ચુનીલાલ ત્રંબકરામ પંડયા. આ. માસ્તર.

ઠાસરા—રા. રા. હરિલાલ નૃસિંહરામ વ્યાસ. સ્કુલ માસ્તર.

ઉપર લખેલાં ઠેકાણેથી મળશે. નોટપેટ પત્ર લેવામાં આવશે નહીં.

તા. ૨૬–૯–૯૫ }
રાજકોટ—પરા. }
મોતીલાલ છોટાલાલ વ્યાસ.
ઉમરેઠ–વાળા.

☞ "કાયદાના મુખ્ય નિયમો સબંધી ભાષણો"

રાજકોટ રાજકુમાર કોલેજમાં અભ્યાસ કર્તા રાજ્યકર્તાઓ સમક્ષ મી. ગુલામ મહમદ બાવામીયાં મુનશી. બારીષ્ટર–એટ્–લો એ અંગ્રેજીમાં આપેલાં ઉત્કૃષ્ટ ભાષણો પૈકી ૨૪ ભાષણોના ગુજરાતી ભાષાન્તરનું પુસ્તક રાજા પ્રજા સર્વને અતિ ઉપયોગી છે. પુસ્તક ઘણું કિમતી છતાં વાંચક વર્ગને વધારે લાભ મળે તેટલા માટે પુસ્તકના પ્રમાણમાં કીમત જુજ રાખી છે, ગ્રાહકોએ નિચે સહિ કરનારને લખી આ પુસ્તક મંગાવવું. મૂલ્ય રૂપીઓ એક, પોષ્ટેજ જુદુ.

ઠે. રાજકોટ સીવીલ સ્ટેશન.

મી. ગુલામ મહમદ
મુનશી,
બારીસ્ટર-એટ-લાની ઑફીસ. }

શેવક.
રઘુરામ સાંકળચંદ શાહ.